Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ માર્ચ, ૨૦૨૪
Published on - 01 March, 2024

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ પટેલ
Editor-Dr. Prabhudas I Patel



# મહાશિવરાત્રિ

नमस्ते भगवान रुद्ध भास्करामित तेजसे ।
नमो भवाय देवाय रसायाम्बुमयात्मने ॥

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃધ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.


Mayflower
WOMEN'S HOSPITAL
The Cradle of Care
ENDOMETRIOSIS CLINIC
INFERTILITY AND ART CLINIC
OBSTETRICS/GYNECOLOGY
FETAL MEDICINE
GI SURGERY
COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY
ANESTHESIA
RADIOLOGY
PEDIATRICS & NEONATAL CARE
DR. SANJAY PATEL
M.D. Diploma Endoscopy (Germany) Endometriosis & Gynaec Onco surgeon Director
DR. SMEET PATEL
MBBS, MS, OBGYN Endometriosis & Gynaec Onco surgeon Director
DR. JAYA PATEL
MBBS, DGO Consultant Obstetrician & Gynaecologist
DR. RAVINA PATEL
MBBS, DGO Consultant Obstetrician & Gynaecologist
+91-9898036701
hello@mayflowerhospital.com
+91-79-27495001/02/03
"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**માર્ચ ૦૧, ૨૦૨૪**
**વર્ષ :** ૦૨, **અંક :** ૧૧
**સળંગ અંક : ૨૩**
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**March 01, 2024**
**Year :** 02, **Ank :** 11
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel





**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**







પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:** / **Editor Board :**
ડો. હર્ષદ પટેલ — Dr. Harshad Patel
ડો. અશોક પટેલ — Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ — Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ — Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $



**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222



**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમણિકા


| ક્રમ | લેખકનું નામ | લેખનું નામ | પેજ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી ભાણદેવજી | ભગવતી ઉમાદેવી | ૦૬ |
| ૨. | શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલ | વેદોનો દિવ્ય સંદેશ | ૦૯ |
| ૩. | ડો. પ્રભુદાસ પટેલ | શ્રી રામચરિત માનસ કથાસાર | ૧૦ |
| ૪. | પ્રો. ડો.જે.એમ. પનારા | અયોધ્યામાં રામમંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ | ૧૧ |
| ૫. | શ્રી હીરાભાઈ ઠક્કર | સમષ્ટિના કલ્યાણ માટે કરેલાં કર્મો | ૧૩ |
| ૬. | ડો. ભાવેશ જેતપરિયા | ભય એટલે માણસની પામરતા | ૧૫ |
| ૭. | શ્રી ટોમસ જેફરસન | બગીચો પૃથ્વીની સંસ્કૃતિ | ૧૬ |
| ૮. | પ્રા. ડો. હર્ષદેવ માધવ | સભા - સભાસદો - સભાપતિ | ૧૭ |
| ૯. | શ્રી મહેન્દ્ર પટેલ | એકાગ્રતા | ૧૯ |
| ૧૦. | શ્રી ગ્લોરિયા સ્ટેઈનામ | સ્ત્રીઓ-પુરુષો માટે પ્રથમ પ્રશ્ન ભણવાનો નથી, પણ ભણેલું - ભૂલવાનો છે | ૨૦ |
| ૧૧. | શ્રી પ્રેરણા પટેલ | સુખ-દુઃખના પાટા વચ્ચે જીવનગાડી | ૨૧ |
| ૧૨. | શ્રી રજની પટેલ | અમારા ઉપવનનાં વૃક્ષો | ૨૩ |
| ૧૩. | શ્રી મહેન્દ્ર પટેલ | નારી શક્તિ મહાન | ૨૫ |
| ૧૪. | શ્રી અંબાલાલ પટેલ | જીજાબાઈની રાષ્ટ્રભક્તિ પ્રભુને ગમે | ૨૭ |
| ૧૫. | શ્રી બંસીલાલ શાહ | જીવનું શિવ તરફ પ્રયાણ એટલે મહાશિવરાત્રી | ૨૯ |
| ૧૬. | પ્રો. ડો.જે.એમ. પનારા | હોળી - ધૂળેટી | ૩૦ |
| ૧૭. | ડો. વિજય મનુ પટેલ | સંબંધોમાં વધતું ભંગાણ : દોષિત કોણ ? | ૩૨ |
| ૧૮. | ડો. કુમારપાળ દેસાઈ | માઉન્ટ એવરેસ્ટ ! તને પરાજિત કર્યા વિના જંપીશ નહીં ! | ૩૫ |
| ૧૯. | શ્રી ગુણવંત શાહ | ઘડપણ સડવા માટે નથી | ૩૮ |
| ૨૦. | ડો. ભગીરથ પટેલ | વાદળીઓ વરસોને ! | ૩૯ |
| ૨૧. | શ્રી શૈલેષભાઈ પટેલ | પ્રવૃત્તિ અહેવાલ | ૪૧ |
| ૨૨. | ડો. રૂપલબેન પટેલ | સમાચાર | ૪૫ |
| ૨૩. | શ્રી દેવાંગભાઈ દવે | આઈ.એ.એસ. એકેડેમી | ૪૭ |
| ૨૪. | શ્રી કનુભાઈ પટેલ | ક્વોલિટી મેનેજમેન્ટ સીસ્ટમ | ૪૮ |


⌘ ⌘ ⌘


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

## તંત્રીલેખ



પ્રો. ડો. જે. એમ. પનારા

# ડો. પ્રભુદાસ પટેલ - એક વિચારધારા

કેટલાંક લોકોનું વ્યક્તિત્ત્વ જ એટલું ઉજળું, સુગંધીદાર અને પ્રકાશમય હોય છે કે એ એક આગવી વિચારધારાનું ઉદ્ગમ સ્થાન બની જાય છે. સુપ્રસિદ્ધ ઉક્તિ 'देवायतं कुले जन्म, मदायतं तु पौरुषम् ' નેપોતાનું ધ્યેય બનાવીને કઠોર પરિશ્રમ, પ્રમાણિકતા અને વિદ્યાસાધના થકી ડૉ. પ્રભુદાસભાઈ પટેલ શિક્ષણ અને સમાજ જીવનનું ગૌરવ શિખર બન્યા છે.

એક સમર્પિત શિક્ષણકાર અને વિદ્યાનગર હાઈસ્કૂલના નિષ્ઠાવાન આચાર્ય તરીકે રાજ્ય સરકાર તથા ભારત સરકાર દ્વારા તેઓ સન્માનિત થયેલ છે. હાલ આ હાઈસ્કૂલના ટ્રસ્ટી તરીકે તેઓ સેવારત છે. તેમનું વાવેલું વિશ્વભરમાં વિસ્તર્યું છે. સમાજના અનેક ડૉક્ટર્સ, એન્જીનીયર્સ, રમતવીરો, નાટ્યકારો, લેખકો, નૃત્યકારો, તથા ઉદ્યોગપતિઓ તેમની નિપજ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના મુખપત્ર માસિક " ઉમિયા જ્યોત" ની શરૂઆત (મે-૨૦૧૨) થી તેના ચીફ એડીટર પદે રહી ૧૦૦ થી વધારે અંકો પ્રગટ કર્યા છે. તેમની સફળ કારકીર્દિને ધ્યાને લઈ ગુજરાતના મહામહીમ રાજ્યપાલશ્રીએ G.P.S.C. માં ૬ વર્ષ માટે તેમની નિયુક્તિ કરી હતી જે પોતાના કાર્ય દ્વારા તેમણે યથાર્થ ઠેરવી હતી.

ગુજરાતના આધ્યાત્મિક કવિ શ્રી મકરંદ દવે ઉપર શોધ નિબંધ "મકરંદ દવે એક અધ્યયન' લખી પીએચ.ડી.ની. ઉચ્ચ પદવી મેળવી હતી. આ શોધ - નિબંધ ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## નિવૃત્તિ વેળાએ



ડો. પ્રભુદાસભાઈ પટેલ

નિવૃત્તિ બાદ અત્યારે તેઓ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટી, પ્રકાશન સમિતિના ચેરમેન અને ટેમ્પલ કમિટીના કો-ચેરમેન તરીકેની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યાં છે. આ સંસ્થાના માસિક મુખપત્ર "ઉમાસૃષ્ટિ" ના મેનેજીંગ એડીટર તરીકે શરૂઆતથી જ સેવા આપી રહ્યાં છે. એક અદ્ભૂત સામયિકના સર્જક તરીકે ડૉ. પ્રભુદાસ પટેલ ઉભરી આવ્યા છે. ધર્મ, અધ્યાત્મ અને રાષ્ટ્રભાવનાના રંગે રંગાયેલા ડૉ. પ્રભુદાસ પટેલ હૃદયની સર્જરીને કારણે ઉદ્ભવેલી કેટલીક શારીરિક મર્યાદાઓને કારણે હાલ સેવા મુક્ત થયેલ છે. માન. પ્રમુખશ્રી સાથે વિચાર - વિમર્શ કરી મને આ જવાબદારીઓ વહન કરવા માટે સુપ્રત કરી છે. તેમના સ્વપ્નને મૂર્તિમંત કરવા હું યથાશક્તિ પ્રયત્ન કરીશ.

ડૉ. પ્રભુદાસભાઈ પટેલે આપેલી સેવાઓ માટે સંસ્થા ગૌરવ અનુભવે છે અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી તેઓના નિરામય દીર્ઘાયુ માટે જગતજનની મા ઉમિયાના માતાજીના ચરણોમાં પ્રાર્થના કરે છે.

**પ્રો. ડો. જે. એમ. પનારા**
તંત્રી

## પ્રમુખશ્રીની કલમે

# UPSC તથા Defence જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગુજરાતીઓનું ઉદાસીન વલણ



### શું તમે માનો છો કે આ સેવાઓ માટે ગુજરાતી લાયક નથી ?

જો તમે એવું માનતા હોય તો તમે ખોટા છો. સત્ય કંઈક જુદું જ છે.

આજે શેર માર્કેટ કેટલું આગળ વધશે, શેરના ભાવમાં સર્કીટ વાગશે કે કેમ? ધંધામાં વધુમાં વધુ નફો કેવી રીતે થઈ શકે વિગેરે બાબતોની દિનભર ચર્ચા કરતો સમાજ એટલે ગુજરાતી સમાજ.

તારીખ : ૧ મે ૧૯૬૦ ના રોજ ગુજરાત મહારાષ્ટ્રમાંથી અલગ રાજ્ય બન્યું ત્યારથી જો સનદી અધિકારી ગુજરાતે કેટલા આપ્યા છે તેનો આંકડો જોઈએ તો આપણને સ્વાભાવિક પણે અફસોસ થાય કે આટલા જ કેમ ? પરંતુ, એવું માનવાને કોઈ કારણ નથી કે ગુજરાતી પ્રજામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટેનું કોઈ ખમીર નથી. પરંતુ હજુ સુધી કેન્દ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે ગુજરાતીઓ ગંભીર નથી. કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને મહેનત કરવાની ગંભીરતા નથી તેમજ આ બાબતે સંપૂર્ણ જાણકારી પણ નથી અથવા એમ પણ કહી શકાય કે જાણકારી લાવવાની ઈચ્છાશક્તિનો અભાવ છે.

### જો ગુજરાતી છો તો તમને પણ આવો અનુભવ ચોક્કસ થયો હશે ?

આર્મી, નેવી અને એરફોર્સના અધિકારીઓને તેમની લાલબત્તી વાળી ગાડીમાં જતા જ્યારે જોઈએ ત્યારે તેમની વર્દી, સ્ટાઈલ અને મોભો જોઈને એકવાર તો ચોક્કસ ઈચ્છા થાય કે મારે પણ આવા અધિકારી બનવું છે. પરંતુ ત્યારે કાંતો સમય નીકળી ગયો હોય અથવા કઠોર પરિશ્રમ કરવાની માનસિકતા ન હોય. કમ્બાઇન ડિફેન્સ સર્વિસ તેમજ નેશનલ ડિફેન્સ એકેડેમીમાં તાલીમ લેવા માટેની પ્રવેશ પરીક્ષાઓ ચોક્કસ વય મર્યાદામાં આપવાની હોય છે. પરંતુ પૂરતી જાણકારીના અભાવે સમય જતો રહ્યા પછી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ અફસોસ કરતા હોય છે. અહી મને કહેવત યાદ આવે છે કે રાંડ્યા પછીનું ડહાપણ કોઈ કામનું નથી. કોઈ યુવાન કદાચ તેના પરિવારમાં ડિફેન્સમાં જોડાવાની વાત કરે ત્યારે પરિવારના સભ્યો તરફથી એવો જવાબ મળે કે....

- બોર્ડર પર તારે ના જવાય? એ આપણું કામ નથી.
- ભાઈ, તું તારા ધંધામાં ધ્યાન આપ ને.
- ભાઈ, આ બધું તારું કામ નહીં.
- બાજુના ગામમાંથી એક છોકરો આર્મીમાં ગયેલો પરંતુ પાછો આવી ગયો.

અને આ પ્રકારની નકારાત્મકતા ભરી વાતો સાંભળી તેનું મનોબળ તૂટી જાય છે. હવે, પરિવાર અને સમાજમાં આ પ્રકારની વાતો એક ફેશન બનતી જાય છે અને આ જ કારણ છે કે ગુજરાતીઓની પોતાની એક પણ રેજીમેન્ટ નથી.

મને એમ લાગે છે કે, જાણે - અજાણે આપણે કેન્દ્રીય સ્પર્ધાત્મક પરીક્ષાઓની મહત્તા અને મોભા બાબતે આપણે અભણ છીએ. આ પ્રકારની પરીક્ષાઓની પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવા આપણે માનસિક રીતે ટેવાયા નથી. કારણ કે...

ડિફેન્સમાં નોકરી કરવી તેનો મતલબ કોઈ વ્યક્તિને મારી નાખવો કે પીડા આપવી એમ નથી, પરંતુ દુશ્મનોની સામે રાષ્ટ્રભાવના સાથે રાષ્ટ્રનો બચાવ કરવો એવો થાય છે. તેના માટે તન અને મનથી સમર્પિત હોય તેવા ઓફિસર્સ અને જવાનો દેશ માટે હર હંમેશ તત્પર રહેતા હોય છે. આ જ રાષ્ટ્રભાવના દરેક ગુજરાતીમાં છે જ પરંતુ તેને ચોક્કસ દિશા આપવાની જરૂર છે. વ્યાપારી પ્રજા તરીકે ગુજરાતીઓની આગવી ઓળખ છે તે ખૂબ સારી વાત છે, પરંતુ આપણી ગણતરી ફક્ત વેપારી કોમ તરીકે થાય તે સહેજપણ યોગ્ય નથી. પરંતુ હકીકત એ પણ છે કે, આર્મી, નેવી તથા એરફોર્સમાં ગુજરાતીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે.

ડિફેન્સમાં ગુજરાતીઓની ઉદાસીનતા એટલી હદે છે કે ડિફેન્સના એક મોટા અધિકારીએ પોતાની વાત કરતા જણાવ્યું કે,

આપ ગુજરાતી કભી બોર્ડર યા આર્મી મેં તો દીખાઈ હી નહી દેતે.

શું તમને એક ગુજરાતી તરીકે નથી લાગતું કે આ ઉદાસીન વલણ બદલવાનો સમય આવી ગયો છે ?

# પ્રમુખશ્રીની કલમે

યાદ રાખજો...

તમારો એક વિચાર-જાણકારી-સહયોગ પણ ભવિષ્યમાં આઈ.એ.એસ, આઈ.પી.એસ તથા ડિફેન્સમાં ગુજરાતીઓની સંખ્યા વધારવામાં મહત્ત્વનું કદમ સાબિત થઈ શકે તેમ છે.

## સરકાર દ્વારા યુ.પી.એસ.સીની પરીક્ષા માટે સ્પીપાની સ્થાપના :

સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) જેની સ્થાપના ૧૯૬૨ માં થઈ હતી. લગભગ ૧૯૯૦ બાદ સરકારશ્રી દ્વારા લેવાયેલ મહત્વપૂર્ણ પગલાંના ભાગરૂપે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરનાર યુ.પી.એસ.સી ના વિદ્યાર્થીઓ અહીં તાલીમ મેળવી સફળતા મેળવી શકે તે માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. પરંતુ સમયાંતરે સ્પીપાના અધિકારીઓની ઉદાસીનતાએ ગુજરાતી વિદ્યાર્થીઓને મહત્તમ સફળતા અપાવવામાં અસમર્થ પૂરવાર થયા.

આજે ૨૦૨૪ માં સ્પીપામાંથી યુ.પી.એસ.સી. ની પરીક્ષા આપવા માટે ઘણા બધા વિદ્યાર્થીઓનો ઘસારો દેખાય છે પરંતુ સમયની સાથે સરકાર પણ ગુજરાતીઓ વિદ્યાર્થીઓ વધુમાં વધુ કેન્દ્રીય નોકરીઓમાં પોતાનું યોગદાન આપી શકે તે પ્રકારના આક્રમક પ્રયત્નો અપનાવે તે ખૂબ જરૂરી છે. ગુજરાતની સરખામણીમાં અન્ય રાજ્યોનું સિલેક્શન ખૂબ જ સારું રહે છે તે માટે કયા પરિબળો ભાગ ભજવે છે ?

ઉદાહરણ તરીકે આજે કર્ણાટક, તામિલનાડુ, છત્તીસગઢ જેવા આઠ થી વધારે રાજ્યો યુ.પી.એસ.સી. ની તૈયારી કરવા માટે પ્રવેશ પરીક્ષા લઈ અને દર વર્ષે ૧૦૦ જેટલાં વિદ્યાર્થીઓને દિલ્હીમાં સારી એકેડેમીમાં તાલીમ માટે મોકલે છે, જેનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવે છે. જેથી કરીને તાલીમ માટે ગયેલાં વિદ્યાર્થીઓને પરીક્ષાઓની તૈયાર કરવા માટેનું યોગ્ય અને અનુકૂળ વાતાવરણ મળી રહે છે. જેના કારણે ખૂબ સારું પરિણામ આ રાજ્યોના વિદ્યાર્થીઓમાં જોવા મળે છે.

આ માટે રાજકીય ઈચ્છાશક્તિ ખૂબ જ મહત્વનો રોલ ભજવે છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં તો પરિસ્થિતિ એવી છે કે સ્પર્ધાત્મક પરીક્ષા બાબતે કોઈપણ નકારાત્મક વલણની જાણ મુખ્યમંત્રી સુધી પહોંચતી હોય છે. ભલે ને એ રાજ્યો આર્થિક રીતે ગુજરાતની સરખામણી ન કરી શકતા હોય એવું બને પરંતુ વહીવટી અધિકારીઓ બનાવવામાં ગુજરાત થી ઘણા આગળ છે જેમાંથી આપણે પણ પ્રેરણા લેવાની જરૂર છે.

ઉપરોક્ત બાબતે આપણને એવો પ્રશ્ન અચૂક થાય કે ગુજરાત સરકાર પણ આવું કરી શકે ? હા, ચોક્કસ કરી શકે. આ માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા હાલના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અવારનવાર લેખિતમાં તેમજ મૌખિકમાં રજૂઆત કરવામાં આવી છે, પરંતુ સરકારની વ્યસ્તતાને લઈને હજી સુધી તે બાબતે કોઈ નિર્ણય સરકારશ્રીએ લીધેલ નથી. પરંતુ આપણા પ્રયાસો સતત આ બાબતે ચાલુ જ છે. જે એક દિવસ પરિણામમાં અવશ્ય પરિવર્તિત થશે જ અને થશે જ.

ગુજરાતમાં બ્રાહ્મણ, પાટીદાર, જૈન, ક્ષત્રિય, રબારી, ભરવાડ વિગેરે. વિવિધ સમાજની સંસ્થાઓ પોતાના સમાજના દીકરા-દીકરીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થાય તે માટે તાલીમ વર્ગો ચલાવી રહેલ છે, જે ખૂબ જ પ્રશંસનીય છે. પરંતુ અનુભવથી કહી શકું કે, યુ.પી.એસ.સી. ની તૈયારી માટે હોસ્ટેલની સગવડો એકમાત્ર ઉકેલ નથી. પરંતુ યુ.પી.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મહત્તમ સફળતા મેળવવા માટે સામૂહિક ધોરણે અસરકારક અને અનુકૂળ વાતાવરણ બનાવવું ખૂબ જ જરૂરી છે. આ માટે સર્વ સમાજ ભેગા થઈને એક સારો પ્રયાસ કરે તે ખૂબ જ જરૂરી છે.

ઉપરોક્ત બાબતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આ કામગીરી શરૂ કરી દીધી છે અને ગાંધીનગર ખાતે આઈએએસ એકેડમી શરૂ કરેલ છે. જેમાં દરેક જ્ઞાતિ સમાજના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી શકશે. ખાસ કરીને યુ.પી.એસ.સી માટે સર્વ સમાજના વિદ્યાર્થીને તૈયાર કરવાનો ઉદ્દેશ છે. જેમાં દિલ્હીના ખ્યાતનામ તજજ્ઞ, ડિજિટલ ક્લાસરૂમ, લાઇબ્રેરી તથા ટેસ્ટ પેપર દ્વારા સઘન તાલીમ આપીને સારું પરિણામ મળે તે દિશામાં પ્રયત્નો થઈ રહેલ છે.

## ડિફેન્સ ની તૈયારી માટે ગુજરાત સરકાર દ્વારા કોઈ એકેડેમીની સ્થાપના થઈ શકે ?

ચોક્કસ થઈ શકે પરંતુ આ માટે એસ.એસ.બી ઇન્ટરવ્યૂ, ફિઝિકલ તથા મેન્ટલ ટ્રેનીંગ ખૂબ જ મહત્વની હોય છે અને જો ગુજરાત સરકાર દ્વારા આવી કોઈપણ પહેલ થાય તો ચોક્કસથી પરિણામલક્ષી બની શકે, જે ગુજરાતના ભવિષ્ય ઉજ્જવળ માટે આવકાર્ય છે. જે આવનારા સમયમાં યુવાનોને સાચી દિશા તરફ લઈ જશે.

આ માટે સરકાર અને સર્વ સમાજ સાથે મળીને સંયુક્ત પ્રયાસ કરે તો પ્રેરણારૂપ મોડેલ ઊભું થઈ શકે.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક, સાધક, યોગાચાર્ય, કથાકાર અને લેખક
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર, મોરબી

# ભગવતી ઉમાદેવી

'કેનોપનિષદ્' નું મધ્યવર્તી સત્ય છે : આ બધું પરબ્રહ્મ પરમાત્મા થકી જ થાય છે. આ સત્યને વધુ સ્પષ્ટ રીતે અને વધુ સામર્થ્યપૂર્વક અભિવ્યક્ત કરવા માટે ઉપનિષદકાર હવે તૃતીય અને ચતુર્થ ખંડમાં એક સુંદર અને રોમહર્ષક કથા કહે છે :

ब्रह्म ह देवेभ्यो विजिग्ये तस्य ह
ब्रह्मणो विजये देवा अमहीयन्त ॥

– केनोपनिषद् : ३-१

"પરબ્રહ્મ પરમાત્માએ દેવો માટે (અસુરો પર) વિજય પ્રાપ્ત કર્યો, પરંતુ પરબ્રહ્મ પરમાત્માના વિજયમાં ઈન્દ્ર આદિ દેવો ગર્વ કરવા લાગ્યા."

દેવાસુર સંગ્રામ તો અનેકવાર થાય છે. અસુરો વધુ સમર્થ હોવાથી દેવોનો પ્રારંભમાં પરાજય થાય છે અને અસુરોનો વિજય થાય છે, પરંતુ પરમાત્માની સહાયથી, પરમાત્માની શક્તિથી દેવો અસુરો પર વિજય પ્રાપ્ત કરે છે. દેવોનો વિજય પરમાત્માની શક્તિ અને સહાય દ્વારા થાય છે, પરંતુ દેવોને ગર્વ થાય છે.



આવા જ એક દેવાસુર સંગ્રામની અહીં કથા છે. પરમાત્માની શક્તિથી વિજય મળ્યો હોવા છતાં દેવો ગર્વ કરવા લાગ્યા - દેવોને અભિમાન થયું.

त ऐक्षन्तास्माकमेवायं विजयोऽस्माकमेवायं महिमेति । तद्धैषां विजज्ञौ तेभ्यो ह प्रादुर्बभूव तन्न व्यजानत किमिदं यक्षमिति ॥

– केनोपनिषद् : ३-२

"દેવો સમજવા લાગ્યા કે આ અમારો જ વિજય છે. આ અમારો જ મહિમા છે. પરબ્રહ્મ પરમાત્માએ જાણી લીધું કે દેવોને વિજયનું મિથ્યા અભિમાન થયું છે. (તેમના અભિમાનનું નિરસન કરવા માટે) દેવોની સમક્ષ સાકાર સ્વરૂપે પ્રગટ થયા. યજ્ઞના સ્વરૂપમાં પ્રગટ થયેલા જોઈને આ દિવ્ય યક્ષ કોણ છે તે દેવતાઓ જાણી શક્યા નહીં. (અર્થાત્ દેવો પણ પરમાત્માના સ્વરૂપને પામી શક્યા નહીં.)"

જેના સ્વરૂપને સમજી ન શકાય તેવા કોઈ રહસ્યપૂર્ણ અગમ્ય સત્ત્વને 'યક્ષ' નામથી બોલાવવામાં આવે તેવી પ્રાચીન પરંપરા હતી. અહીં ઈન્દ્રાદિ દેવો આ પરમાત્માના સ્વરૂપને પામી શક્યા નહીં, તેથી તેમને 'યક્ષ' નામ આપે છે.

દેવો આ રહસ્યપૂર્ણ દિવ્ય યક્ષ કોણ છે તે તો જાણવા ઈચ્છે જ છે, અર્થાત્ દેવો પણ પરમાત્માના સ્વરૂપને જાણવા ઈચ્છે જ છે.

આવી ઈચ્છાથી દેવતાઓ સાથે મળીને અગ્નિદેવને કહ્યું :

"અગ્નિદેવ ! તમે જાઓ અને જાણી લાવો કે આ યક્ષ કોણ છે."

અગ્નિદેવ ત્વરાથી યક્ષ પાસે ગયા અને તે દિવ્ય યક્ષનો પરિચય પામવા માટે પ્રવૃત્ત થયા. અગ્નિદેવ તો પરિચય પામવા માટે ગયા હતા, પરંતુ તેઓ તે દિવ્ય યક્ષને કાંઈ પૂછે તે પહેલાં જ તે દિવ્ય યક્ષ અગ્નિદેવને પૂછે છે :

"તમે કોણ છો ?"

અગ્નિદેવ ઉત્તર આપે છે :

"હું અગ્નિદેવ છું અથવા મને 'જાતવેદા' કહે છે."

અગ્નિનો આ ઉત્તર સાંભળીને તે દિવ્ય યક્ષ (અર્થાત્ પરબ્રહ્મ પરમાત્મા) અગ્નિદેવને આગળ પૂછે છે :

"તમે અગ્નિદેવ છો અને જાતવેદા અર્થાત્ સર્વનું જ્ઞાન ધરાવનાર છો. તો કહો, તમારી શી શક્તિ છે ?"

અગ્નિદેવને પોતાની શક્તિનો ગર્વ છે અને હમણાં જ સર્વ દેવોએ અસૂરો પર વિજય મેળવ્યો છે તેવો મિથ્યા ગર્વ પણ છે જ, તેથી અગ્નિદેવ ગર્વપૂર્વક કહે છે :

"આ પૃથ્વી પર જે કાંઈ છે તે સર્વને હું બાળીને ભસ્મ કરી દઉં."

પરબ્રહ્મ પરમાત્માએ અગ્નિદેવનો આ ગર્વ અને તદ્દનુસાર તેમની આત્મશ્લાઘા પણ સાંભળી. હવે અગ્નિદેવની સાન ઠેકાણે લાવવા માટે પરબ્રહ્મ પરમાત્મા અગ્નિદેવની સમક્ષ એક સૂકા ઘાસનું તણખલું મૂકે છે અને કહે છે :

"અગ્નિદેવ ! તમે આ પૃથ્વી પર છે તે સર્વકાંઈને બાળી મૂકવા સમર્થ છો. તો આ સૂકા

# ધર્મ સૃષ્ટિ

ઘાસના તણખલાને બાળી નાખો !"

અગ્નિદેવે વિચાર કર્યો કે આ પૃથ્વી પર છે તે સર્વકાંઈ હું બાળી નાખવા સમર્થ છું. તો આ સૂકા ઘાસના તણખલાની શી વિસાત છે ? આમ વિચારીને અગ્નિદેવ પોતાની સર્વ શક્તિથી તણખલાને બાળી નાખવા માટે તેના પર તૂટી પડ્યા. આમ છતાં અગ્નિદેવ કોઈ રીતે તણખલાને બાળી શક્યા નહીં. એટલે નિષ્ફળ બનીને અને લજ્જિત થઈને અગ્નિદેવ પાછા ફર્યા. પાછા આવીને અગ્નિદેવે ઈન્દ્રાદિ દેવોને કહ્યું :

"તે યક્ષ કોણ છે તે હું જાણી શક્યો નહીં."

આમ અગ્નિદેવ તે યક્ષને જાણવામાં નિષ્ફળ ગયા એટલે દેવોએ વાયુદેવને કહ્યું :

"વાયુદેવ ! આપ જાઓ અને જાણી આવો કે આ યક્ષ કોણ છે."

વાયુદેવ કહે છે : "ભલે, બહુ સારું."

વાયુદેવ પૂરી ત્વરાથી એ દિવ્ય યક્ષ પાસે ગયા. તે દિવ્ય યક્ષે વાયુદેવને પૂછ્યું : "તમે કોણ છો ?"

વાયુદેવ ઉત્તર આપે છે :

"હું વાયુદેવ છું અને 'માતરિશ્વા' એ નામથી પણ પ્રસિદ્ધ છું."

વાયુદેવનો આ ઉત્તર સાંભળીને તે દિવ્ય યક્ષ (પરબ્રહ્મ પરમાત્મા) વાયુદેવને પૂછે છે :

"તમે વાયુદેવ છો અને માતરિશ્વા પણ છો, તો કહો, તમારી શી શક્તિ છે ?" વાયુદેવને પણ અગ્નિદેવની જેમ પોતાની શક્તિનો ગર્વ છે અને અસુરવિજયનો મિથ્યા ગર્વ પણ છે જ, તેથી વાયુદેવ ગર્વપૂર્વક કહે છે :

"આ પૃથ્વી પર જે કાંઈ છે તે સર્વ હું ઉડાડી શકું છું. !"

વાયુદેવની આ દર્પોક્તિ સાંભળીને તે દિવ્ય યક્ષે વાસુદેવની સમક્ષ એક સૂકા ઘાસનું તણખલું મૂક્યું અને કહ્યું :

"તમે આ પૃથ્વી પર છે તે સર્વકાંઈ ઉડાડી દેવા માટે સમર્થ છો, તો આ સૂકા ઘાસના તણખલાને ઉડાડી દો."

વાયુદેવે વિચાર કર્યો કે પૃથ્વી પર જે કાંઈ છે તે સર્વને હું ઉડાડી શકું છું. તો આ સૂકા ઘાસના તણખલાની શી વિસાત છે ?

આમ વિચારીને વાયુદેવ પૂરી શક્તિથી તે સૂકા ઘાસના તણખલાને ઉડાડી દેવા માટે તેના પર તૂટી પડ્યા. પૂરી શક્તિ કામે લગાડી તો પણ વાયુદેવ તે સૂકા ઘાસના નાના સરખા તણખલાને ઉડાડી શક્યા નહીં. તેથી નિષ્ફળ બનીને અને લજ્જિત થઈને વાયુદેવ પાછા ફર્યા. પાછા આવીને વાયુદેવે ઈન્દ્રાદિ દેવોને કહ્યું :

"તે યક્ષ કોણ છે તે હું જાણી શક્યો નહીં.

આમ, અગ્નિદેવની જેમ વાયુદેવ પણ તે યક્ષને જાણવામાં નિષ્ફળ ગયા.

अथेन्द्रमब्रुवन्मधवन्नेतद्विजानीहि किमेत-द्यक्षमिति तथेति तदभ्यद्रवत्तस्मात्तिरोदधे ॥

– केनोपनिषद् : ३-११

"ત્યાર પછી સર્વ દેવોએ સાથે મળીને ઈન્દ્રદેવને કહ્યું ? "હે મઘવન્ ! તમે જાઓ અને જાણી લાવો કે આ યક્ષ કોણ છે." ઈન્દ્રદેવે ઉત્તર આપ્યો : "ભલે, બહુ સારું !" આમ કહીને ઈન્દ્રદેવે તે યક્ષ પાસે ગયા, પરંતુ ઈન્દ્રદેવની સામેથી તે દિવ્ય યક્ષ (અર્થાત્ પરબ્રહ્મ પરમાત્મા) અંતર્ધાન થઈ ગયા."

અગ્નિદેવ અને વાયુદેવે યક્ષસ્વરૂપ પરમાત્માનાં દર્શન કર્યાં છે અને તેમની સાથે સંવાદ પણ કર્યો છે, પરંતુ ઈન્દ્રદેવ તો તેમના દર્શન પણ ન કરી શક્યા અને સંવાદ પણ ન કરી શક્યા. આમ બનવાનું એક વિશિષ્ટ કારણ છે. પરમાત્મા ઈન્દ્રદેવને પોતાના સ્વરૂપનો પરિચય આપવા ઈચ્છતા હતા, પરંતુ તે પરિચય ઉમાદેવી દ્વરા આપવા ઈચ્છતા હતા, તેથી ઈન્દ્રદેવની સામેથી તે દિવ્ય યક્ષ અર્થાત્ પરબ્રહ્મ પરમાત્મા અંતર્ધાન થઈ ગયા.

પરબ્રહ્મ પરમાત્મા અંતર્ધાન થઈ ગયા. પછી શું થયું ?

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोभ-मानामुमाँ हैमवती ताँ होवाच किमेतद्यक्षमिति ॥

– केनोपनिषद् : ३-१२

"તે આકાશમાં અત્યંત શોભાયમાન અને હિરણ્યી સમાન દેદીપ્યમાન ભગવતી ઉમાદેવી પ્રગટ થયાં. ઈન્દ્રદેવ તેમની પાસે ગયા અને ઈન્દ્રદેવે તે ઉમાદેવીને પૂછ્યું :

"આ યક્ષ કોણ છે ?"

અગ્નિદેવે તો યક્ષનાં (અર્થાત્ ન સમજી શકાય તેવા કોઈ રહસ્યપૂર્ણ સ્વરૂપનાં) દર્શન કર્યા છે અને તે જ રીતે વાયુદેવે પણ તેમનાં દર્શન કર્યાં છે ! માત્ર દર્શન જ નહીં, પણ આ બંને દેવોએ તો દિવ્ય યક્ષ સાથે સંવાદ પણ કર્યો છે. ઈન્દ્રદેવે તેમનાં દર્શન નથી કર્યા કે તેમની સાથે સંવાદ પણ કર્યો નથી. કારણ કે દેવોની વિનંતીથી જ્યારે ઈન્દ્રદેવ તે દિવ્ય યક્ષ પાસે આવ્યા ત્યારે તે દિવ્ય યક્ષ પણ અંતર્ધાન થઈ ગયા અને ઈન્દ્રને જે આકાશમાં તે દિવ્ય યક્ષ અંતર્ધાન થઈ ગયા હતા તે જ આકાશમાં હેમવતી ઉમાનાં દર્શન થયાં.

ઈન્દ્ર તો તે દિવ્ય યક્ષના સ્વરૂપને જાણવા માટે આવ્યા હતા, તેથી ઈન્દ્ર તે હૈમવતી ઉમાને પ્રશ્ન પૂછે છે :

"આ યક્ષ, જે હમણાં અંતર્ધાન થઈ ગયા તે વસ્તુતઃ કોણ છે ?"

હવે તે હૈમવતી ઉમાદેવી ઉત્તર આપે છે :

सा ब्रह्मेति होवाच । ब्रह्मणो वा एतद्विजये महीयध्वमिति, ततो हैव विदाञ्चकार ब्रह्मेति ॥

– केनोपनिषद् : ४-१

"ઉમાદેવીએ ઉત્તર આપ્યો : 'તે પરબ્રહ્મ પરમાત્મા છે. તે પરમાત્માના વિજયમાં તમે

# ધર્મ સૃષ્ટિ

તમારો મહિમા (ભ્રમથી) માનવા લાગ્યા હતા.' ઉમાદેવીના આ કથનથી ઈન્દ્રદેવે નિશ્ચયપૂર્વક જાણી ગયા કે આ બ્રહ્મ છે."

અહીં ત્રણ હકીકતો સમજવાની છે :

(૧) આ કથા દ્વારા જાણી શકાય છે કે અગ્નિ, વાયુ અને ઈન્દ્રદેવ જેવા દેવો દ્વારા પણ બ્રહ્મતત્ત્વને જાણી શકાયું નહીં. ઉમાદેવી દ્વારા જ તેઓ બ્રહ્મને ઓળખી શક્યા. આનો અર્થ એમ થયો કે બ્રહ્મનું સ્વરૂપ અતિ ગહન અને અગમ્ય છે.

(૨) આ કથા દ્વારા એમ પણ સૂચિત થાય છે જ્યાં સુધી કર્તૃત્વનું અને જ્ઞાનનું અભિમાન છે ત્યાં સુધી બ્રહ્મજ્ઞાન દૂર જ છે.

(૩) આ ઉપનિષદનું પ્રધાન રહસ્ય છે - આ બધું પરમાત્મા થકી જ છે. આ રહસ્ય આ નાની પરંતુ માર્મિક કથા દ્વારા સ્પષ્ટ અને સચોટ રીતે પ્રગટ થાય છે. તદનુસાર આ કથાનો હેતુ જ ઉપનિષદના આ કેન્દ્રસ્થ સત્યને સિદ્ધ કરવાનો છે તેમ સમજવું જોઈએ અને તદનુસાર આ કથા દ્વારા તે હેતુ સિદ્ધ થયો જ છે. એટલું જ નહીં, પરંતુ ખૂબ સારી રીતે સિદ્ધ થયો છે.

હૈમવતી ઉમાના ઉપદેશથી દેવો બ્રહ્મના સ્વરૂપને સમજ્યા અને તેમ પણ સમજ્યા કે પોતાનું બધું સામર્થ્ય વસ્તુતઃ બ્રહ્મનું જ સામર્થ્ય છે. આપણે પણ ઉમા હૈમવતીના ઉપદેશ દ્વારા આ જ સમજવાનું છે.

આ સુંદર કથા દ્વારા ઉપનિષદકાર આપણને સમજાવી રહ્યાં છે કે વ્યક્તિ અને સમષ્ટિમાં જે કાંઈ શક્તિ છે તે વસ્તુતઃ બ્રહ્મની જ શક્તિ છે. વ્યક્તિ અને સમષ્ટિમાં જે કાંઈ થઈ રહ્યું છે તેનું કર્તૃત્વ તત્ત્વતઃ બ્રહ્મનું જ છે. વ્યક્તિને પોતાની શક્તિ અને પોતાના જ્ઞાનનું તથા પોતાના કર્તૃત્વનું જે ભાન રહે છે તે અજ્ઞાનજન્ય અને તેથી ભ્રામક છે.

બ્રહ્મનું જ્ઞાન પણ સરલ નથી. જેને ઈન્દ્રાદિ દેવો પણ ન જાણી શક્યા, તે જ્ઞાન કેટલું ગહન હશે !

नाहं कर्ता हरिः कर्ता – આ જ સત્ય છે અને આ જ સત્યનું દર્શન ઉપનિષદકાર ઋષિ આ 'કેનોપનિષદ'માં વ્યક્ત કરે છે. કેટલું મહાન સત્ય અને અભિવ્યક્તિની કેવી સુંદર મધુર શૈલી !

આ બધું કોના થકી ?

સ્પષ્ટ અને સચોટ ઉત્તર છે :

"આ બધું બ્રહ્મ થકી."

આપણે એ તો સમજ્યા કે યક્ષનું સ્વરૂપ ધારણ કરીને પરબ્રહ્મ પરમાત્મા જ આવ્યા હતા, પરંતુ હજુ એ સમજવું બાકી છે કે આ હૈમવતી ઉમા કોણ છે ?

(૧) આ હૈમવતી ઉમા આદ્યશક્તિ જગદંબા ભવાની છે. આ ઉમા બ્રહ્મની જ શક્તિ છે. બ્રહ્મની અભિન્ન શક્તિ છે. પરમેશ્વરની સાથે તેની અભિન્ન શક્તિ પરમેશ્વરી છે તે જ ઉમા છે.

(૨) 'હૈમવતી' શબ્દના બે અર્થ લઈ શકાય તેમ છે. હૈમવતી એટલે હિરણ્ય અર્થાત્ સુવર્ણ સમાન દેદીપ્યમાન અને હૈમવતી એટલે હિમાલય પુત્રી ભગવતી પાર્વતી અર્થાત્ ઉમા.

(૩) ભગવાન શંકરાચાર્ય 'હૈમવતી ઉમા' નો એક અર્થ બ્રહ્મવિદ્યા કરે છે. ઉમા અર્થાત્ બ્રહ્મવિદ્યા ! ઈન્દ્રાદિ દેવોને ઉમા દ્વારા બ્રહ્મનું જ્ઞાન થાય છે. બ્રહ્મનું જ્ઞાન બ્રહ્મવિદ્યા દ્વારા થાય છે. તદનુસાર ઉમા એટલે બ્રહ્મવિદ્યા !

ઈન્દ્ર એટલે જીવાત્મા. જીવાત્મા ઈન્દ્રિયોનો રાજા છે. તદનુસાર ઈન્દ્ર સર્વ દેવોનો રાજા છે. આ ઈન્દ્રરૂપી જીવાત્મા ઉમાદેવી એટલે કે બ્રહ્મવિદ્યા દ્વારા બ્રહ્મનું જ્ઞાન પામે છે.

ઉપનિષદમાં પ્રણવોપાસનાને બ્રહ્મ-વિદ્યાનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ ગણવામાં આવેલ છે. ઉમા એ પ્રણવનું જ બીજું નામ છે. ૐ = अ + उ + म. આ अ, उ म માંના अ ને આગળથી પાછળ મૂકવાથી શબ્દ બને છે. उ + म + अ = उमा. આ રીતે ઉમા પ્રણવવિદ્યા અર્થાત્ બ્રહ્મવિદ્યા જ છે, તેથી એમ કહેવાયું કે બ્રહ્મવિદ્યા જ ઉમાનું સ્વરૂપ ધારણ કરીને આવી અને તેણે ઈન્દ્રાદિ દેવોને બ્રહ્મજ્ઞાન આપ્યું. सा ब्रह्मेति होवाच।

આમ, પ્રણવોપાસના સાધકને બ્રહ્મ સુધી પહોંચાડે છે.

**સમાપન :**

બ્રહ્મજ્ઞાન થતાં સાધક અનુભવે છે કે વ્યક્તિના જીવનમાં જે કાંઈ થાય છે તે સર્વનો યથાર્થ કર્તા પરબ્રહ્મ પરમાત્મા જ છે. તેની પ્રેરણાથી સૂર્ય-ચંદ્ર ગતિ કરે છે, તેની પ્રેરણાથી વરસાદ વરસે છે અને નદીઓ વહે છે. તેની પ્રેરણાથી આંખની પાંપણ ઊઘડ-બીડ છે. તેની પ્રેરણાથી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. તેની પ્રેરક શક્તિ વિના પવન વહી શકતો નથી, સૂર્ય તપી શકતો નથી અને અગ્નિ બાળી શકતો નથી.

પરમાત્માના સર્વકર્તૃત્વને સમજીને વ્યક્તિ પોતાના કર્તૃત્વના ભ્રામક ખ્યાલથી મુક્ત થાય તેમાં જ ડહાપણ છે.

नाहं कर्ता हरिः कर्ता ।

■ ■ ■



**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ


**उत् तिष्ठ ब्रह्मणस्पते देवान यज्ञेन बोधय ।**
**आयुः प्राणं प्रजां पशून् कीर्तिं यजमानं च वर्धय ॥**

અથર્વવેદ ૧૯/૬૩/૧

**ભાવાર્થ :** બ્રાહ્મણો જાતે સાવધાન થઈને પોતાના યજમાનોને દુષ્કર્મો તરફ જતાં અટકાવે, જેનાથી બધાનું કલ્યાણ થાય અને બધાના આયુષ્ય, પ્રાણ, ધનધાન્ય, કીર્તિ, સુખ અને શાંતિની વૃદ્ધિ થાય.

**સંદેશ :** સમાજમાં બધા નાગરિકો જ્ઞાનવાન, શીલવાન, સંસ્કારવાન હોય, ઈન્દ્રિયસંયમ, અર્થસંયમ, સમયસંયમ અને વિચારસંયમનો સતત અભ્યાસ કરતા રહે અને બધે સત્કર્મો તથા સુખ-શાંતિમાં વૃદ્ધિ થાય. આવો આદર્શ નિષ્ઠ સમાજ બનાવવાની જવાબદારી ઋષિઓએ બ્રાહ્મણ વર્ણ ઉપર નાંખી છે.

બ્રાહ્મણોનું અને વિદ્વાનોનું સૌથી પહેલું કર્તવ્ય એ છે કે તેઓ પોતે સાવધાન અને સજાગ રહે. જ્ઞાન-વિજ્ઞાનનાં ગૂઢ તત્ત્વોને સમજીને નીતિ અને અનીતિનો ભેદ સમજી સાચી વિદ્યા જાણે. જો તેમને પોતાને જ સાચો માર્ગ મળશે નહિ, તો બીજાને સાચું માર્ગદર્શન કેવી રીતે આપી શકે ? સંસારમાં જીવનના બે માર્ગ છે. કઠોપનિષદમાં તેમને "શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેતસ્તતા" કહેવાયું છે. શ્રેય માર્ગ તે છે, જે કલ્યાણ કરનારો હોય અને બીજો પ્રેય માર્ગ છે, જે સારું દેખાડનારો હોય, ઈન્દ્રિયસુખ આપનારો હોય. આપણું મન આ પ્રેય માર્ગ તરફ વધારે જાય છે. સ્વાદેન્દ્રિય જાતજાતનાં સ્વાદિષ્ટ ભોજન માગે છે અને સ્વાસ્થ્ય તથા સંયમની મર્યાદાનો નાશ કરે છે. આ રીતે બીજી બધી ઈન્દ્રિયો બાહ્ય સુખ-સાધનોમાં અટવાયેલી રહે છે અને આત્મા પરમાત્માને ભૂલીને માનવી એક દુષ્પ્રવૃત્તિઓમાં ફસાય છે. દોષ દુર્ગુણોમાં ફસાઈને માનવી એક એવા નશામાં ડૂબી જાય છે કે ઈચ્છા હોવા છતાં તેમની જાળમાંથી



પોતાને મુક્ત કરી શકતો નથી તેનો આત્મા તેને ધિક્કારે છે, પણ તે મોં ફેરવી લઈને ચાસણીમાં પડેલી માખીની જેમ વ્યસનમા ફસાયેલો રહે છે. ધીરે ધીરે તેનું મનોબળ તૂટતું જાય છે અને તે જાતે અસહાય અવસ્થામાં આવી જાય છે. તે પોતાના જીવનને બરબાદ કરે છે અને બીજા માણસો માટે પણ નરકનું વાતાવરણ બનાવી દે છે.

એવું નથી કે સાંસારિક બાબતોને સંપૂર્ણ તિલાંજલિ આપીને બધા લોકો વૈરાગી તથા સંન્યાસી થઈ જાય. સંસારવાદ અને અધ્યાત્મવાદ બંને મહત્ત્વપૂર્ણ છે અને જીવનની સફળતા માટે બંનેમાં યોગ્ય સમન્વય હોવો જોઈએ, તો જ લોકોની શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ શક્ય બને છે, તો જ દેશમાં સ્વર્ગીય વાતાવરણ બને અને લોકો સ્વસ્થ, દીર્ઘાયુ, પ્રાણવાન, ચારિત્ર્યવાન, સમર્થ અને સુખી થાય, રાષ્ટ્રનો કીર્તિધ્વજ બધે લહેરાય.

બ્રાહ્મણ તે છે, જે તપ, ત્યાગ, સંયમ, જ્ઞાન, ઉદારતા અને લોકહિત જેવી પ્રવૃત્તિઓને પૂરેપૂરી રીતે પોતાનામાં ઉતારે અને એક મજબૂત આધાર ઉપર ઊભો રહે. પછી તે એક વજ્રશીલાની માફક જનમાનસની ધારાને યોગ્ય દિશામાં વાળવા માટે દૃઢતાપૂર્વક અડગ રહે. તે જે પણ ક્ષેત્ર પસંદ કરે, તેમાં પોતાના શ્રેષ્ઠ વ્યક્તિત્વ, ઉચ્ચ આદર્શ અને પ્રચંડ પુરુષાર્થ વડે કરોડો લોકોની અંદરની અસુરતા અને સ્વાર્થ પરાયણતાને ઘટાડી તેમને દેવત્વ તરફ આગળ વધારવામાં સફળતા મેળવે.

બ્રાહ્મણનો ધર્મ પોતે સજાગ રહેવું અને બીજાને જાગૃત રાખવા તે છે.

■ ■ ■

# ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
પૂર્વ પ્રિન્સિપાલ અને કેળવણીકાર

# શ્રી રામચરિત માનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ




**પૂર્વકથા :** જનક રાજાનો સંદેશો લઈ દૂતો અયોધ્યા પહોંચ્યા. સંદેશો સાંભળી રાજા દશરથ અને આખી સભા હર્ષિત થઈ ગઈ. રાજાએ જાન લઈને જવાની તૈયાર કરવા આદેશ આપ્યો.

**હવે આગળ :**

राजा सबु रनिवास बोलाई
जनक पत्रिका बाचि सुनाई

રાજાએ રાણીવાસને બોલાવી જનકજીની પત્રિકા વાંચી સંભળાવી. સમાચાર સાંભળી રાણીઓ હર્ષથી ભરાઈ ગઈ. પત્રિકાને લઈને સર્વે હૃદયથી લગાવી છાતી શીતળ કરે છે. રાજાઓમાં શ્રેષ્ઠ દશરથજીએ શ્રીરામ-લક્ષ્મણની કીર્તિ અને કરણીનું વારંવાર વર્ણન કર્યું.

भुवन चारिहास भरा उछाहू
जनकसुता रघुबीर बिआहू

ચૌદ લોકમાં ઉત્સાહ ભરાઈ ગયો કે જાનકીજી અને શ્રી રઘુનાથજીનો વિવાહ થશે. આ શુભ સમાચાર પામી લોકો પ્રેમમગ્ન થઈ ગયા અને માર્ગ - ઘર તથા શેરીઓ શણગારવા લાગ્યા. મનોહર વાણીમાં મંગળ ગીતો ગવાઈ રહ્યાં છે, નગારાં વાગી રહ્યાં છે. બ્રાહ્મણો વેદધ્વનિ કરી રહ્યા છે.

भूत भरत पुनि लिये बोलाई
हय गय स्पंदन साजहु जाई

પછી રાજાએ ભરતજીને બોલાવી લીધા; અને કહ્યું, ઘોડા-હાથી અને રથ શણગારો. જલદીથી રામજીની જાનમાં ચાલો. આ સાંભળી બંને ભાઈઓ (ભરત અને શત્રુઘ્ન) આનંદ અને રોમાંચથી ભરાઈ ગયા. રથો પર ચઢી ચઢીને જાન નગરની બહાર એકઠી થવા માંડી. સૌ કોઈને સુંદર શુકન થાય છે.

सुमिर रामु गुर आयसु पाई
चले महीपति शंख बजाई

શ્રી રામચંદ્રજીનું સ્મરણ કરીને, ગુરુની આજ્ઞા પામીને પૃથ્વીપતિ દશરથજી શંખ વગાડીને ચાલ્યા. જાન જોઈને દેવતા હર્ષિત થયા. દેવો સુંદર ફૂલોની વર્ષા કરવા લાગ્યા. આકાશમાં અને જાનમાં બંને સ્થળે વાજાં વાગવા લાગ્યાં. જાન એવી બની છે કે એનું વર્ણન કરી શકાતું નથી.

आवत जानि भानुकूल केतू
सरितन्हि जनक बंधाऐ सेतू

સૂર્યવંશના ધજારૂપી દશરથજીને આવતા જાણીને જનકજીએ નદીઓ ઉપર પુલ બંધાવી દીધા. વચ્ચે વચ્ચે ઉતારા માટે સુંદર નિવાસ બનાવડાવી દીધા. જાનના બધા લોકોના મનની પસંદ અનુસાર સુંદર ઉત્તમ ભોજન-ગાદલાં અને વસ્ત્રોની વ્યવસ્થા કરી. બધા જાનૈયા નિત્ય નવા સુખોને જોઈને પોતાના ઘરને ભૂલી ગયા.

अगवानन्ह जब दीखि बराता
उर आनंदु पुलाक भर गाता

સામૈયું કરનારાઓએ જ્યારે જાન આવતી દેખાઈ ત્યારે તેમના હૃદયમાં આનંદ છવાઈ ગયો. આગેવાનોના ઠાઠ-માઠ જોઈ જાનૈયાઓ પ્રસન્ન થઈને નગારાં વગાડ્યાં. દેવસુંદરીઓ ફૂલ વરસાવીને ગીતો ગાઈ રહી છે, દેવતા આનંદિત થઈને નગારાં વગાડી રહ્યા છે.

बरसि सुमन सुर सुंदरि गावहि
मुदित देव दंदुभि बजावहि

સામૈયામાં આવેલા લોકોએ બધી વસ્તુઓ દશરથજી સામે મૂકી દીધી, પછી પ્રેમથી વિનંતી કરી. રાજા દશરથજીએ પ્રેમ સહિત સર્વે વસ્તુઓ જોઈ લીધી. પછી તેની બક્ષિસો થવા લાગી, અને યાચકોને આપી દેવામાં આવી. આ ઉપરાંત પૂજા - આદર - સત્કાર અને પ્રશંસા કરીને આગેવાન લોકો તેમને જાનીવાસ તરફ લઈ ગયા. ■

(વધુ આવતા અંકે...)



**પ્રો. ડૉ. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# અયોધ્યામાં રામમંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ

**लोकाभिरामं रणरंगधीरम् राजीवनेत्रम् रघुवंशनाथम् ।**
**कारुण्यरुपं करुणाकरंत् श्रीरामचन्द्रम् शरणं प्रपद्ये ॥**

તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ અયોધ્યામાં રામલલ્લાની મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા પૂર્ણ થતાંની સાથે જ સદીઓથી સેવેલો સંકલ્પ પૂર્ણ થયો. ૫૦૦ વર્ષ પછી ભગવાન શ્રીરામ પોતાના મૂળ સ્થાને બિરાજમાન થયા છે. રામલલ્લા નિજ ઘરે પધાર્યા તે સાથે જ આપણી પ્રતિજ્ઞા અને પ્રતિક્ષા પણ પૂર્ણ થઈ. દેશ માટે આ પાવન અને ગૌરવશાળી ક્ષણ છે. ૮૪ સેકન્ડની થોડીક ક્ષણોમાં સદીઓની આતુરતાનો અંત આવ્યો. ત્યારે ભક્તોની આંખો આસ્થાથી તરબોળ થઈ હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. જાણે સમગ્ર બ્રહ્માંડ એકસુરે રામનામના જયકારથી ગૂંજી ઉઠ્યું હતું. રામજન્મભૂમિ મંદિરના ૭૦ એકરના પરિસરમાં પાંચે શિખર, ત્રણેય સ્તર અને ૧૬૧ ફૂટના વિશાળ મંદિરના ભવ્ય ગર્ભગૃહમાં એવું તેજ પ્રકાશ્યું જાણે રામલલ્લાના મોહિની સ્વરૂપમાં સ્વયં પરમાત્માનો વાસ દશ્યમાન થયો હતો. સમગ્ર દેશ અને સમગ્ર વિશ્વના લોકો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા આતુર હતા. આ ક્ષણ પણ અદ્‌ભૂત હતી. ત્રેતાયુગમાં મા કૌશલ્યાએ પણ રામ જન્મ સમયે તેના દિવ્ય સ્વરૂપની ઝાંખી કરતા હાથ જોડીને વંદના કરી હતી :

**"ભયે પ્રગટ કૃપાલા દીનદયાલા કૌશલ્યા હિતકારી ।**
**હરષિત મહતારી મુનિ મન હારી અદ્‌ભૂત રૂપ બિચારી ॥**
**લોચન અભિરામા તનુ ઘનશ્યામા નિજ આયુધ ભુજ ચારી ।**
**કહ, દુઈ કર જોરી અસ્તુતિ તોરી, કેહિ બિધિ કરૌં અનંતા ॥**
**- રામચરિત માનસ**

૨૨ મી જાન્યુઆરીનો સૂર્યોદય પણ જાણે અદ્‌ભૂત આભા લઈને આવ્યો હતો. દેશ અને દુનિયામાં વસતા તમામ હિન્દુઓને આ



દિવસનો ઈંતજાર હતો, તે ઘડી આખરે આવી ગઈ. આખા દેશમાં કોઈ એક અવસર માટે આટલો ઉત્સાહ હોય એવું ભાગ્યે જ જોવા મળ્યું છે. ભગવાન રામ જ્યારે વનવાસ પૂરો કરીને અયોધ્યા પધાર્યા હશે ત્યારે જેવો માહોલ હશે, એવો જ માહોલ અત્યારે આખા દેશમાં જોવા મળી રહ્યો છે. મંદિર, મકાનો, શેરીઓ, સોસાયટીઓ શણગારવામાં આવી હતી. દરેક જગ્યાએ રામની ધ્વજાઓ ફરકતી હતી. સર્વત્ર રંગોળીની સજાવટ હતી, શોભયાત્રાઓ નીકળી હતી, ધૂન, ભજન, કિર્તન, સુંદરકાંડ અને હનુમાન ચાલીસાના પાઠ થયાં હતાં, ઠેર-ઠેર રોશની કરવામાં આવી હતી. વિશ્વ ભરમાંથી લવાયેલા ૫૬ પ્રકારના ફૂલોથી અયોધ્યાના મંદિરને શણગારવામાં આવ્યું હતું. ધજા-પતાકા, તોરણના શણગાર, મહાપ્રસાદના આયોજન, હજારો દીવડાંઓ પ્રગટાવી દિવાળી જેવો માહોલ ઉભો થયો હતો. મંદિરોમાં ઘંટનાદ, સ્તુતિ, પાઠ, આરતી, કળશ યાત્રા, ભગવાન રામના ગીતો, રાસ-ગરબા, સંતવાણી, આકાશમાં આતશબાજી તથા ઠેર-ઠેર જય શ્રીરામના જયઘોષ સાથે દેશના એક - એક ઘર, ગામ અને શહેરોમાં અભૂતપૂર્વ ઉજવણી થઈ હતી. ભૂતકાળમાં આવી ઉજવણી ક્યારેય જોવા મળી નથી. ઉત્સાહ, ઉલ્લાસ અને ઉન્માદની જાણે ચરમસીમા હતી. સમગ્ર દેશ રામમય બની ગયો હતો, આસ્થાનું ઘોડાપૂર આવ્યું હતું, જાણે કે :

**સિયારામમય સબ જગ જાની,**
**કરહું પ્રણામ જોરિ જુગ પાની.**
**રામરાજ બૈઠે ત્રૈલોકા,**
**હર્ષિત ભયે ગયે સબ શોકા.**

મોટા એલ.ઈ.ડી. સ્ક્રીન પર અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવને લોકોએ માણ્યો હતો. દરેકના મોબાઈલમાં "રામ આયેંગે, આયેંગે રામ આયેંગે, મેરી ઝોંપડી કે ભાગ આજ ખુલ જાયેંગે રામ આયેંગે" નો રીંગ ટોન સતત સંભળાતો હતો. જાણે કે- "અખિયાં હરિદર્શન કી પ્યાસી" લોકો રામના રંગે રંગાઈ ચૂક્યા હતા, દેશભરમાં એક

# ધર્મ સૃષ્ટિ

અભૂતપૂર્વ ઉત્સાહ હતો. કારણ કે લોકોએ વર્ષોથી એક સપનું જોયું હતું કે એક દિવસ અયોધ્યામાં ભગવાન રામનું મંદિર બનશે અને આપણે સૌ રામલલ્લાના દર્શન કરવા જઈશું. અત્યારે અયોધ્યાની સ્થિતિ એવી છે કે લોકોને વિનંતી કરવી પડે છે કે રામ લલ્લાના દર્શન કરવા આવવા માટે ઉતાવળ ન કરશો, થોડી ધીરજ ધરજો.

**મેરી ચૌખટ પે ચલ કે આજ ચારો ધામ આયે હૈ,**
**બજાઓ ઢોલ સ્વાગત મેં મેરે ઘર રામ આયે હૈ.**

પરંતુ ૫૦૦ વર્ષની ધીરજનો આ અંત છે. સમગ્ર દેશ અને વિદેશના લોકોની ઈચ્છા અયોધ્યા જઈને મંદિરમાં દર્શન કરવાની છે. કારણ કે ભગવાન શ્રીરામની પ્રાણ - પ્રતિષ્ઠા એ ભારતની પ્રાણ - પ્રતિષ્ઠા છે. અયોધ્યા સહિત સમગ્ર દેશ ભક્તિમાં તરબોળ છે. શ્રીરામ ભારતની આત્માના કણ કણમાં છે. આદર્શ ચરિત્ર અને શ્રેષ્ઠતાનું નામ એટલે શ્રીરામ, જેણે મન, વચન, કર્મ અને શાસનમાં આદર્શ જીવનના આયામ સ્થાપિત કર્યા હતાં. રામ ભારતની જનતાના આરાધ્ય દેવ છે. તેમનું જીવન સંપૂર્ણ સમાજ દ્વારા સ્વીકૃત આચરણનો આદર્શ છે. રામે અધર્મ અને અન્યાયની સામે શસ્ત્રો ઉપાડ્યાં હતાં. રામ એક વિચારનું નામ છે અને વિચાર કરદી મરતો નથી, તેથી રામ અમર છે. રામ આજે છે અને ભવિષ્યમાં પણ રહેશે.

પ્રાણ - પ્રતિષ્ઠાના કોઈ પ્રસંગમાં દરેક સંપ્રદાયના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હોય એવો આ પ્રથમ અવસર હતો. અયોધ્યાથી અમેરિકા સુધી એક જ નામની ગુંજ હતી - ''જય શ્રીરામ, જય શ્રીરામ''. લંડનના મંદિરમાં થયેલી પૂજામાં બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક પણ સામેલ થયા હતા. એક જ છત્ર હેઠળ. રાજનીતિ, વિજ્ઞાન, ઉદ્યોગ, રમત-ગમત, કળા, સંસ્કૃતિ, સાહિત્ય, ફિલ્મ, ધર્મ વગેરે વિવિધ ક્ષેત્રોના લબ્ધ પ્રતિષ્ઠિત લોકો એકત્ર થયા હોય એવી અભૂતપૂર્વ ઘટના હતી. દરેક ધર્મ, સમાજ, સંગઠન, મંડળ કે સંસ્થાઓમાં બસ રામ જ રામ. સદીઓની પ્રતિક્ષા અને પેઢીઓના સંઘર્ષ બાદ રામલલ્લા બિરાજમાન થયા છે. જે સંકલ્પ આપણા પૂર્વજોએ લીધો હતો તે હવે સાકાર થયો છે. આજથી હજાર વર્ષ પછી પણ લોકો આ ક્ષણની, આ તારીખની ચર્ચા કરશે. પ્રભુ શ્રીરામની કૃપાથી આપણે આ ક્ષણ જોઈ શક્યા છીએ. આનાથી અદ્‌ભૂત બીજું શું હોઈ શકે. સમગ્ર દેશ આજે ગાઈ ઉઠ્યો હતો કે :-

**દુઃખ ભરે દિન બીતે રે ભૈયા, અબ સુખ આયો રે, રંગ જીવન મેં નયા લાયો રે.**

કૃષ્ણશીલામાંથી નિર્મિત રામલલ્લાની શ્યામવર્ણ મૂર્તિમાં પરમાત્મા સ્વયં પ્રાણ બનીને ઉતર્યા હતાં. એનું શુભ મુહૂર્ત ૨૨ જાન્યુઆરી, સોમવારે બપોરે ૧૨ કલાક અને ૨૯ મિનિટ અને ૮ સેકન્ડથી ૧૨-૩૦.૩૨ સુધીનું હતું. આ અભિજીત મુહૂર્ત સૌથી ઉત્તમ માનવામાં આવે છે. ત્રેતાયુગમાં પ્રભુ શ્રીરામનો જન્મ અભિજીત મુહૂર્તમાં થયો હતો. આ ઘડીએ સર્વાર્થ સિદ્ધિયોગ, અમૃતયોગ અને રવિયોગ જેવા વિવિધ શુભ યોગનો સંગમ હતો.

આપણા ભારતનો ઈતિહાસ પાછલા દોઢ હજાર વર્ષથી વિદેશી આક્રાંતાઓ સાથે નિરંતર સંઘર્ષનો ઈતિહાસ રહ્યો છે. વિદેશી આક્રમણકારોએ આપણને હતોત્સાહિત કરવા આપણા અનેક ધાર્મિક સ્થળોને નષ્ટ કર્યા હતા. અયોધ્યામાં પણ શ્રીરામ મંદિરનો વિધ્વંસ કરવામાં આવ્યો હતો, પરંતુ ભારતીય લોકોની ધર્મ પ્રત્યેની આસ્થા અને મનોબળને ક્યારેય તોડી શક્યા નહીં. એના પ્રતિરોધનો સંઘર્ષ ચાલતો રહ્યો. અનેક યુદ્ધ, સંઘર્ષ અને બલિદાન પછી પણ રામજન્મભૂમિનો મુદ્દો હિન્દુઓના મનમાં વસેલો રહ્યો. રામજન્મભૂમિ મુક્તિ માટે પણ અનેક આંદોલનો થયા હતા. અંતે ન્યાયતંત્રએ ન્યાય કરી રામજન્મભૂમિને મુક્ત કરી. પરિણામે આજે રામ મંદિરનું નિર્માણ શક્ય બન્યું. રામ મદિરના નિર્માણનો આ અવસર રાષ્ટ્રીય પુનઃજાગરણનું પ્રતિક છે.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે - ''રામ મંદિરનું નિર્માણ એ રાષ્ટ્રને જોડવાનો ઉપક્રમ છે. જટાયુના કર્તવ્યનું સમર્પણ દેવથી દેશ અને રામથી રાષ્ટ્રનો ભાવ પેદા કરે છે. આપણે પણ હવે રામકાજથી રાષ્ટ્રકાજ કરવાનું છે.''

મંદિર નિર્માણનું સ્વપ્ન પૂર્ણ થયા બાદ આગળ વધીને આપણે તમામ દેશવાસીઓ સમર્થ, સક્ષમ, ભવ્ય અને દિવ્ય ભારત બનાવવાનો તથા રાષ્ટ્ર ચેતના પ્રગટાવવાનો સંકલ્પ લઈએ જો સત્ય, પ્રેમ અને કરૂણાનો થોડાંક અંશો આપણામાં ઉતરશે તો આપણા હૃદય મંદિરમાં પણ શ્રીરામ અવશ્ય બિરાજશે. ભારત વિશ્વગુરુ બને, ભારત વિશ્વને રાહ બતાવે તથા ભગવાન શ્રીરામના ભારત ઉપર આશીર્વાદ વરસતા રહે એ જ અભ્યર્થના સાથે.... જય શ્રીરામ.

**શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ ભય દારુણમ્,**
**નવ કંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારૂણમ્.**
**ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્ય વંશ નિકંદનમ્,**
**રઘુનંદ આનંદ કન્દ કૌશલ ચંદ દશરથ નંદનમ્.**

■ ■ ■

# ધર્મ સૃષ્ટિ



**હીરાભાઈ ઠક્કર**
સુપ્રસિધ્ધ લેખક અને આંતરરાષ્ટ્રીય વક્તા

# સમષ્ટિના કલ્યાણ માટે કરેલાં કર્મો

કેટલાંક કર્મો દુનિયાની દષ્ટિએ પાપકર્મો ગણાતાં હોવા છતાં તે જગતનાં, સમષ્ટિના કલ્યાણ માટેનાં હોય તો તે પાપકર્મો હોવા છતાં સંચિત કર્મમાં જમા થતાં નથી.

જૂઠું બોલવું તે પાપ ગણાય છે અગર તો જૂઠું બોલવાની કોઈને ફરજ પાડવી અગર પ્રેરણા કરવી તે પણ એટલું જ પાપ ગણાય છે, છતાં ખુદ ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર જેવા ધર્મરાજાને જૂઠું બોલવાની પ્રેરણા કરી અને 'નરો વા કુંજરો વા' એમ કહીને ધર્મરાજા યુધિષ્ઠિર યુદ્ધમાં અશ્વત્થામા હણાયો છે એમ જૂઠું બોલ્યા. આમાં શ્રીકૃષ્ણને કોઈ અંગત સ્વાર્થ નહોતો. પાંડવો જીતે તો તેમાંથી તેમને કંઈ ભાગ કે કિંમશન મળવાનું નહોતું. પરંતુ યુધિષ્ઠિર જો આટલું જૂઠું ના બોલે તો દ્રોણાચાર્ય મરાય તેમ નહોતા અને સમિષ્ટના કલ્યાણ માટે આતતાયી દુષ્ટ જીવોના સંહાર માટે ખેલાયેલા ધર્મયુદ્ધમાં પાંડવો જીતી શકે એમ નહોતા. યુધિષ્ઠિરને થોડું જૂઠું બોલવાથી નુકસાન થયું. તેમના સત્યવાદીપણામાં થોડી ઝાંખપ લાગી. પરંતુ એક વ્યક્તિને નુકસાન થવા જતાં જો સમષ્ટિનું કલ્યાણ થતું હોય તો તે માટે જૂઠું બોલવાની પ્રેરણા કરનાર શ્રીકૃષ્ણ તે પાપકર્મના પ્રણેતા (abettor) હોવા છતાં તેમને તે કર્મનું ફળ ભોગવવું પડ્યું નથી અને તે કાર્ય સંચિતમાં જમા થઈને તેમના પુનર્જન્મનું કારણ બની શક્યું નહિ. શ્રીકૃષ્ણે તેમના જીવનકાળ દરમિયાન ચોરીઓ કરી છે. "માખણચોર"ને નામે પ્રસિદ્ધ છે. દિવ્યમણિ તેમણે ચોરેલો અને જૂઠું પણ અનેક વાર બોલેલા, પરંતુ તેમનાં તમામ કર્મો સમષ્ટિના કલ્યાણ માટે અને જગતના ઉદ્ધાર માટે કરેલાં હતાં. એટલે તો ભગવાને ગીતામાં કહ્યું છે કે -



**જન્મકર્મ ચ મે દિવ્યમ્।**

મારો જન્મ અને મારાં કર્મ દિવ્ય છે. મારે મારા અંગત સ્વાર્થ માટે કંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી, કારણ કે હું સ્વયં પૂર્ણકામ છું !

**ન મે યાર્થાસ્તિ કર્તવ્ય ત્રિષુ લોકેષુ કિંચન ।**
**નાનાવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥**
**યદિ હિ અહં ન વર્તયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પ્રાર્થ સર્વશઃ ॥**
(ગીતા-૩/૨૨,૨૩)

શ્રીકૃષ્ણ કહે છે : મારો જન્મ દિવ્ય છે અને કર્મ પણ દિવ્ય છે. એનાં ત્રણ કારણ છે :

એક તો હું બીજા માણસોની માફક માતાના ગર્ભમાં નવ માસ મળમૂત્રમાં ઊંધો લટકીને પછી જન્મ લેતો નથી, પરંતુ હું સ્વયં પ્રગટ થાઉં છું ! બીજું, મારા પૂર્વજન્મનાં સંચિત કર્મો ભોગવવા માટે હું દેહ ધારણ કરતો નથી, કારણ કે મારી પાછળ મારાં કોઈ સંચિત કર્મો પડ્યાં નથી. અને ત્રીજું, મારા જીવનકાળમાં જે જે કર્મો મેં કર્યાં છે તે લીલામાત્ર છે અને સમષ્ટિના કલ્યાણ માટે કરેલાં છે, તે મેં કોઈ અંગત સ્વાર્થ માટે કર્તાપણાના અભિમાનથી કરેલ નથી અને તેથી તે કર્મ સંચિતમાં જમા થતાં નથી અને તે મારા બીજા જન્મના હેતુકારણ બનતાં નથી. હું મારી ઇચ્છા મુજબ જ્યાં, જ્યારે, જેવા દેહની જરૂર પડે તેવો દેહ ધારણ કરું છું !

**'નિજ ઈચ્છા નિર્મિત તનુ'**

એમ તુલસીદાસજી વર્ણન કરે છે.

જગતના મહાપુરુષો રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, જિસસ ક્રાઈસ્ટ, મહંમદ પયગંબર વગેરેએ તેમના જીવનકાળ દરમિયાન માત્ર સમષ્ટિના કલ્યાણ માટે કર્મો કરેલાં છે તેથી તે મુક્ત જીવો ગણાય છે.

■ ■ ■

# ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

**(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)**

**: હેડ ઓફિસ :**

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

## પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૩) ઓડિટેડ (ઓડિટ વર્ગ ' અ ' )

(રકમ રૂા. કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | : ₹ ૩૭૫.૦૬ | કામકાજનું ભંડોળ | : ₹ ૯૬૭૩.૯૨ |
| રીઝર્વ ફંડ | : ₹ ૮૭૫.૪૯ | ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૩) | : ₹ ૨૭૧.૨૨ |
| ધિરાણ | : ₹ ૫૫૭૯.૧૧ | નફો (૩૧-૦૩-૨૦૨૩) | : ₹ ૧૧૭.૨૦ |
| ડિપોઝીટ | : ₹ ૮૦૭૮.૬૫ | ડીવીડન્ડ (સાધારણ સભાની* મંજુરીની અપેક્ષાએ) | : ૧૫%* |



**58 શાખાઓ**

## થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦૨૩ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ૦૭ થી ૨૯ દિવસ સુધી | : ૩.૭૫% | ૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી | : ૭.૨૫% |
| ૩૦ થી ૯૦ દિવસ સુધી | : ૪.૨૫% | ૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી | : ૭.૭૫% |
| ૯૧ થી ૧૮૦ દિવસ સુધી | : ૫.૦૦% | ૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી | : ૬.૦૦% | ૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૨ માસ સુધી | : ૬.૭૫% | સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ | : ૩.૭૫% |

**સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર**

**1,10,527 સભાસદો**

## અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(૩) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

| | | | |
|---|---|---|---|
| **શ્રી કે. કે. પટેલ**<br>ચેરમેન | **શ્રી જી. કે. પટેલ**<br>વાઈસ ચેરમેન | **શ્રી વિનોદભાઈ એમ. પટેલ**<br>ચીફ એક્ઝીક્યુટીવ | **શ્રી ચંદુભાઈ આઈ. પટેલ**<br>સ્થાપક ચેરમેન |

### બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ખોડાભાઈ એન. પટેલ<br>સ્થાપક મેને. ડીરેક્ટર | ડો. અનિલભાઈ ડી. પટેલ | ભાઈલાલભાઈ એમ. પટેલ | કાનજીભાઈ એસ. પટેલ |
| નરોત્તમભાઈ એસ. પટેલ | જીતેન્દ્રભાઈ પી. પટેલ | વિનોદભાઈ બી. પટેલ | કોકિલાબેન એન. પટેલ |
| ઘનશ્યામ કે. પટેલ | અમૃતલાલ જી. પટેલ | ઉપેન્દ્રભાઈ કે. પટેલ | દિપીકાબેન આર. પટેલ |
| લક્ષ્મણભાઈ એસ. વણકર | સોમાભાઈ બી. પટેલ (પ્રો. ડીરેક્ટર) | શ્રી અશોકકુમાર<br>(એડીશનલ ડાયરેક્ટર) | તથા સમગ્ર અર્બન બેન્ક પરિવાર |
| | અલ્કેશભાઈ બી. પટેલ (પ્રો. ડીરેક્ટર) | | |



**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, કવિ અને પૂર્વ પ્રોફેસર
જે.એ.પટેલ મહિલા કોલેજ, મોરબી

# ભય એટલે માણસની પામરતા

**ભયના ત્રણ સ્તર છે : પ્રથમ સ્તરે એ આપણને સમસ્યાઓ – પડકારો વિશે તર્ક – વિતર્ક કરાવે, બીજા સ્તરે આપણને પરિસ્થિતિમાંથી બહાર ધકેલે અને આપણું અસામર્થ્ય બહાર લાવે છે. તેનું ત્રીજું સ્તર ભયાવહ છે. માણસને હતો–નહતો કરી નાખે અથવા અસ્તિત્વ મીટાવી દે છે.**



રાત્રિના બે થવા આવ્યા હશે. ચારેબાજુ સૂનકાર હતો. અમાસની રાત હતી. ક્યાંક તમરાના અવાજોથી રાત ભારે લાગતી હતી. ગરમીની મોસમમાં થોડી રાહત હતી. ઘરમાં બધા ઊંઘના ઘેનમાં ઘેરાયેલા હતા. ત્યાં એકાએક ચીસ સંભળાઈ : 'મારે પરીક્ષા નથી આપવી..! મને કંઈ યાદ નથી રહેતું..! હું નાપાસ થઈશ..! મારે પરીક્ષા નથી આપવી..! મમ્મી..! મમ્મી...! મારી કોઈ વેલ્યું નહીં રહે..! હું તમારું સ્વપ્ન સાકાર નહીં કરી શકું..! પપ્પા..! પપ્પા..! મારે નથી ભણવું...! મારે મરી જવું છે...! આ ચીસ હતી યશની. ૧ થી ૧૦ ધોરણ સુધીનો યશસ્વી વિદ્યાર્થી. માતા-પિતાનો એકનો એક દિકરો. ધોરણ-૧૦ માં ૯૮ ટકા આવ્યા હતા. ડૉક્ટર બનવાનું માતા-પિતાનું સ્વપ્ન વીંઝાતું હતું. ધોરણ-૧૨ ના ત્રીજા સેમેસ્ટરમાં તેને લાગવા માંડ્યું કે મારે મેડીકલના ટકા નહીં આવે. બસ, ત્યારથી તેની અભ્યાસની લગની, મહેનત, જોમ, જુસ્સો, ઉત્સાહ, થનગનાટ આત્મવિશ્વાસમાં તીરાડો પડવા લાગી. સતત ડરને બદલે સતર્ક રહયો હોત તો ડૉક્ટર બની ગયો હતો. યશ આજે પણ અપસેટ છે. અંદર પ્રવેશી ગયેલો એક જ બાબતનો ભય જો ઘાતક બની જાય તો માણસનાં જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે.

'ભય' ના વિવિધ અર્થો મળે છે : ડર, આપત્તિ, વિપત્તિ, આફત, સંકટ, કષ્ટ, અનિષ્ટ, આતંક, ત્રાસ, વહેમ, ઉદ્વેગ, બીક, ડર, ધાસ્તી ગભરાટ, સંદેહ, શંકા, સંશય વગેરે. આમ ભય ઘણા વિસ્તારને સાથે વણી લે છે. આહાર, નિદ્રા, મૈથુન અને ભય એ ચાર વૃત્તિ કોઈપણ જીવાત્મા, પ્રાણી કે માનવ સાથે જોડાયેલી છે. ભય છે એટલે માણસ સતર્ક થાય છે, પ્રવૃત્તિશીલ બને છે, ગતિમાન બને છે. નાપાસ થવાનો ભય મહેનત કરવા પ્રેરે છે. કેન્સરનો ડર છે એટલે વ્યસનથી દૂર રહે છે. અકસ્માતનો ભય, રૂઢિ, પરંપરા, નીતિ અને કાયદા કાનૂનનો ભય છે એટલે સમાજવ્યવસ્થા વ્યવસ્થિત ચાલે છે. મોતનો ડર છે એટલે જીવનનું મૂલ્ય છે, જીવાતા જીવનમાં રસ છે.

જેમ યશને પરીક્ષાનો ડર ડૉક્ટર બનતા અટકાવી ગયો. એ ભય વિચારવા જેવો છે. ભય સતાવવા લાગે ત્યારે બેચેન કરી દે છે. વર્તમાનની કિંમતી ક્ષણો છીનવી લે છે. દરેક વ્યક્તિ નાનામોટા ભયથી પીલાતો હોય છે. કોઈને પાણીનો ડર, કોઈને વીજળી પડવાનો ડર, કોઈને આગનો ડર, કોઈને અંધારાનો ડર, કોઈને અકસ્માતનો ડર, કોઈને હરીફનો ડર, કોઈને મેલી વિદ્યા, કામણ ટૂમણનો, ગ્રહન નડતરનો ડર, કોઈને ભૂત-પ્રેત, ડેન, ડાકણનો ડર, નાનામોટા ગુન્હાઓ કરનારને પકડાઈ જવાનો ડર અને મૃત્યુનો ડર બધાને હોય જ છે. બાળકો, યુવાનો, મહિલાઓ, વૃદ્ધો વગેરેને પોતાની પરિકલ્પના મુજબ ભાતભાતના ડર સતાવે છે. ઘણા તો ભય ઊભો કરાવીને કમાણી કરી લે છે.

ભયના પહેલાં સ્વરૂપને સમજી લેવું જોઈએ. એ સમયે આવનાર પડકારને પહોંચવા માટે તૈયારી કરવાની છે, સતર્ક થવાનું છે. આમ તો ભય પૂર્વધારણા છે. એ પરિણામ નથી. કર્મનું ફળ નથી. મનની માયાવી લીલાનું એક રૂપ છે. એ આપણી શક્તિ-મતિ મુજબ એને સ્વીકારવામાં આવે છે અને આપણા કંઠે એનો ઘંટ સામે ચાલીને બાંધવામાં આવે છે. એમાં આપણું આંતરિક અને પછી બાહ્ય આખું અસ્તિત્વ જોડાઈ જાય છે. ભય પોતાની લીલા શૂન્યમાંથી સર્જન કરી શકે છે. ડરપોક બની જવું એ મનોવિકૃતિ છે. ખોટું કામ કરીને ડરવું એ કરેલાં કર્મનું ઈશ્વરે આપેલું ફળ છે.

માણસ એટલે સમસ્યાઓનું પોટલું. એક જાય ત્યાં બીજી આવી જાય. બીજી ન જાય ત્યાં ત્રીજી બારણાં ખખડાવતી જ હોય. આ સમસ્યાઓનું કારણ તપાસીએ તો તેની અંદર રહેલી નબળાઈઓ છે. આ નબળાઈ એને પામર બનાવી દે છે. આ વિકૃતિઓ તેને હતોત્સાહી કરે છે. ઘણી વિકૃત્તિઓ જાતે ઊભી કરેલી પડોજણ છે. એમાંની એક પડોજણ એટલે ભય, વંદાથી કે ગરોડીથી ડરનારને કાયમ ભય રહેવાનો, માણસને રોગ નથી મારતો એટલો રોગનો ભય મારી નાખે છે.

જગત અને માણસ તેજ - અંધારનું પૂતળું છે. જેને પકડવામાં આવે એવું મળે અને તેવું થઈ જવાય છે. જેને માન-અપમાનની પરવા નથી, ખોટું કરતો નથી, નીતિ-ધર્મ જાળવે છે, ફરજ નિષ્ઠાથી બજાવે છે, સન્માર્ગે ચાલે છે, મન-વચન-કર્મથી વફાઈ છે તેને ડર નથી. અધ્યાત્મ સાથે જો જોડાણ હોય તો મૃત્યુનો પણ ડર નથી કેમ કે, ભયને ઓળંગવાની એનામાં ક્ષમતા છે. ગીતાના કર્મયોગ મુજબ જીવી જાય તો ભય નથી. આપણે માનીએ છીએ - માગીએ છીએ : 'અંબા અભયપદદાયિની રે...' 'પોતાનો કરી સેવામાં સ્થાપો, પ્રભુજી અભયપદ આપો...' આ આપણો આતમ ઉદગાર છે. એમાં પીડાતા વિવિધ ભયમાંથી મુક્તિ આપો - એવી અરજ કરીએ છીએ.

■ ■ ■

**ટોમસ જેફરસન**
સુપ્રસિધ્ધ લેખક

# બગીચો પૃથ્વીની સંસ્કૃતિ છે



જંગલ પ્રકૃતિ છે. બગીચો સંસ્કૃતિ છે. ફલાવરવાઝમાં ગોઠવાયેલા પ્લાસ્ટિકનાં ફૂલો વિકૃતિ છે. કોઈપણ શહેરની કલ્પના બગીચા વિના કરવી અશક્ય લાગે છે. શહેરમાં કમ સે કમ આટલું તો હોવું જોઈએ. બાગ-બગીચા, ઊડતા ફૂવારા, પુસ્તકાલય, રંગભૂમિ અને પલાંઠી વાળીને બેઠેલાં મંદિરો એટલે કે કોઈપણ ધર્મસ્થાન. જીવનની કરૂણતા એ છે કે આપણે વધુને વધુ કહેવાતા આધુનિક થતા ગયા તેમ તેમ આપણે પ્રકૃતિથી દૂરને દૂર જતા ગયા. શહેરમાં જેટલો સંકડાશનો અનુભવ થાય છે એટલો મોકળાશનો થતો નથી. બગીચો મનુષ્યના ઘરની ક્ષિતિજનો વિસ્તાર છે. મોકળાશનો અનુભવ આપે અને આસાએશનો અહેસાસ કરાવે એ બગીચો. આ બગીચો એમને એમ ઊભો થતો નથી. એને માટે પ્રકૃતિનો પ્રેમ જોઈએ. ધરતી કદાચ પોતાના તમામ જખમો ફૂલ દ્વારા પ્રકટ કરે છે. નસીબદાર માણસો પાસે અંગત બગીચો હોય છે અને પ્રજાજન માટે જાહેર બગીચો. દરેકના બગીચાનો ખ્યાલ જુદો હોય છે.

એક પરદેશી લેખિકાએ એવું કહ્યું કે ગરીબના બગીચામાં ભલે ફૂલો ઊગતાં ન હોય પણ એના માયાળુ વિચારો, સંતોષ, મનની શાંતિ અને એમાંથી પ્રકટતી પ્રસન્નતા એ પણ એક બગીચો છે. ઘરમાં એક નાનકડું ફલાવરવાઝ હોય અને એમાં એકાદ ફૂલ આપણને એટલી તો પ્રતીતિ આપે છે કે ધરતી જવાબ આપ્યા વિના નહીં રહે. મોટાભાગના માણસો જ્યારે ભેદી મૌન રાખતા હોય છે અને નિરર્થક કામો કરતા હોય છે, ત્યારે બગીચો ઉછેરવાનું કામ અર્થપૂર્ણ લાગે છે અને લાગણીનો વૈભવ પ્રકટ કરવા માટે ફૂલ જેવી કોઈ અભિવ્યક્તિ નથી. જે માણસને પોતાના બીજમાં શ્રદ્ધા છે તેના અસ્તિત્વની આસપાસ તેનો પોતાનો એક અદશ્ય બગીચો હોવાનો જ. પગ મૂકવા જેટલી પણ માણસ પાસે પોતાની મૌલિકતાની ધરતી હોય, વિચારનું કોઈ બીજ હોય તો કોઈક ને કોઈક રીતે વૃક્ષો અને ફૂલો પ્રકટ્યા વિના નહીં રહે.

તમે અમસ્તા પણ બારીમાંથી બહાર જુઓ અને એકાદ તરણું કે એકાદ ફૂલ કે એકાદ પતંગિયું હોય તો પણ આંખને કેટલી બધી રાહત થતી હોય છે ! રંગ ને સુગંધની સૃષ્ટિ એટલે માણસનો પોતાનો બાગ.

કોઈકે એટલે સુધી કહ્યું કે ઊઘડેલું ફૂલ એ ધરતીની બારી છે, જાણે કે સૂર્યને પ્રવેશવા માટે એ આમંત્રણ આપતી હોય !

બગીચાની વાત તો અહીં નિમિત્ત છે. સંગીતકાર માટે એના સ્વર એ એનો બગીચો. કવિ માટે એનું મૌન અને મૌનમાંથી પ્રકટતા શબ્દો એનો બગીચો. કોઈને માટે પુસ્તકો, કોઈને માટે મિત્રો, આત્મીય સંબંધ જેવો કોઈ બગીચો નથી. સંતને માટે આખી સૃષ્ટિ બગીચો. એક પ્રસિદ્ધ પંક્તિ છે કે બગીચામાં ચાલતા હોઈએ ત્યારે આપણે ઈશ્વર સાથે ચાલતા હોઈએ એવી અનુભૂતિ થાય છે. અંસુઅન જળ સીંચી સીંચીને પ્રેમવેલ રોપનારી મીરાં તો એટલે સુધી પરમાત્માને કહે છે -

**"મ્હાંરે ચાકર રાખો જી.**
**ચાકર રહસૂં, બાગ લગાસૂં**
**નિત ઉઠ દરશન પાસૂં.'**

ઈશ્વર માટે બગીચો રચી આપવાની ઝંખના જ કેટલી મધુર છે !

■ ■ ■

## શિક્ષણ સૃષ્ટિ



**પ્રા. ડો. હર્ષદેવ માધવ**
મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને
સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા

# સભા - સભાસદો - સભાપતિ

નમઃ સભાભયઃ સભાપતિભ્યશ્ચ વો નમો નમોऽश्वश्वभ्योऽपतिभ्यश्च वो नमो नमः ।
आच्याधिनीभ्यो विविध्यन्तीभयश्च वो नमो नमऽउगणाभयस्तृंहतीभ्यश्च वो नमः ॥
(યજુર્વેદ ૧૬-૨૪)

સભારૂપી રુદ્રદેવને નમન હો, સભાપતિ રૂપ રુદ્રદેવને નમન હો. અશ્વોના બળરૂપ રુદ્રને નમસ્કાર. અશ્વોના અધિપતિ રુદ્રને પ્રણામ હો. શ્રેષ્ઠ સેવકોની સભામાં રહેલ રુદ્રને પ્રણામ હો. સંગ્રામમાં સહાયક બનીને શત્રુ પર પ્રહાર કરનાર રુદ્રને નમસ્કાર હો. આ સૂક્તના ઋષિ કુત્સ મનાયા છે. તેના દેવતા બ્રહુરુદ્રગણ છે, શકવરી છંદ છે.

વૈદિક સમયથી જ સભાનું અત્યંત મહત્ત્વ હતું. અથર્વવેદનું એક સૂક્ત રાષ્ટ્રસૂક્ત કહેવાય છે. તેમાં કહેવાયું છે કે યુવાનો સભામાં બેસવા યોગ્ય બને. (સભેયુઃ યુવા) ઋગ્વેદના વરુણ સૂક્તમાં વરુણના એક હજાર થાંભલાવાળા સદન અને સભાનો ઉલ્લેખ છે. ઋગ્વેદના દશમા મંડળમાં એક મંત્ર છે. તેમાં કહેવાયું છે કે તમે સાથે ચાલો. એકબીજા સાથે બોલો અને તમારું ચિત્ત અને મન એક સમાન થાય. ભારતની પ્રાચીન રાજ્ય વ્યવસ્થામાં સમિતિ અને સભા બે સંસ્થાઓ હતી. સમિતિમાં યુવાનો બેસતા અને નગર વ્યવસ્થાના નિર્ણયો લેતા. સભામાં વૃદ્ધો બેસતાં, તેઓ ડહાપણ અને કુનેહથી પ્રશ્નોને ઉકેલતા.

યજુર્વેદ (૩,૪,૫) માં ઋષિ કહે કે ગામમાં, જંગલમાં, સભા સ્થળે કે ઈન્દ્રિયો દ્વારા અમે કોઈ પાપ કર્યું હોય તો અમે યજ્ઞની આહુતિ દ્વારા તેને નષ્ટ કરીએ છીએ. જે સભામાં બેસી શકે તેવી સ્ત્રી હોય એટલે કે જે



જ્ઞાનવાળી મહિલા હોય તે સભાવતી કહેવાતી. (ઋગ્વેદ - ૧, ૧૬૭-૩) સભામાં પ્રમુખ હોય તે સભાવાન કે સભાપતિ કહેવાતો. સભાની વચ્ચે રહેનાર મુખ્ય પદાધિકારી સભાસ્થાણુ કહેવાતો. (યજુર્વેદ - ૩૦-૧૮) સભામાં કુશળ હોય તે સભેય કહેવાતો. (યજુર્વેદ ૩૪-૨૧)

ઋગ્વેદમાં (૨-૨૪-૧૩) માં સભાના ઉત્તમ વક્તાનો નિર્દેશ થયો છે જે સભામાં બેસી શકે તે સભ્ય કહેવાય. શૌનકના નીતિસારમાં કહેવાયું છે કે જ્યાં વૃદ્ધો ન હોય તે સભા નથી, જે ધર્મ ન બોલે તે વૃદ્ધો ન કહેવાય. જેમાં સત્ય ન હોય તે ધર્મ નથી. જે છળકપટવાળું હોય તે સત્ય ન કહેવાય. (શૌનક નીતિસાર-૧૧૫) મહાભારતમાં એક પર્વનું નામ સભાપર્વ છે. તેમાં ઈન્દ્રની સભા, યમરાજની સભા, વરુણની સભા, કુબેરની સભા અને બ્રહ્માજીની સભાનું વર્ણન છે. સભામાં બેસવું એટલે શિષ્ટતાપૂર્વક વાત કરવી, વિનયપૂર્વક વહેવાર કરવો અને લોકહિત માટે પ્રયત્ન કરવો. જ્યારે વાણી, વર્તન અને મનમાં આવી પવિત્રતા, નિર્મળતા અને સત્ય આચરણ પ્રગટ થાય ત્યારે સાચા અર્થમાં આપણે સભ્ય બનીએ એવી સભામાં પરમાત્મા પોતે બિરાજે. આમ સભાનો અર્થ લોકકલ્યાણ કરવા માટે સાથે બેસીને વ્યવહાર કરવો એ છે. આથી જ કહેવાયું છે જો એકબીજાનાં મન શુદ્ધ હોય તો લોકકલ્યાણ થઈ શકે છે.

મરિજ કહે છે તેમ -

બે જણા દિલથી મળે તો એજ મજલિસ છે મરિઝ
દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.

■ ■ ■


Celebrating More than 40 years of Trust, Taste & Purity
www.ankuroils.com
SINCE 1978
Ankur®
EDIBLE OILS
એજ અતૂટ બંધન
100% NATURAL
New Pack
Ankur
GROUNDNUT OIL
Our Other Products:
Refined Cottonseed Oil, Refined Sunflower Oil,
Refined Soyabean Oil, Refined Corn Oil,
Kachi Ghani Mustard Oil, Mild Mustard Oil
Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015
Business Inquiry No.: +91 82382 38250
Follow us on:



**મહેન્દ્ર પટેલ**
લેખક - સંપાદક અને લિંકન ફાર્માસિસ્ટના માલિક

# એકાગ્રતા

સુખી - સંપન્ન પરિવારની એક દિકરી છે. નાનપણથી લઈ યુવાવય સુધી માતા સાથે નિયમિત મંદિરે દર્શન કરવા જતી હતી. મનમાં ક્યારેક અનેક પ્રશ્નો ઉદ્‌ભવતા. એક દિવસ આ દિકરીએ પિતાજીને કહ્યું, “હવેથી હું મંદિરે દર્શન કરવા નહીં જાઉં.” પિતાએ પૂછ્યું, “કેમ ?” દીકરીએ જવાબ આપ્યો, “હું જ્યારે જ્યારે મંદિરમાં જાઉં છું, ત્યારે મંદિર પરિસરમાં પૂજારી અને ભક્તો ચાલુ પૂજાએ મોબાઈલ કાને ધરીને વાતો કરતા જોવા મળે છે. તેમજ મંદિરમાં આવતાં - જતાં કે બેઠેલા ભક્તો, ચાલુ ભજન-કીર્તન વેળાએ વાતચીત અને ગપ્પાં મારતાં હોય છે. નીતિમત્તા વિનાનું અને દંભભર્યું જીવન જીવતાં લોકોને જોઈ થયું કે હવે મારે મંદિરે નથી જવું.”

પિતાજીએ ધીરજ આપતાં કહ્યું, “પાકો નિર્ણય તારે જ કરવાનો છે. આ નિર્ણયમાં ઉતાવળ કરતાં પહેલાં હું જે પ્રયોગ કહું તે કરી જો, પછી યોગ્ય નિર્ણય લેજે.” પિતાજી પરત્વે માન-સન્માન ધરાવતી દીકરીએ હસતાં-હસતાં એમના પ્રયોગને આવકાર્યો.

પિતાએ કહ્યું, “તું એક પાણી ભરેલો ગ્લાસ હાથમાં પકડી મંદિરની બે વાર પ્રદક્ષિણા કર. ધ્યાન રાખજે પ્રદક્ષિણા દરમિયાન ગ્લાસમાંથી પાણી ઢોળાવું ન જોઈએ.”

દીકરીએ, પિતાજીએ સૂચવેલ પ્રયોગ તેમના આદેશ મુજબ કર્યો અને પછી ઘરે આવી.આનંદમાં આવી જઈ પાણી ભરેલો ગ્લાસ પિતાજી સમક્ષ મૂકતાં જણાવ્યું કે આપના કહેવા મુજબ પ્રયોગ કર્યો અને સફળ રહી. ખુશ થતાં પિતાજીએ દીકરીને ત્રણ પ્રશ્ન પૂછ્યા -

(૧) દીકરી, તે ત્યાં ફોન ઉપર વાતો કરતાં માણસો જોયાં?



(૨) દીકરી, તે ત્યાં ભજન-કીર્તન કરતાં ભક્તોમાં ગપ્પાં મારતાં માણસો જોયાં?

(૩) દીકરી, તે ત્યાં નીતિમત્તા વગરના દાંભિક માણસો જોયાં?

દીકરીએ જવાબ વાળ્યો, “પાણી ભરેલો ગ્લાસ હાથમાં હતો. પાણી ક્યાંય ઢોળાય નહીં તેનું ધ્યાન રાખું કે પ્રદક્ષિણાના સમયે લોકો સમક્ષ જોઉં ? પ્રદક્ષિણા દરમિયાન મારું ધ્યાન બીજે ક્યાંય ગયું જ નહોતું. મેં આસપાસની કોઈ ક્રિયા કે હલચલ જોઈ જ નથી.”

**એકાગ્ર મન વધુ સબળ અને શાંત હોય છે. પરિણામે બાહ્ય જગતનો કોલાહલ આપણા ચિત્તને સ્પર્શતો નથી.**

“બસ, મારી વહાલી દીકરી, હું એ જ કહું છું, હવે જ્યારે મંદિરમાં જાય ત્યારે તું સંપૂર્ણપણે તારી જાતને પ્રભુમય બનાવી દેજે. તેમજ ધ્યાન કેન્દ્રિત કરજે અને તારી જાતને ભગવાન સાથે જોડી દેજે.” દીકરીએ પિતાનો આભાર માન્યો.

આમ આપણે આપણામાં રહેલી આંતરિક શિક્ષા-શક્તિથી પ્રભુમય થવા નિશ્ચિત ‘ધ્યાન’ ધરીશું તો બાહ્ય જગતનો કોલાહલ આપણા ચિત્તને નહીં સ્પર્શે અને નિશ્ચિત ધ્યેય ઉપરનું ફોકસ જ ઉજાગર કરશે.

સૂર્યની ગરમી આખા જગતને પ્રકાશિત કરે છે. ઊર્જા પ્રદાન કરે છે; પરંતુ બિલોરી કાચ સૂર્ય સામે રાખવાથી ધીરે-ધીરે ગરમી અગ્નિમાં બદલાય છે. ધ્યાન-યોગમાં જબરદસ્ત શક્તિ રહેલી છે જીવનમાં એક જ ધ્યેય (Goal) રાખીને ‘ધ્યાન કેળવીએ તો કોઈપણ અવરોધ વચ્ચે આવતા નથી.

■ ■ ■

**શિક્ષણ સૃષ્ટિ**

**ગ્લોરિયા સ્ટેઈનામ**

# સ્ત્રીઓ - પુરુષો માટે પ્રથમ પ્રશ્ન ભણવાનો નથી પણ ભણેલું - ભૂલવાનો છે.

ગ્લોરિયા સ્ટેઈનામ એ નારીમુક્તિની ચળવળ સાથે સંકળાયેલી વ્યક્તિનું નામ છે. કેળવણી વિશે બધાને બોલવાનો એક પરવાનો છે. ભણેલા બોલે, અભણ બોલે જે કોઈ હોય એ બોલી શકે. કેળવણીની સ્થિતિ ગરીબની વહુ એ સહુની ભાભી એના જેવી છે અથવા કુટુંબમાં મોટેરાઓની વચ્ચે એક બાળક હોય અને જતાં આવતાં જે કોઈને જે કાંઈ ઈચ્છા થાય એ પ્રમાણે એની જોડે રમે અને મનફાવે ત્યારે ટપલી મારીને ચાલતા થાય.

કેળવણીનો અર્થ એક જ હોઈ શકે કે મનુષ્યમાત્રમાં જે કોઈ શક્તિ હોય એ શક્તિને પ્રકાશમાં આણવાની. આપણે વિદ્યાર્થીઓને ગોડાઉન બનાવી દીધા છે. માહિતીઓથી એમને ભરી દઈએ છીએ. માહિતી જ્ઞાન નથી, જ્ઞાનનું પ્રથમ પગથિયું છે. આપણે પ્રથમ પગથિયાને જ મંજિલ માની બેઠા છીએ અને પ્રથમ પગથિયે જ બેસી જઈએ છીએ. આપણે એટલું બધું ખોટું, નકામું, નિરર્થક ભણ્યા છીએ કે ભણેલું ભૂલીએ તો કુંવારું જ્ઞાન અવતરે. ઘડો ખાલી હોય તો એમાં જળ ભરાય પણ ઘડો પોતે જ મેલા જળથી ભરેલો હોય તો નિર્મળ જળ ભરવા માટે એને ખાલી કરવો જોઈએ.

એલિયટ જેવા કવિએ કહ્યું છે કે વિચાર અને કર્મનું અનંત ચક્ર ચાલે છે. અનંત શોધખોળ-સંશોધન થાય છે. અસીમ અખતરાઓ થાય છે. આ આપણને ગતિનું જ્ઞાન આપે છે સ્થિતિનું નહીં. આપણને શબ્દોનું જ્ઞાન આપે છે પણ શબ્દેશબ્દનું આપણી પાસે અજ્ઞાન હોય છે. આપણે સમજણપૂર્વક શબ્દનો પણ ક્યાં ઉપયોગ કરીએ છીએ ? આપણી પાસે શબ્દનું ઝૂમખું નથી પણ શબ્દોનું ટોળું છે. ટોળાંનો કદીય અર્થ નથી. આપણું કહેવાતું જ્ઞાન આપણને અજ્ઞાન તરફ લઈ જાય છે. આપણું અજ્ઞાન આપણને મૃત્યુ તરફ લઈ જાય છે. આપણે મૃત્યુની નજીક હોઈએ છીએ ઈશ્વરની નજીક નથી હોતા. એલિયટ ક્યાંક કહે છે એમ મોટા ભાગના માણસો પુસ્તકો લખવામાં અને છપાવવામાં પડ્યા છે. મોટા ભાગના માણસો રેસ રિપોર્ટ સિવાય કશું જ વાંચતા નથી. ઘણું બધું આપણે બાંધીએ છીએ. પણ ઈશ્વરના ઘરની ક્યાંય સ્થાપના નથી. ઘણું બધું વાંચીએ છીએ પણ ઈશ્વરનો એકેય શબ્દ નહીં.



આપણા માથામાં ભૂસું ભર્યું છે. લાકડાનો વહેર છે પણ ક્યાંક લાકડું જેમાંથી થાય છે એ લીલાછમ વૃક્ષની આપણે ઉથાપના કરી છે. કેળવણી સાથે સર્જકતા અને મૌલિકતા સંકળાયેલી છે. એને આપણે ક્લૉરોફૉર્મ સૂંઘાડ્યું છે. આપણી સંવેદનશીલતાને તો લકવો થયો છે અથવા જીવલેણ કેન્સર થયું છે. ધર્મ વિજ્ઞાન અને ઉદ્યોગ સાથે ન સંકળાય તો માત્ર આપણા જ દેશનો નહીં પણ, કોઈ પણ દેશનો ઉદ્ધાર નથી. હું જ્યારે ધર્મ શબ્દનો ઉપયોગ કરું છું ત્યારે એમાં કળા સમાયેલી છે એમ સમજીને ઉપયોગ કરું છું. કોઈ પણ ઉત્તમ કળા ધર્મની પરાકાષ્ઠા છે. વિજ્ઞાન એટલે માત્ર વિજ્ઞાન જ નહીં પણ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વૈજ્ઞાનિક અભિગમ. ધર્મનો મારા મનમાં એક જ અર્થ છે. કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના આપણામાં રહેલો મનુષ્ય રસ. નિંદા કે કૂથલી વિનાનો આ મનુષ્ય રસ, એ જ પ્રથમ અને પરમ નિસ્બત. આ નિસ્બત હોય તો કોઈ પણ પ્રકારના ધર્મના લેબલ વિના માણસ ધાર્મિક થઈ શકે, ક્રિયાકાંડ વિના આધ્યાત્મિક થઈ શકે. કેળવણીનું કામ દીવામાંથી દીવો પ્રગટે એમ મનુષ્યમાંથી મનુષ્યને પ્રગટાવવાનું છે.

■ ■ ■



**પ્રેરણા પટેલ** (એમ.ટેક્.)
લેખિકા, મેલબોર્ન - ઓસ્ટ્રેલિયા

# સુખ - દુઃખના પાટા વચ્ચે જીવનગાડી

પરિવાર વિવિધ ભાતનો ચંદરવો છે. એમાં હરખ અને શોકની હેડકી સાથે આવે. બધા પોતાની જવાબદારી સમજે તો સુખી પરિવાર. મનસ્વી રહેવા લાગે તો વેરણ-છેરણ થઈ જાય છે. માળો વિંખાય જતા વાર ન લાગે. ક્યારેક સમગ્ર પરિવાર સામે આવે, ઘણીવાર પરિવાર સામે વ્યક્તિ આવી જાય છે. જવાબદારી કુટુંબ સાથે હોય વળી તકલીફોમાં નાની લાગતી હોય છે, તો ઘણા કિસ્સાઓમાં કોઈ વ્યક્તિ માટે કુટુંબ અવરોધરૂપ પણ બની જતું હોય છે. ઘટના પળની હોય અને પરિણામ ભયંકર આવે એવું બનવાજોગ છે, તેને પળનું મહાભારત પણ કહી શકાય. પોતાની જવાબદારી સમજે અને ત્યાગભાવના હોય તો સુખી પરિવાર રામાયણ તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેનાથી ઉલટું થાય તો મહાભારત થાય છે. જીવન તેજ અને અંધારાની વચ્ચે જીવવાનું હોય છે. ઘણીવાર તલવારની ધાર પર ચાલીને પસાર થવું પડે છે. જીંદગી ગુલાબનું ફૂલ છે. વચ્ચે ખીલીને ખુશ્બુ આપવા માટે છે.

વર્તમાનમાં મોટાભાગનાં કુટુંબમાં અહંકારથી, મહત્તા સ્થાપવા સામસામે આવે છે, ત્યાં વાદવિવાદ, કજિયા, ખટપટ, વર્ચસ્વની લાલસા, અન્યોન્યને થૂંક ઉડાડવા આવતા એકતા ખરડાય છે. ઘર સળગવા લાગે છે. ઘરના સદસ્યો બળવા લાગે છે. વિચ્છેદન શરૂ થાય છે. સન્મતિથી હેમખેમ બે કુળ, બે પરિવાર, બે જીવાત્મા એક થયા હોય. સૌના અરમાન અને સદ્ભાવના અભિભૂત થઈ હોય. સંપત્તિ કે અહંકારનો ટકરાવ આવતાં જ તિરાડ પડે છે, છૂટાછેડા થાય છે. બધીજ સગવડતા હોય એવાં મોટા વિશાળ ઘરમાં આવું કે એનાં જેવું જે કુટુંબના સભ્યો જતુ કરવામાં માનતા હોય ત્યારે સ્વર્ગ અને ભૌતિક વસ્તુઓને વધુ મહત્તા આપીને સતત ખટખટ રાખે ત્યાં નરક જેવી સ્થિતિ હોય ત્યારે નરક. માણસને શાંતિ જોઈએ છે. ધરતીનો છેડો ઘર છે.



**ન હોય જો કશું તો અભાવો નડે છે,**
**મળે જો બધું તો સ્વભાવો નડે છે.**

સીટીમાં રહેતા હોય, ત્યારે ઘરમાં કંટાળીને માણસ બહાર જાય છે. માણસ ધરતીના ગમે તે છેડે જાય એક બે વીકમાં થાકીને લોથપોથ થઈ કંટાળો લઈને ધરતીનો છેડો ઘર એટલે ઘરમાં આવી જાય છે. મોટો બંગલો હોય, મનગમતું મોંઘું રાચરચિલું હોય, સ્ટાન્ડર્ડ કંપનીની બે-ત્રણ કાર હોય, મોજ કરી શકાય એવું અખૂટ ધન હોય તો ઘર માને છે, તો સુખી હોવાનું માને છે. ઘણા લોકો સંપત્તિને બદલે સુચારું સહવાસ, સ્નેહ, ભ્રાતૃભાવે સુખ-દુઃખના સાથી બની, અન્યોન્ય વિશ્વાસ અને સંવાદિતાને સ્વીકારીને ઘરને સંસ્કારી બનાવે. સમસ્યા સાથે જીવન જોડાયેલું :

**તમન્નાએ ભી ઉમ્રભર કમ નહીં હોગી,**
**સમસ્યાએ કભી હલ નહીં હોગી.**

એકબીજા પ્રત્યે આદર અને નાના પ્રત્યે વાત્સલ્ય, ભાવભીનો ઉમળકો જ્યાં હોય તેને ઘર કહે છે. એક પરિવારની જીયા નામની દિકરીને બાયોડેટામાં બતાવેલી હકીકતને સત્ય માનીને સગપણ કર્યું. બે વરસ પછી ખબર પડી કે જે બતાવ્યું એવું વાસ્તવમાં નથી. પૂછે એટલે તુરત જ ધમકી, માથાકૂટ, ઘર ભેગી થઈ જા....આવું અવારનવાર થવા લાગ્યું. એક ફૂલ જેવી દિકરી જન્મી. છૂટું કરે તો આ દિકરીનું શું કરવાનું....એ સવાલ આવ્યો. કેસ ચાલે છે. જીયા પોતાની દિકરીને સાસરે મૂકીને પિતાને ઘેર આવી ગઈ છે. સાસરિયા છૂટું કરતા નથી. પિયરમાં ભાભી વચ્ચે જીવવું અઘરું પડે છે. ફૂલ જેવી દિકરી બેયના વાદની વચ્ચે પિલાય છે. જીયા ભણેલી છે, જીયા ઊંચી છે, સુંદર છે. ઉંમર છવ્વીસની છે. એકલી છૂટાછેડા લે તો બીજું સગપણ થઈ શકે તેમ છે. મુરતિયો દિકરી

## નારી સૃષ્ટિ

રાખે તો સગપણ થવાનું અઘરું પડે તેમજ છે. જીયા વહેલી છૂટી થવા માંગે છે. સાસરિયા વેલ લેવા માગે છે. જીયાના પિતા પાસે વેલ આપવાના પૈસા નથી. બે વરસ થયા જીયાના સંસારનો ગોટાળો ઉકેલાયો નથી.

અત્યારે આવી ઘટનાઓ છાશવારે બનતી જોવા મળે છે. કક્ષાથી વધારે મેળવવાની લાલસા, બીજાને સમજી ન શકવાની ક્ષમતાનો અભાવ, બાળકનાં લગ્ન પછી પરિવારને સાચી દિશા તરફ વાળવાની અણઆવડત, સત્યથી દૂર રહીને અધિક બતાવવાની વૃત્તિ, મોંઘી ડિગ્રી અને સાચી જીવન કેળવણીનો અભાવ, જીવન ઘડતરનો અભાવ, શિક્ષણનાં અવમૂલ્યને કેટલાય પરિવારને પીંખી નાખ્યા છે. ઘરકામ ન આવે તો ગમે તેવી ડિગ્રી કામ નહીં આવે, ગમે તેવી ગુણિયલ હોય પણ બાયોડેટાની ગોલમાલ આવનાર સમયમાં જીવલેણ બની જાય છે. એક શેર યાદ આવે છે :

**ગુજારે જે શીરે તારે જગતનો નાથ તું સહેજે,**
**ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.**

અહીંયા કોઈપણ અન્યાય સહન કરી લેવો એમ નથી કીધું, પણ જે પરિસ્થિતિ છે, તે સ્વીકારીને ઉકેલ માટે મથવાનું છે. અત્યારે સહનશીલતા જ સાવ ઓછી થતી જાય છે. બાળકને તાણીનો કહો તો આત્મહત્યા સુધી લઈ જાય છે. સામાન્ય વાતમાં છૂટાછેડા થાય છે. એમાં હવે લાખો કરોડોના સોદા થાય છે. સ્કૂલોમાં ચપ્પુ અને બંદૂક પણ આવવા લાગી છે. છેડતી પણ થાય છે. છડે ચોક આબરૂના ધજાગરા થાય છે. હવે સિંગલિયા પરિવાર છે. બાળકનો ભાર લાગે છે. બાળકને ભણતરનો ભાર લાગે છે. સ્કૂલ-કોલેજના વાતાવરણ બદલતા જાય છે. જે સંસ્કાર પરિવાર અને સ્કૂલમાંથી મેળવવાના હોય છે તે મળતા નથી અને સંસારમાં પ્રવેશ થાય એ પણ જોખમકારક છે. વસ્તુગત જીવન ધારણાઓને પરિણામે હંમેશા સંસાર સમસ્યાથી ખદબદે છે. સમજદાર માણસોએ સમજી જાવાનું છે :

**એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી,**
**એટલે શાણા સાહ્યબીથી લેશ પણ ફૂલતા નથી.**

વ્યક્તિ વ્યસન ફેશનમાં તણાતી જાય છે. ખાણીપીણીના નવતર શોખ ઉભા થતા જાય છે. પરિવાર ભૌતિક વસ્તુઓના ભરડામાં ભીંસાતા જાય છે. લાયકાતથી વધારે મેળવવાની તાલાવેલી અને ગમે તે ભોગે ધન કમાઈ લેવાની લાલસા ભયંકાર પરિણામો લાવે છે. ગમે તેટલી આવક હોય તો પણ બે છેડાં ભેગા કરવા એ પણ એક પડકાર છે. તાણીતૂંસીને માંડ ભેળું કરીને જીવતા હોય. ધંધા સેટ થવા જાય ત્યાં દિકરી-દિકરીના ભણવાનાં ખર્ચ શરૂ થાય. સગપણમાં ભૌતિકતા જોવાની ઈપ્સાઓ આવનાર સમય માટે ખતરાની ઘંટી હોવા છતાં એમાં હોમાતા જાય છે.

**સીતામકી ઈંતેહા દેખે જમાના ભી,**
**કી જિસમે મરતે થે ઉસીને માર ડાલા.**

જૂની નવી પેઢીનો સંઘર્ષ વરસોથી ચાલે જ પરિવાર માટે એ પણ ખતરારૂપે સામે આવે છે. પરિવાર ભણતર ગણતરથી ઈમ્બેલેન્સ થતો જાય છે. કાં પારકી જણી માનેલી વહુ અથવા પરાયા માનેલા સાસુ - સસરા એવા મા-બાપ હેરાન થાય છે. બેટા વચ્ચે મૂરતિયો કાયમ મૂંઝાય છે. તે આ પાર કે ઓ પાર કરીને શરણાગત થઈ જાય છે. અપરણિત રહીને આઝાદી ભોગવવાની લાલસા, મોટી ઉંમરે થતા લગ્ન, સંસાર જીવનમાં અસંતોષ, અલગારી વિચારધારા, અરસપરસના સહવાસનો ખાલીપો વગેરે પરિબળોએ મધુરા સંસારને દુઃખદ બનાવી દીધો છે. અપરિચિત પરિવારની ગેરસમજ, અહમ્‌ને પોષવા માટે પરપિડન કરવાની વૃત્તિ, વેર અને વટનો મામલો, પારકી હોવાની માનસિકતા અલગતાવાદી, મનોવલણ આવી જાય તો આફત આવી જ સમજો. જવાબદારીને વહન કરવાની ક્ષમતાનો અભાવા પનોતી નોતરે છે.

**વિપત્ત પડે ન વલખીએ વલખે વિપત્ત ન જાય,**
**વિપતમાં ઉદ્યમ કીજીએ ઉદ્યમ વિપને ખાય.**

કોલેજ કાળની ફ્રેન્ડશીપની પરંપર, બિનજરૂરી મોબાઈલની વધતી જતી માયા, વાસ્તવથી દૂરની સીમાને લાંઘતા ઊંચા અરમાનો આંજીને સંસારમાં પગલાં મૂકવાની લીલાથી જીવતરની પનોતી શરૂ થાય છે. જે હેતુ લઈને ભણવામાં આવે છે એ સિવાયના હેતુઓ પકડાય છે એટલે સમસ્યાઓ આવી પડે છે. લગ્નની મૂળ ભાવના વિસરાય ત્યારે જોખમ ઊભું થાય છે. એક શેર યાદ આવે છે :

**આંધિયા પૂરી હસરત સે,**
**અપના સર પટકતી રહ ગઈ;**
**મગર બચ ગયે વો પેડ,**
**જિનમેં જુકનેકા હુન્નર થા**

આફતના પહાડો ઓળંગવાની આવડત હોવી એ પહેલી શરત છે. પથ્થર સોંસરવું તરણું ઊગી શકે છે. ભીંત તોડીને પીપળો ઊગી શકે છે અને પહાડી ચીરીને કલકલ કરતું ઝરણું વહી શકે તો માણસ અનેક સમસ્યાના પહાડ વચ્ચે ઉગવાની શક્યતા ધરાવે છે. જીંદગી લાંબી વણજાર છે. સમસ્યા તો આવ્યા જ કરશે. બંધાઈને છૂટવું, છૂટ્યા પછી બંધાવું એ ઘટમાળ છે. રણની આંધીઓ વચ્ચે જીવી જવાનું હોય છે. થાકવું, હાંફવું, હારી જવું પાલવે જ નહિ. હક્ક માટે જંગે ચડતા પહેલા ઉત્તરદાયિત્વ સમજીને નિભાવવું જોઈએ.

■ ■ ■



**રજની પટેલ**
ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ લેખક

# અમારા ઉપવનનાં વૃક્ષો

દામ્પત્ય જીવનના અંતરિયાળ રસ્તામાં થોડી લટાર મારીએ. લગ્નજીવનમાં માત્ર વર-વધૂ કે પતિ-પત્નિના સહવાસી જીવનથી પૂર્ણતાનું પૂર્ણવિરામ નથી મૂકાતું. દામ્પત્ય જીવનમાં એક પત્નિ એના પતિ સાથે સુખ, શાંતિ અને એખલાસથી પ્રેમનું પર્વ ઉજવે તો એ આવકારદાયક છે. પણ દામ્પત્યના ઉપવનમાં ઊગેલાં બીજાં વૃક્ષોની પણ સારસંભાળ રાખવી એટલી જ જરૂરી છે. દામ્પત્યના ઉપવનમાં સાસુ-સસરા, નણંદ, દિયર, કાકા-કાકી કે ભાઈ-ભાભી નામનાં વૃક્ષોની પણ હયાતી હોય છે. આ બધાં જ વૃક્ષોને પ્રેમનું પર્યાવરણ વત્તા કે ઓછા પ્રમાણમાં આપવું જોઈએ. લાગણીના ટહુકાને ઉપવનના દરેક ખૂણામાંથી ટહુકતો રાખવા દરેક વૃક્ષોની માવજત અને સારસંભાળ એટલી જ જરૂરી છે અને તો જ સંયુક્ત કુટુંબના ઉપવનમાં લાગણીના ટહુકા કાયમ ટહુકતા જ રહેશે.

પણ ન જાણે કેમ સમાજે સાસુ અને વહુના સંબંધને આવા વિચિત્ર રંગોથી રંગી નાખ્યા છે કે સાસુ અને વહુનું નિર્માણ માત્ર ઝઘડા માટે જ ન થયું હોય ! પરણીને હજી તો પ્રથમ પગલું પરિણયના બાગમાં પ્રવેશવા ભરાયું હોય ત્યાં તો સાસુના મનમાં વહુ વિશે અને વહુના મનમાં સાસુ વિશે વિચિત્રતા ભરેલા ભાવ પેદા થાય છે. સાસુ એના આધિપત્યને ટકાવી રાખવા અવનવા વિચારોના કાંટાનું વાવેતર કરે છે. સામા પક્ષે વહુ એ સામ્રાજ્યની સામ્રાજ્ઞી બનવા અવનવા પેંતરા અને પેરવીઓ કરે છે. સામ્રાજ્ય બાજુએ રહી જાય છે અને સામ્રાજ્ય પામવા માટેની લડાઈ શરૂ થાય છે. ઊભયપક્ષે અણસમજ છે.

સાસુએ એની સમજમાં કેટલોક ફેરફાર કરવો પડશે. વહુની વ્યાખ્યાને બેટીમાં પરિવર્તિત કરવી પડશે. વટનો વટહુકમ છોડીને લાગણીની લાકડી વડે સામ્રાજ્યમાં સ્થાન ટકાવવું પડશે. 'અરે તું સાંભળે છે કે નહીં ?' એવા બૂમબરાડાના બ્યૂગલો ફૂંકવાનુંબંધ કરવું પડશે. 'બેટા, જરા સાંભળ જો !' ની શરૂઆત કરવી પડશે. ટોક ટોક કરવાની ટેવને તાળું મારીને શિખામણના શબ્દોથી દિલના દરવાજે ઊભાં ઊંભાં સાદ પાડવો પડશે. વહુની નાની સરખી ભૂલને પણ 'બેટા, આવું તો થયા કરે. આવી ભૂલ તો મારાથી પણ થતી.' એમ કહીને ભૂલને મમતાનો મલમ લગાવવો પડશે. ટેબલ કે ટિપાઈ પર છવાયેલી રજ કે પલંગની ગાદી પર કરચલી સ્વાભાવિક છે, એ સાસુએ સ્વીકારવું પડશે. દાળની થોડી વધારે પડતી ખટાશને સ્વીકારવી પડશે. દાળની ખટાશને કારણે જીવનની મીઠાશને ખાટી ન કરી શકાય. હાથમથી પડીને તૂટી ગયેલા કાચના વાસણને કારણે કોઈના દિલમાં તિરાડ ન પાડી શકાય. વાસણ ફરીથી વસાવી શકાય છે પણ તૂટેલું દિલ ફરીથી જોડી શકાતું નથી.

સાસુએ ચોકીદાર નથી બનવાનું પણ લાગણીના રખેવાળ બનવાનું શીખવાની જરૂર છે. શિખામણનો સૂંડલો ભરીને શાકભાજી વાળાની જેમ રાડારાડ કરીને શિખામણનું માર્કેટિંગ નથી કરવાનું. રોક અને ટોક એ તો કજિયા અને કંકાસનું પ્રથમ પગથિયું છે. એ સાસુએ ક્યારેય ભૂલવું ન જોઈએ. ક્ષણ બે ક્ષણ અતીતને ઉલેચીને સાસુ જો ક્ષણ માટે વહુ બની જાય તો અણધારી અને ઓચિંતી આવતી ઉપાધિઓમાંથી કુટુંબને આપણે બચાવી શકીએ છીએ. સાસુએ વહુ સાથે વિચારોનો વેપાર નથી કરવાનો પણ વિચારનો વિનિમય કરવાનો છે. સાસુ અને વહુના વિચારોનું સંયુક્ત ખાતું એમની અંગત બૅન્કમાં ખોલાવવું પડશે, જેમાં સાસુ અને વહુની સંયુક્ત સહીથી વિચારોનું આદાન-પ્રદાન કરી શકાય. મનની સરળ બૅન્કની રચના જ સમાજનાં ડૂબતાં કે તૂટતાં કુટુંબોને બચાવી શકશે.

સાસુએ માલિકણનો ભાવ ભૂલીને તે માત્ર માલિક નથી પણ વડીલની વટછાયાની ભૂમિકા ભજવવી પડશે. વહુ એ ઘરનું એક અંગત અંગ છે. મારી દિકરી જો મારા ઘરમાં ચોરી ન કરી શકે તો મારી વહું એવું કાર્ય ક્યારેય ન કરે. વહુને તો દિકરીના ત્રાજવે તોલવી પડશે. ઢીલી કે પોચી વહુ પર ત્રાસ કે જુલમ ગુજારવાથી શાંતિના સામ્રાજ્યની સ્થાપના નથી થતી. સાસુ માત્ર અધિકારિણીનો અહમ્ ઘૂંટડે ઘૂંટડે પી શકે છે. અહમ્નો ઘૂંટડો અંતઃસ્થ અશાંતિનો અપચો પેદા કરે છે. રૂઢિચુસ્ત, ઝઘડાખોર અને અશિક્ષિત સાસુ અને શિક્ષિત સમાજની શાંતિ પ્રિય સાસુ સુધીનો રસ્તો કાપવો પડશે.

પરણ્યા પછી ગૃહપ્રવેશ કરતી કન્યા હવે સ્ત્રી બને છે. પરિપક્વતાનો ફાલ એના નાનકડા છોડ પર ઊગવો જોઈએ. છોડની કલ્પના અને પરિકલ્પનામાંથી દરેક કન્યાએ વહુના પરિવેશમાં પ્રવેશવું પડશે. 'વઢકણી વહુ'ના સમાજે આપેલા લેબલને સમાજની જ ભરી સભામાં પરત આપવાની સભાનતા એણે કેળવવી પડશે. જવાબદારીઓના આવનારા ઝંઝાવાત સામે અડીખમ ઊભા રહેવાની તાકાત એણે મેળવવી પડશે. માત્ર સાસરામાં જઈને સાસુને પજવવાના વિચારોને પડતા મૂકવા

# નારી સૃષ્ટિ

પડશે. 'વહુ' નું વરવું સ્વરૂપ ભૂલીને સાસરામાં દિકરી તરીકેના સ્વરૂપને સાચી રીતે દિપાવવું પડશે. ઝઘડો ક્યારેય વિજયધ્વજ લઈને દોડી નથી શક્યો. વિજયધ્વજ તો માત્ર દિલની લાગણી દ્વારા જ પ્રાપ્ત કરી શકાય. સાસુ અને સસરા એ ઘરનાં પૂતળાં નથી કે એમને એકાદ ખૂણામાં ગોઠવી દેવાય. વહુએ તો એ વાતને ભૂલવી જોઈએ કે તેના હાથમાં રહેલા રિમોટ કન્ટ્રોલથી સાસુ અને સસરાને કન્ટ્રોલ ન કરી શકાય. સાસુ અને સસરા તો દિલમાં પ્રતિષ્ઠિત કરવાની પાવન મૂર્તિઓ છે.

સાસુ પાસે માત્ર કામ જ કરાવવું. એંઠાં વાસણ અને કપડાંની ધોલાઈ ઊતરતી ઉંમરના સાસુ જ કરે ત્યારે માનવતા એની છેલ્લી હરોળમાં ઊભેલી જણાય છે. આવું કૃત્ય કરતાં પહેલાં દરેક વહુએ પોતાની માતાને આંખો બંધ કરી નિહાળી લેવી જોઈએ. એના ધ્રૂજતા હાથમાં રાખેલાં જુદાં જુદાં વાસણોને નિહાળવાં જોઈએ. વહુએ પણ વિચારવું જોઈએ કે સાસુ અને સસરા ઘરનાં પાળેલાં પ્રાણી નથી કે ઘરના બધા સભ્યો જમી લે પછી જે કાંઈ વધે તે તેમની થાળીમાં પીરસાય.

સાસુ સ્નેહનું સિંચન કરે અને વહુ પ્રેમના પર્યાવરણ અને લાગણીના પોષક તત્ત્વોનું પેય કરે તો કુટુંબના ઉપવનમાં મધુરાશ સિવાય બીજું કાંઈ મહેંકવાનો અવકાશ નથી. કૉમ્પિટિશન નહીં પણ કમિટમૅન્ટ અને કૉમ્પ્રોમાઈઝથી કજિયાને વધુ વિકરાળ બનતો અટકાવી શકાય. ભક્તિના સ્વરૂપને મંદિરના ગૂંબજ નીચે નહીં વડીલના આશીર્વાદના ઊંચકાયેલા હાથમાં શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. સાસુ-સસરા અને મારું કુટુંબ એ જ મારું મંદિર છે, એમ દરેક વહુએ સ્વીકારવું પડશે. સામા પક્ષે સેવા પામવા અને સેવા લાયક બનવા સાસુ - સસરાએ એમના સ્થાનની ગરિમાને શોભે તેવો વહેવાર કરવો પડશે, તો જ નિકંદનથી નંદનવનનો પંથ આપણે કાપી શકીશું.

**અમારા નંદનવનમાં વૃક્ષોનું જતન કરવા આત્માની સાક્ષીએ અમે પ્રતિજ્ઞા લઈએ છીએ કે...**

- વિસ્તરતા જતા સંબંધની સુવાસને સાચવવા, સુવાસને મહેંકાવવા, સુવાસને ટકાવવા સંબંધની સાચી ઓળખને અમે અંતરના ઊંડાણથી ઓળખીશું.
- 'સાસુ - સસરા' આવા શબ્દો નહીં પણ મા - બાપ જેવા મમતા ભર્યા શબ્દોને જીવનકોષમાં સ્વીકારીશું.
- માનવીય અભિગમની મહત્તા સમજી વડીલો જ ઘરના મંદિરના દેવી - દેવતાઓ છે અને એમની પૂજા જ અમારી પ્રાર્થના બની રહેશે.
- સામ્રાજ્ઞી નહીં પણ અર્ધાંગિની બનીને સામ્રાજ્યની રખેવાળી કરીશ. સાસુ, સસરા અને કુટુંબના સંસ્કાર અને મર્યાદા માટે આજીવન અડીખમ ઊભી રહીશ.

**('દામ્પત્યનો દસ્તાવેજ'માંથી સાભાર**






**મહેન્દ્ર પટેલ**
લેખક - સંપાદક અને લિંકન ફાર્માસિસ્ટના માલિક

# નારીશક્તિ મહાન

આજના યુગમાં ‘બેટી બચાવો, બેટી પઢાવો’ એક સરકારી અને સામાજીક આંદોલન થઈ ગયું છે. સરકાર એક મોટા સ્તરે ઘણાં વર્ષોથી આ અભિયાન દ્વારા સમાજની માનસિકતા બદલી રહી છે અને સમાજના ઘણા વર્ગોમાં હવે દીકરાને અને દીકરીને સમાન સન્માન મળવા લાગ્યું છે.

હિન્દુ ધર્મમાં પરંપરાગત દેવ અને દેવીઓની પૂજા થાય છે. આપણી દેવીઓ પાર્વતીજી, મા દુર્ગા, લક્ષ્મીજી, સરસ્વતીજી, કાલીમા વગેરેની આપણે દરરોજ પૂજા કરીએ છીએ. નવરાત્રિ અને દિવાળી જેવા ઉત્સવો, આ માતાજીઓનાં ગુણગાન અને પૂજા કરવા માટે જ ઉજવીએ છીએ.

આમ આપણા ધર્મનાં પાયામાં નારી શક્તિની ઈજ્જત અને પૂજા કરવાની પ્રથા છે. નારીને સમાજમાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે અને મળતું જ રહેશે. ઘણી જગ્યાએ નારીને સરખું સન્માન મળતું નથી અને તે સ્વરૂપે સરકારી અભિયાન દ્વારા સમાજને મૂળ ધર્મના પાયામાં રહેલ નારી - સન્માનને જગાડવાનું અભિયાન થાય છે.

આ અભિયાનના પરિણામ સ્વરૂપે નારી પુરુષ સમોવડી બની છે. પાઈલટ, સૈનિક, એન્જિનીયર, ડૉક્ટર, વૈજ્ઞાનિક અને લગભગ બધાં જ ક્ષેત્રમાં નારી પુરુષ સમોવડી બની છે. ઘણાં ક્ષેત્રોમાં તો નારી પુરુષ કરતાં પણ પ્રતિભાશાળી પ્રદર્શન કરે છે.

**માતા, બહેન, દીકરીને માન આપી, પુરુષ સમોવડી બનાવવા યોગદાન આપવું જોઈએ.**

આ પાયાની વાત આપણે દરેક સમાજની વ્યક્તિને સમજીએ અને માતા, બહેન અને દીકરીને માન આપી પુરુષ સમોવડી બનાવવામાં આપણું યોગદાન આપીએ.

■ ■ ■





उन्नति
सबमर्सिबल पम्प
Unnati
Since 1969
SUBMERSIBLE PUMP
"Together we can do it
Together we have always done it"
ENERGY IS LIFE
BEE
CONSERVE IT
ISO 9001
BUREAU VERITAS
Certification
IS : 8034
Unnati Pumps Private Limited
81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128
Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com



**અંબાલાલ આર. પટેલ**
સુપ્રસિધ્ધ લેખક

# જીજાબાઈની રાષ્ટ્રભક્તિ પ્રભુને ગમે



આજે આખા વિશ્વની નજર આપણી ભારતીય વૈદિક સંસ્કૃતિ ઉપર મંડાણી છે. તે સંસ્કૃતિની ગળથૂથી આપવાનું કામ જન્મ આપનાર જનેતાઓ વધુમાં વધુ કરી શકે છે. તેવું કામ કરનાર છત્રપતિ શિવાજી મહારાજના માતા જીજાબાઈને જોઈશું. જીજાબાઈ કોઈ કામે બહાર ગયેલા ત્યારે બાળક શિવાજી ઘણું બધું રડતા હતા. આયાએ ઘણા પ્રયત્નો કર્યા છતાં રડવાનું બંધ ન થતાં, આયાએ શિવાજીને પોતાના સ્તનને લગાડી ધવડાવ્યા પછી જીજાબાઈ આવ્યા. આયાએ બધી વાત કરી તો તરત જીજાબાઈએ શિવાજીના બે પગ પકડી ઊંચા કરી હલાવી આયાના દૂધની ઉલટી કરાવી, આયાને ભારે ઠપકો આપતા કહ્યું, “તને ખબર છે શિવાના પેટમાં ગુલામીનું દૂધ ન અપાય. તેને મોગલ દુશ્મનો સામે લડવાનું છે. તેના શૌર્યથી, વીરતાથી મા ભોમને આઝાદ કરવાની છે. તેથી તેને શારીરીક, માનસિક કે બૌદ્ધિક ખોરાક વડે તેનામાં તેજસ્વિતા-અસ્મિતા અને વિજીગીષુવૃત્તિ ઉભી થાય તેવો ખોરાક આપવો તે મારી માતા તરીકેની જવાબદારી છે.”

આ વાતને બહેનો સમજી લે અને પોતાના સંતાન ઉછેરમાં શરીર માટે ઈડાં-માંસ-બ્રાંન્ડી, ચરસ, દારૂ-ગાંજો-ગુટખા જેવા ઘાતક ખોરાકો અને મફતના ખોરાકો ન અપાય તેની સંપૂર્ણ કાળજી રાખે તે માતાધર્મ છે. તેવો ધર્મ બહેનો સાચવે તો પ્રભુને ગમે.

**બીજી વાત :** શિવાજી તેમના મિત્રો જોડે કિલ્લોહાર-જીતની રમતો રમતા હતા. જીજાબાઈ ઝરૂખામાંથી જોતા હતા. શિવાજી બેકાળજીમાં રમતમાં કિલ્લો હારી ગયા. જીજાબાઈથી જોયું ના ગયું તો શિવાજીને હાંક મારી ઉપર બોલાવ્યો. તેમના અવાજમાં ક્રોધનો રણકાર હતો. શિવાજી નતમસ્તકે માતા સામે ઊભા રહ્યા, તો જીજાબાઈએ જોરદાર તમાચો માર્યો, શિવાજીના ગાલ લાલચોળ થઈ ગયા, શિવાજીએ એક હરફ પણ ઉચ્ચાર્યો નથી. “શિવા, તમે રમતમાં પણ હારનો સ્વીકાર કેમ કર્યો ? તમે હાર તો સ્વપ્રે પણ ન સ્વીકારી શકો, તમારે માત્ર વિજય-વિજય ને વિજય જ પ્રાપ્ત કરવાનો છે. તમારી હાર હું ન જોઈ શકું.” કહી જીજાબાઇ રડી પડ્યાં છે. ત્યારે શિવાજી માતાના ખોળામાં બેસી માના આંસુ લૂછતા કહ્યું, “મા,મને ક્ષમા કરી દો, હવે સ્વપ્નમાં પણ પરાજય મેળવીશ નહીં.”

આજની માતાઓ સમજે કે બાળકોને લાડકોડ આપવા સારા છે. પણ તેનાથી તેનામાં કર્તુત્વ જોશ - હોશ મરી જાય-નમાલો થાય, સ્રૈણ થાય. આળસુ અને પ્રમાદી ન બનતાં હરેક ક્ષેત્રે તેની વિજીગીષુવૃત્તિ જીવંત રહે તેની માતાઓ કાળજી રાખે તે માતાધર્મ છે.

**ત્રીજી વાત :** શિવાજી તેમના એ મિત્રો સાથે નૃત્યગૃહના દરવાજાની તિરાડમાંથી નૃત્ય જોતા. રાત્રે મોડુ થયું અને જીજાબાઈને

# નારી સૃષ્ટિ

ખબર પડી તો શિવાજી સામે ક્રોધિત નજરે જોયું. તેમને તમાચો મારવા જતાં તુકાબાઈએ વચ્ચે પડી અટકાવ્યા છે, ને કહ્યું, "આ તો રાજકુમાર છે. આજે નહિ તો કાલે નાચગાન તો જોશે જ ને !" જીજાબાઈ તે ચર્ચામાં ન પડતાં શિવાજીને પોતાના ખંડમાં લઈ ગયા, અને કહ્યું, "શિવાજી આ વૈભવવિલાસનો, નાચગાનનો ચસકો લાગી જાય તો સ્વરાજની સ્થાપના માટે ટેકીલા કેવી રીતે રહી શકશો? તેમાં શિવા ધ્યેયપ્રાપ્તિ ભૂલી જવાય." આમાંથી બોધ લેવો કે નાચ-ગાન ને મનોરંજન બ્રહ્મચર્યાશ્રમમાં હોય તો તેના કેન્દ્રમાં ઈશ્વરને રાખીને હોય. ઈશાભિમુખતા છોડીને કામાભિમુખતાવાળું ન હોવું જોઈએ. ઘરમાં અર્ધનગ્ન સિરીયલો વિદ્યાર્થી જગતને જોવી તે કેટલે અંશે સાચી તે વિચારવું. આજના ભોગાક્રાંત સમાજમાં સુબુદ્ધ નારીઓએ સાવધાન રહેવું પડશે. આ બુદ્ધિઘાતક દશ્યોથી પોતાના સર્જનને બહેનો બચાવશે તો પ્રભુને ગમશે.

**ચોથી વાત :** ઔરંગઝેબના તાબામાં રહેનાર મિર્ઝારાજે જયસિંહ જેને નાની ઉંમરે રણકેશરીનો ઈલ્કાબ મળેલો. યુદ્ધ નિપુણતામાં તેનો ડંકો વાગતો હતો, તે એકનાથજીનો ભક્ત થઈ રોજ અભિષેક કરતો, પૂજા કરતો, પોતાને ભક્ત ગણાવતો. સામે જે ઓરંગઝેબ મંદિરો તોડતો, લૂંટતો. આ બધું તે જોતો છતાં તેની તમામ શક્તિ ઔરંગઝેબના ચરણે ધરી કેવળ ગધાવૈતરું કર્યું. સામે શિવાજીએ પોતાની શક્તિ સંસ્કૃતિ કાર્ય માટે વાપરી પ્રભુ પૂજા કરી. આ કહેવાતો ભગત! તેને ઔરંગઝેબે શિવાજી સામે યુદ્ધમાં મોકલી તેની વ્યક્તિ વાપરી છે, આ મિર્ઝારાજે જયસિંહ સામે શિવાજીને નમતું જોખવું પડેલું છે, અને હાર પેટે પુરંદરનો કિલ્લો, બીજા ૨૩ કિલ્લાઓ રોકડ રકમ અને પુત્ર ગંભાજીને સંધિમાં આપવા પડ્યા છે. આથી જીજાબાઈ ને શિવાજી દુઃખી-દુઃખી થયા છે. ઉપર જોયું તેમ મિર્ઝારાજે જયસિંહની આંધળી, દિશાશૂન્ય, વૈવલી, ટાઈલી ભક્તિને સમજીશું. સામે શિવાજીની વૈદૌકત રાષ્ટ્રિય ભક્તિને સમજીને બહેનો જાબાઈની જેમ શિવાજી પેદા કરવાની ભાવના રાખશે તો પ્રભુને ગમશે.

**પાંચમી વાત :** શિવાજી અને બીજા સરદારો બાદશાહને કુર્નિસ બજાવવા જતા, તો બધાં સરદારો બાદશાહ સામે મસ્તક ઝુકાવી કુર્નિસ બજાવતા. શિવાજીનો વારો આવે તો બાદશાહ સામે ન નમતાં આગળ ચાલી નીકળતા, તેની ફરીયાદ જીજાબાઈ પાસે ગઈ. જીજાબાઈએ શિવાજીને બોલાવી કહ્યું, "શિવા તું કેમ બાદશાહ સામે નમતો નથી? તારી ફરીયાદ આવી છે." શિવાજી બાના પગમાં પડી વંદન કરી બોલ્યા, "બા જે બાદશાહ ભગવાનના મંદિરો તોડે છે અને લૂંટે છે. સ્ત્રીઓના શીયળ લૂંટે છે તેને આ મારું મસ્તક નમતું જ નથી. તું કહે તો તારા ચરણમાં મારૂં મસ્તક કાપીને ધરી દઉં." આ ઉપરથી તે સમજશું કે જે કોઈનામાં અર્થપાવિત્ર્ય અને કામપાવિત્ર્ય નથી. તો હું શું કરુ ? તેવા સામે મસ્તક ન નમાવો. મસ્તક નમાવવું એટલે બુદ્ધિનો નિર્ણય તેને આપવો. ભગવાને સૃષ્ટિ રચતાં અર્થ- પાવિત્ર્ય અને કામપાવિત્ર્યમાંથી જ નૈતિક મુલ્યો આપ્યાં છે. તેને તોડનાર સામે નમીને અંદરના આત્માને ન મારો. આપણે સૌ પ્રભુપુત્રો છીએ તેનું ગૌરવ રાખો. આમ શિવાજી જેવા આત્મગૌરવવાન પુત્રો આજની જનેતાઓ આપશે તો પ્રભુને ગમશે.

**છઠ્ઠી વાત :** જીજાબાઈના જીવનમાં એક દુઃખદ ઘટના બની જીજાબાઈના પતિ શહાજી કર્ણાટકમાં હોદીગીરી પાસે અશ્વ ઉપરથી પડી ગયા અને અવસાન થયું. પતિમૃત્યુના આઘાતથી જીજાબાઈ સતી થવા તૈયાર થયા. શિવાજીએ માને ઘણી વિનવણીઓ કરી પણ તે એકના બે ન થયા. ત્યારે શિવાજી તેમના ચરણમાં પડી ખૂબ રડ્યા અને કહ્યું, "હે મારી સ્વરાજપ્રેમી બા! તમે સ્વરાજ માટે થોભી જાવ. મને મારા સ્વરાજકાર્યમાં પ્રેરણા આપવા, મારામાં ઉત્સાહ ભરવા મને શક્તિ આપવા માટે થોભી જાવ." આ ગદ્‌ગદ્ હૃદયમાંથી નીકળેલા ઉદ્‌ગારો સામે જીજાબાઈએ નમતું જોખ્યું છે.

ઉપર જોયું તેમ બહેનો બાળછેરમાં શરીરના ખોરાકની, બુદ્ધિના ખોરાકની કાળજી રાખે. યુવાવસ્થામાં હુક્કાબાર, ડાન્સક્લબોમાં ન જાય. મફતનું લઈને ખાઈને, નમાલા ન થાય,આત્મગૌરવ ધરાવે. અર્થપાવિત્ર્ય છોડેલા લોકોને પોતાની શક્તિઓ ન આપે, તેવી કાળજી રાખી નવી પેઢી તૈયાર કરશે તો તેવી બહેનો પ્રભુને જરૂર ગમશે. ■

કવર સ્ટોરી

બંસીલાલ જી. શાહ

# જીવનું શિવ તરફ પ્રયાણ એટલે મહાશિવરાત્રી

સૃષ્ટિ સંહારના અધિષ્ઠાતા દેવ વૈદિક સાહિત્યમાં પ્રલયકારી દેવ તરીકે ભલે માન્યા હોય શિવ ભોળાનાથ છે. જલદી રીઝે તેવા દેવ હોય તો શિવ છે. સૌમ્ય સ્વરૂપ, અંગ ઉપર ભભુત લગાવનાર, ત્રિનેત્ર, ગંગાને જટામાં ધારણ કરનાર, ત્રિશુલ-ડમરૂ અને વ્યાઘચર્મ ગ્રહણ કરનાર એવા કૈલાશમાં વિહાર કરનાર પાર્વતીપતિ ભોળાનાથ બધાને ગમે છે. સહેજે રીઝી જાય તેવા દેવ હોય તે જ ભોળાનાથ.

સમુદ્ધ મંથન વખતે જે કાલકૂટ વિષ પ્રકટ થયું તે કોણ પીવે ! દેવો સ્વાર્થી હતા. વિષની જ્વાલાથી અસુરો અને દેવો દાઝવા લાગ્યા. બધાએ આ ઝેર ભોળાનાથને આપવાની ઈચ્છા કરી. ભોળાનાથની સાથે ચર્ચા થઈ શિવજી આ ઝેર ગટગટાવી ગયા. ઝેર તો કંઠમાં જ રાખ્યું તેમનો કંઠ નીલો થઈ ગયો અને ભોળાનાથ નીલકંઠ પ્રભુ કહેવાયા.

આવું ઝેર સંસારમાં પી શકે તેજ ભોળાનાથના પ્રિય બની શકે.

ઝેરની ગરમીને કારણે સમુદ્ર મંથન વખતનો ચંદ્ર શિવજીના મસ્તકે શોભાયમાન થયો. પ્રભુને ઘણા ચંદ્રશેખર અને ચંદ્રમૌલી કહેવા લાગ્યા. (ભાગવત ૮.૭)

ભારતમાં કોઈ એવું ગામ ભાગ્યે જ હશે જ્યાં મહાદેવ નહીં હોય.

શિવપુરાણમાં એક કથા છે. ગુરૂદ્રુહ નામે એક ભીલ શિકાર અને ચોરી કરી પોતાનું ગુજરાત ચલાવતો હતો. ઘણા દિવસો સુધી તેને શિકાર મળ્યો નહીં આખરે કંટાળી એક દિવસ બીલીનું વૃક્ષ હતું તેના ઉપર ચડી મોડી રાત સુધી શિકારની પ્રતિક્ષા કરતો રહ્યો. નવરો માણસ કંઈ પ્રવૃત્તિ તો કરે જ માણસથી સીધા ક્યાં બેસાય છે ? એ રાત્રિ દરમ્યાન બિલીવૃક્ષના પાંદડાં તોડી તોડી નીચે નાખવા લાગ્યો. આ દિવસ શિવરાત્રીનો હતો ત્યાંજ એક મૃગલી પાણી પીવા આવી. ભીલે પોતાનું બાણ તૈયાર કર્યું. ભીલે આખી રાત બીલીના જાણે અજાણે પાંદડાં નાંખ્યા તે જગ્યાએ શિવલીંગ હતું. મૃગલીને અચાનક વાચા ફૂટી તે બોલવા લાગ્ી. ઓ ભીલ ! મારું માંસ જો પરોપકારે જતું હોય તો હું ધન્ય બનીશ. પણ મારા બચ્ચાંને હું મારા પતિ પાસે સોંપીને આવું.

શિકારીને મૃગલીની વાતમા શ્રધ્ધા થઈ



આખી રાતે તણે મૃગલીની પ્રતિક્ષા કરી.

આમ અનાયાસે શિવરાત્રીનું જાગણ થયું. આખી રાત્રી દરમ્યાન આ ભીલથી શિવલીંગ ઉપર બીલીપત્રનો અભિષેક ચાલુ જ રહ્યો.

આ બીલીપત્રના અનાયાસે અભિષેક કરવાથી શિવની કૃપાથી ભીલનું હૃદય ચિત્ત શુધ્ધ થયું. તેનામાં પવિત્રતા આવી.

મૃગલીને ક્ષમા આપી ત્યાં જ શિવજીએ દર્શન આપ્યાં, ભીલને આશીર્વાદ આપ્યા. જા તું શૃગવેરનગરમાં ગૃહ નામે જન્મીશ. ભગવાન વિષ્ણુ રામ સ્વરૂપે તારા ઘેર પધારશે. (શિવપુરાણ અ.૪૦) આમ પણ શિવ ભોળાનાથ કહેવાયા. આજે આજ કારણે બિલીપત્રનો મહિમા ગવાય છે. શિવને બિલીપત્ર પ્રિય છે.

આમ તો શિવ અને નારાયણ બે વચ્ચે પરમ ઐક્ય છે તે હરિહર છે.

શિવજી શરીરે ભસ્મ લગાવે છે. તેનો તાત્વીક અર્થ છે કે આ શરીર એક દિવસે ભસ્મ થવાનું છે. તેને લાલન પાલન કરવાનો શો અર્થ ? રાજા હોય કે રંક ગમે તેવું સુંદર શરીર એક દિવસ અગ્નિમાં બળવાનું છે. ચિતા ઉપર સ્વજનો આ નશ્વર દેહને મૂકશે અને અગ્નિદાહ આપી ભસ્મ કરી નાખશે. તો આ મોંઘા દેહને શિવ તરફ પ્રયાણ કરીયે. આ શિવરાત્રીએ આ શિવનો સંદેશ છે.

'ૐ નમઃ શિવાય' શિવજીનો પરમ મંત્ર છે. આ મંત્રનો જાપ કરવાથી શિવજી પ્રસન્ન થાય છે. આશીર્વાદ આપે છે.

'શં કરોતિ ઈતિ શંકરઃ।

જે કલ્યાણ કરે છે અથવા જેનાથી કલ્યાણ જ થાય તે ભોળાનાથ શંકર છે. ભગવાન શંકરને દેવોના દેવ મનાય છે એટલે મહાદેવ છે.

ભોળાનાથ સુખ, શાંતિ, ઐશ્વર્ય અને માંગલ્યના ભંડાર છે.

સંસ્કૃત સાહિત્યનો એવો કોઈ ગ્રંથ નહીં હોય જ્યાં શંકરના નામનો ઉલ્લેખ ન હોય. નૃત્યકલા અને સંગીતમાં આદ્યચાર્ય 'નટરાજ' એ શિવજીનું પ્રતિક છે.

ભારતમાં દક્ષિણમાં શ્રી રામેશ્વર, ઉત્તરમાં કેદારનાથ, પશ્ચિમમાં (ગુજરાત) સોમનાથ, કાશી માં વિશ્વનાથ, ઉજ્જૈનમાં મહાકાલેશ્વર પવિત્ર શિવાલયો છે.

શિવજીના મસ્તકની ગંગા એ એક જ્ઞાન ગંગા છે. શિવજી જ્ઞાનના દેવતા છે. ■

## સમાજ સૃષ્ટિ



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# હોળી - ધૂળેટી

મહા મહિના પછી શિયાળાની ઠંડી વિદાય લે, પછી ફાગણ મહિનાની શરૂઆત થાય. ફાગણમાં ફૂલ ખીલી ઊઠે, આંબા ડાળે મંજરીઓ ડોલવા લાગે, આમ્રઘટામાં છૂપાઈ કોકિલ મીઠા ટહુકા કરવા લાગે ત્યારે સમજવું કે હવે હોળી આવશે. હોળી ફાગણ મહિનાની પૂનમે આવે છે. હોળીના બીજા દિવસે ધૂળેટીનો તહેવાર ઉજવાય છે.

**પૌરાણિક કથા :**

હોળીના ઉત્સવની પાછળ એક પૌરાણિક કથા રહેલી છે. હિરણ્યકશ્યપુ નામે એમ ખૂબ જ અભિમાની અને શક્તિશાળી રાજા હતો. તેને સર્વત્ર હિરણ્ય એટલે કે સોનું જ દેખાય ! ભોગ જ એના જીવનનો ધ્યેય હતો. ખાઓ, પીઓ અને મઝા કરે એની મનોવૃત્તિ હતી. પોતાની જાતને જ તે ઈશ્વર સમજતો, બીજા કોઈ ભગવાનને માનતો નહીં. એને ભગવાનની જેમ પૂજાવું હતું, તેનું જીવન સંપૂર્ણપણે ભોગમય હતું.

રાક્ષસરાજ હિરણ્યકશ્યપુ અને હિરણ્યાક્ષ બંને દિતિના પુત્રો હતાં. વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો ત્યારે એ સમાચાર મળતાં હિરણ્યકશ્યપુ ગુસ્સે ભરાઈને વિષ્ણુ ભગવાન સામે યુદ્ધ કરવા તૈયાર થયો. માતા દિતિએ તેને સમજાવીને રોકવા પ્રયત્ન કર્યો પણ તેને દૃઢ નિશ્ચય કરી લીધો તે પોતે તપ કરી અજર-અમર બની વિષ્ણુ સામે યુદ્ધ કરશે જ. પોતાના સંકલ્પ પ્રમાણે એણે તપ કરી બ્રહ્માજી પાસેથી અમરત્વનું વરદાન મેળવ્યું હતું. આવું



વરદાન મળતાં જ તે અભિમાની બનીને દેવોને પણ ત્રાસ પહોંચાડવા લાગ્યો. આવા અસુર રાજાને ત્યાં ભક્ત પ્રહ્લાદનો જન્મ એ પણ વિધિની કોઈ અગમ્ય લીલા છે.

કાદવમાં કમળની જેમ તેને ત્યાં પ્રહ્લાદ જેવો પ્રભુભક્ત પુત્ર જન્મ્યો હતો. પ્રહ્લાદ જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની માતા કયાધુ નારદમુનિના આશ્રમમાં રહી હતી. ત્યાંના સંસ્કારોની અસર પ્રહ્લાદ પર પડી હતી. ભારતીય સંસ્કૃતિની એ જ વિશિષ્ટતા છે કે :-

**પ્રહ્લાદ સમા ભક્તો અહીંયા રાક્ષસને પેટે પાક્યા છે,**
**કાંટા વચ્ચે રહીને પણ પુષ્પો પ્રભુચરણને પામ્યા છે !**

પ્રહ્લાદનું અંતઃકરણ પ્રભુ ભક્તિથી ભરેલું હતું, પરંતુ તેના પિતાને આ ભક્તિ પસંદ ન હતી. પિતાએ તેને બદલવાના અનેક પ્રયત્નો કર્યા પણ તેને બદલવામાં તે સફળ થયો નહીં. ત્યારબાદ પિતાએ તેને મારી નાખવાના ઘણા ઉપાયો કર્યા. પરંતુ દર વખતે પ્રભુ કૃપાથી તે બચી જતો હતો. પ્રહ્લાદની ભક્તિથી પોતાના મૂળિયાં હચમચી જાય તેમ તેને લાગ્યું. આસુરી વૃત્તિનો પિતા દીકરાની આ ભક્તિ સાંખી શકતો નહીં; તેણે દીકરાને પોતાની ભક્તિ કરવાનું કહ્યું, પરંતુ પ્રહ્લાદે ભગવાન તરીકે પિતાની પૂજા કરવાની ના પાડી, કારણ કે પ્રહ્લાદ તો ભગવાન વિષ્ણુનો પરમ ભકત હતો.

પ્રહ્લાદને મારવાના અનેક પ્રયત્નો નિષ્ફળ ગયા તેથી ધૂંધવાયેલા રાજાએ પોતાની બહેન હોળિકાને હુકમ કર્યો કે એણે પ્રહ્લાદને ખોળામાં બેસાડી રાખીને ચિતામાં બેસવું, જેથી પ્રહ્લાદ બળી જાય. હોળિકાને ભગવાન શંકરનું વરદાન હતું કે તે સદ્વૃત્તિનો વિરોધ નહીં કરે તથા ભગવદ્ ભક્તિને નહીં કનેડે તો અગ્નિ તેને બાળી શકશે નહીં, પરંતુ બન્યું ઊલટું. પ્રહ્લાદને

ખોળામાં લઈને તે ચિત્તામાં બેઠી, પ્રહ્લાદને અગ્નિ દઝાડી શક્યો નહીં, એને ઉની આંચ પણ ન આવી. પરંતુ હોળિકા બળીને રાખ થઈ ગઈ ! હોળિકા બળીને મરી ગઈ જ્યારે પ્રહ્લાદ જીવતો રહયો ! અસદ્‌વૃત્તિ ભસ્મિભૂત થઈ ગઈ. જે દિવસે હોલિકા પ્રહ્લાદને લઈને અગ્નિમાં બેસવાનાં હતાં તે દિવસે નગરના લોકોએ ઘર-ઘરમાં અગ્નિ પ્રગટાવી, પ્રહ્લાદને ન બાળવા અગ્નિ દેવને પ્રાર્થના કરી હતી. અગ્નિ દેવે જાણે લોકોની પ્રાર્થના સાંભળી પ્રહ્લાદનો અગ્નિ કસોટીમાંથી ઉગારી લીધા. પ્રહ્લાદ આ કસોટીમાંથી પાર ઉતરી નરશ્રેષ્ઠ બન્યાં. પ્રહ્લાદના પિતા હિરણ્યકશ્યપુનો વધ ભગવાન વિષ્ણુના ચોથા અવતાર નૃસિંહ ભગવાને કર્યો હતો.

ભગવાન વિષ્ણુએ પ્રહ્લાદની રક્ષા કરી. આ કારણથી જ હોળીના દિવસે સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. પ્રજાજનો આનંદમાં આવી ગયા. આસુરી શક્તિ પર ભક્તનો વિજય થતાં લોકો ઢોલ-ત્રાંસા વગાડવા લાગ્યા, એકમેક પર રંગ-ગુલાબ છાંટવા અને નાચવા-કૂદવા લાગ્યા. આ દિવસ અસદ્‌વૃત્તિ પર સદ્‌વૃત્તિના વિજયનો દિવસ પણ ગણાય છે. આમ આ પ્રસંગને હોળી તરીકે ઉજવવાની પ્રથા શરૂ થઈ.

અહીં પ્રશ્ન એ થાય છે કે જે હોલિકાએ પ્રહ્લાદ જેવા પ્રભુ ભક્તને બાળવાનો પ્રયત્ન કર્યો તે હોલિકાનું આપણે હજારો વર્ષોથી પૂજન શા માટે કરીએ છીએ ? જે દિવસે હોલિકા પ્રહ્લાદને ખોળામાં લઈને અગ્નિમાં બેસવાની હતી તે દિવસે લોકોએ પ્રહ્લાદને ન બાળવા અગ્નિ દેવને પ્રાર્થના કરી હતી. પ્રહ્લાદે લોકોના દિલ જીતી લીધાં હતાં.



પ્રહ્લાદને બચાવવાની પ્રાર્થના રૂપે ચાલુ થયેલી ઘર-ઘરની અગ્નિપૂજાએ કાળક્રમે સામુદાયિક પૂજાનું રૂપ લીધું અને તેમાંથી જ હોલિકા પૂજા શરૂ થઈ. એ રીતે હોલિકા પૂજન એ અસદ્‌વૃત્તિના નાશ માટે તેમજ સદ્‌વૃત્તિના રક્ષણ માટે લોકોના હૃદયમાં રહેલી શુભ ભાવનાનું પ્રતીક છે, અને તેથી જ લોકો હર્ષપૂર્વક હોલિકાનું સ્વાગત કરે છે. ધાણી, ચણા, ખજૂર વગેરેથી હોળીની પૂજા કરે છે.

હોલિકા દહનથી ખુશ થયેલા લોકોએ હોળીના બીજા દિવસે ઉત્સવ મનાવ્યો. આનંદના વાતાવરણને રંગીન બનાવવા લોકો એકબીજા પર રંગ, ગુલાલ વગેરે ઉડાડવા લાગ્યા. કોઈએ વળી ધૂળ ઉડાડવાનું શરૂ કર્યું અને તેમાંથી ધૂળેટી સર્જાઈ. રંગો અને ધૂળનું મિલન સર્જાયું. લોકો નાના-મોટાના ભેદ ભૂલી ઉલ્લાસથી નાચવા લાગ્યા. પરંપરા મુજબ હોળી બે દિવસ મનાવવામાં આવે છે. આગલા દિવસે હોલિકા દહન હોય છે અને બીજા દિવસે ધૂળેટી. લોકો એકબીજાને રંગ ઉડાડી ધૂળેટી ઉજવે છે. બાળકો અને યુવાનો હાથમાં રંગભરી પિચકારીઓ લઈ મિત્રોને રંગવા નીકળી પડે છે. યુવાન - સ્ત્રી - પુરુષો પણ રંગો લઈ હોળી રમે છે. દિયર આ દિવસે ભાભીને ખાસ હોળી રમાડે છે. હોળી એટલે વસંત-ઋતુની ચરમસીમા દર્શાવતો તહેવાર. હોળીના રંગમાં સૌ એકસરખાં લાગે છે. આમ હોળી સમાનતા અને ભાઈચારાનો સંદેશ આપે છે.

હોળી પ્રગટાવવા માટે લોકો લાકડાં, છાણાં તથા અન્ય બાળવા લાયક કચરો ભેગો કરી ઢગલો કરે છે. સાંજે લોકો હોળીની આસપાસ એકઠાં થાય છે અને હોળી પ્રગટાવે છે. હોળી ફરતે પ્રદક્ષિણા કરે છે અને તેની પૂજા કરે છે. ઘરમાં પ્રથમ બાળકનો જન્મ થયો હોય તો તેને દર્શન કરાવવા પણ લઈ જાય છે. હોળીના તાપથી શરીરમાં જામી ગયેલ કફ છૂટો પડે છે. હોળીના તહેવારે લોકો ધાણી, ખજૂર, શીંગ, ચણા વગેરે ચીજો ખાય છે, જેથી કફ છૂટો પડે અને શરીર નીરોગી બને.

## સમાજ સૃષ્ટિ



**ડો. વિજય મનુ પટેલ - સુરત**
કેળવણીકાર, લેખક અને
શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા

# સંબંધોમાં વધતું ભંગાણ : દોષિત કોણ ?



ભારતીય સંગીતના જે યાદગાર નામો છે તેમાં એક યાદ આવી જાય તેવું અને મશહૂર ગઝલ-ભજન ગાયક, જગજીત-સિંહનું નામ છે. આમ તો તેમને શિક્ષણ કે સામાજીક સંબંધો સાથે સીધો કોઈ સંબંધ નહોતો જ. એમ છતાં તેમને જ્યારે ‘એકાંગી થતી કુટુંબ વ્યવસ્થા માટે તમે કોને જવાબદાર માનો છો ?’ એવો પ્રશ્ન પૂછાયો ત્યારે તેમણે જણાવ્યું હતું કે, ‘...આપણાં સંસ્કારો ભેળસેળિયા થઈ ગયા છે, તેનું મુખ્ય કારણ છે આપણી શિક્ષણ પદ્ધતિ....હું ભણ્યો હતો ત્યારે રૂટિન કોર્ષની સાથે સાથે મીરાં, કબીર, તુલસી અને ગુરુ નાનકની રચનાઓ પણ ભણાવાતી. આજકાલ શું થાય છે ? રૂટિન ભણવા સાથે કમ્પ્યૂટર સિવાય કંઈ દેખાતું જ નથી ! માનવીય લાગણીઓ, સંબંધો અને ભાવનાઓના મહત્ત્વને ભૂલીને બાળકો આત્મકેન્દ્રી બની રહ્યા છે. ઈન્ટરનેટ માહિતીનો સાગર છે, પણ ઈન્ફર્મેશન જ તો કંઈ જિંદગી નથી ને....?’

આજે દશેક વર્ષ પછી પણ તૂટેલી કુટુંબ વ્યવસ્થા માટે કોણ જવાબદાર છે એ વિશે વિચારીએ તો ઉપરના વિચારો આવે અપ્રસ્તુત જણાતાં નથી. છેલ્લાં થોડાં વર્ષોથી કોમ્પ્યૂટરની સાથે ટેબલેટ અને મોબાઈલ ઉમેરાઈ ચૂક્યા છે. આ બધાને લીધે વ્યક્તિના સંપર્કોનું કૂંડાળું મોટું થવાને બદલે દિવસે દિવસે નાનું થતું રહ્યું છે. માનવીએ બધું ખોળામાં કે હથેલીમાં જ સમાવી દીધું છે. આભાસી દુનિયામાં એ સાચુકલા સંબંધો અને સંપર્કોને ખોઈ બેઠો છે.

દુનિયા અને ભારતના પરિપ્રેક્ષ્યમાં જુઓ તો છેલ્લા દશ-પંદર વર્ષમાં માનવીય સંઘર્ષો અને અથડામણો (તેમાં યુદ્ધ, આતંકવાદ અને જૂથ હિંસાનો પણ સમાવેશ થાય) ની ઘટનાઓ વધી રહી છે. ઘરના કજિયા કંકાસથી લઈને દેશ-વિદેશમાં ફેલાઈ રહેલી આતંકવાદી ઘટનાઓનું ધ્યાનથી અવલોકન કરીએ તો તેમાં ‘વ્યક્તિએ બધું એકલા જ ખાવું છે’ ની માનસિકતા ડોકાય છે. આવી માનસિકતા એવાં લોકોમાં ખાસ જોવા મળી છે જેઓ સમૂહમાં રહેવાની ક્ષમતા જ ખોઈ બેઠાં છે. અર્થાત્ સહિયારા જીવન (સંયુક્ત કૌટુંબિક શૈલી) માં ભંગાણ પડ્યું છે એની એ નિશાની જણાય છે.

વર્ષો પહેલા પૃથ્વીના વાતા-વરણમાંના ઓઝોન સ્તરમાં ગાબડું પડ્યું છે તેમ જણાવી વૈજ્ઞાનિકોએ સૌને ચોંકાવી દીધા હતા. તેનાથી પૃથ્વી પરની અનેક જીવસૃષ્ટિ નાશ પામશે એવી વાતો વહેતી

## સમાજ સૃષ્ટિ

થઈ એટલે આખી દુનિયાના લોકો સાવધાન થઈ ગયા હતા. નસીબ જોગે વૈજ્ઞાનિકોએ જ તેનો ઉકેલ શોધ્યો. પરંતુ છેલ્લા વર્ષોમાં દુનિયામાં જે માનવીય હિંસા અને હુંસા-તુંસી વધી રહી છે તેની સામે કોઈ સમાજશાસ્ત્રીએ હજી સુધી એવું કહીને આપણને ચોંકાવી દીધા નથી કે આ તો કુટુંબ વ્યવસ્થામાં પડેલા ભંગાણને કારણે છે. આતંકવાદ કે આંતરિક લડાઈને કેમ અટકાવવી એ બાબતે કોઈ સમાજશાસ્ત્રીએ નક્કર ઉપાય પણ સૂચવ્યો હોવાનું જાણમાં નથી. એનું કારણ શું ? કદાચ મનુષ્ય તરીકે આપની બેફિકરાઈ છે. જીવવા માટે ઘર હોય, ખાવાનું હોય અને જોઈતી વસ્તુઓ મળે તેને જ સૌથી અગત્યનું ગણ્યું. બાકી માણસો સાથેના સંબંધો ઓછા-વત્તા થાય તેની ચિંતા આપણે કરીએ છીએ ખરા ?!

જેમ આતંકવાદ એ ધીમે ધીમે ફૂલે-ફાલેલી સમસ્યા છે, તેમ માણસની ચિંતાથી વિમુખ થવાની ઘટના રાતોરાતની નથી જ. સંયુક્ત કુટુંબ પ્રથામાં રહેવા ટેવાયેલા માણસ ભોગવાદી અને અંતર્મુખી બને એ ઘટના ક્રમશઃ વિકસી છે. આ માટે 'નાનું કટુંબ સુખી કુટુંબ' નું સરકારી અભિયાન કેટલેક અંશે કારણભૂત હશે. પરંતુ સંયુક્તથી એકાંગી કુટુંબ વ્યવસ્થા તરફ જવામાં 'મારું', 'અમારા એકલા' નું એવી આંતરિક લાલસાનો પ્રભાવ પણ નાનો સુનો નથી જ. પ્રશ્ન એ થાય કે માણસના મનમાં આવી લાલસા કોણે પેદા કરી ? કોણે વ્યક્તિને પોતે જ બધાનો માલિક બનવાનું કહ્યું ? માનવીય સંબંધોનું કોઈ મહત્ત્વ નથી એવું તેને કોણે શીખવ્યું ? ઉત્તરો શોધવા આસાન નથી જણાતા. શક્ય છે એક કરતાં અનેક કારણો હશે પણ જગજીતસિંહને શા માટે શિક્ષણ વ્યવસ્થાનું કારણ લાગ્યું હતું તે વિશે વિચારીએ.

વર્ષોના અનુભવે જણાય છે કે જેમ વ્યક્તિ વધુ વૈશ્વિક શિક્ષણ મેળવે છે તેમ તે વધુને વધુ એકલો થવા માંગે છે. ક્યાં તો શિક્ષણ વ્યવસ્થાથી તેનામાં અભિમાન પ્રગટે છે કે 'મારા જેવું કોઈ નથી !' એટલે તે ઘર અને સમાજથી અળગા રહેવાનું પસંદ કરે છે. અથવા શિક્ષણે તેને સમૂહમાં રહેવાનું, સંબંધો જાળવવાનું, સામાજિક સેવા કરવાનું કે એકમેકને સન્માન આપવાનું શીખવ્યું નથી.

હવે વર્તમાન વ્યવસ્થા પર નજર કરીએ શાળા-કોલેજોમાં જે ભણાવાય છે એમાં આજેય આ બાબતો શીખવાય છે ખરી ? વિજ્ઞાનની સંકલ્પનાઓ, ગણિતના કોયડાઓ, અંગ્રેજી સાહિત્યનું રસ દર્શન. બંધારણની કલમો એમ ઘણું બધું...પણ આમાં કૌટુંબિક ભાવના વિકસે એવું શું છે ? શેરી-મહોલ્લામાં એકમેકને મદદ કરવાની વાત ક્યાં છે ? ઘરને આર્થિક આભાર પૂરો પાડનારનું સન્માન ક્યારે થાય છે ? આમાનું ક્યાંય, કશુંય થતું જ નથી અને તેનો દોષ શિક્ષણ અને સંસ્કારને ભાગે આવે છે.

સંસ્થાકીય શિક્ષણની ખામી ઘરના સમૂહજીવનમાં પ્રવેશે એટલે સભ્યો વચ્ચે સંવાદ ઘટવા માંડે ને ધીમે ધીમે દરેક પોતાની એકલવાયથી દુનિયામાં રચ્યાપચ્યા રહે. આવું લાંબા સમય સુધી ચાલતું રહે તો યુવાનોમાં એક એવી માનસિકતા આકાર લેવા માંડે છે કે ઘરમાં રહીએ કે બહાર. શું ફર્ક પડે છે ?! ઘરથી દૂર રહેવામાં સ્વતંત્રતા રહે છે. પણ સ્વતંત્રતા સ્વચ્છંદતા બનીને સમગ્ર કુટુંબ વ્યવસ્થામાં કેવું મોટું ગાબડું પાડે છે તેની કલ્પના ચોંકાવનારી હોય છે.

જગજીતસિંહની બીજી ફરિયાદ વર્ગખંડમાં અભ્યાસક્રમ સિવાય અન્ય મહત્ત્વની વ્યક્તિ, સાહિત્ય કે ઘટનાઓ સાથેની ચર્ચા થવાને બદલે કમ્પ્યૂટરને નામે ચરી ખાવાની વૃત્તિ લગતી હતી. આજે કમ્પ્યૂટરની સાથે મોબાઈલે વ્યક્તિને એટલી હદે એકલપંડો કરી મૂક્યો છે કે અસલી માણસો સાથે સંવાદ કેળવવાને બદલે નકલી 'પોકોમેન' ને પકડવા પાછળ ભાન ભૂલીને પડ્યો છે.

■ ■ ■

## નવી દિશા... નવા વિચાર...









# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલિટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઉંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય...

## જય સહકાર... જય કિસાન...

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

| દિનેશભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
|---|---|---|
| ઈન્ચાર્જ સેક્ટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડિરેક્ટરગણ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉંઝા**





**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા
'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# માઉન્ટ એવરેસ્ટ ! તને પરાજિત કર્યા વિના જંપીશ નહીં !

સામેની વ્યક્તિની આંખ જોઈને તાગ પામી જશો કે એ વ્યક્તિ જીવનથી, જગતથી કે એના વ્યવસાયથી થાકેલી અને ભાંગેલી છે કે પછી એનામાા જીવન અને કાર્ય પ્રત્યે અદમ્ય ઉત્સાહ રહેલો છે. થાકી ગયેલી આંખો એ આથમી ગયેલા વર્તમાનકાળનો જીવંત પુરાવો છે અને ઉત્સાહી આંખ એ ભવિષ્યના નવસર્જનની ઝંખનાનો સંકેત છે. જીવનમાં કે વ્યવહારમાં અથવા તો જગતનાં સઘળાં સ્થળોએ કેટલીક વ્યક્તિ એવી મળતી હોય છે કે જે જીવન કે કામથી વહેલી સવારે જ એટલું બધું થાકી ગઈ હોય છે કે એને એના કામમાં લેશમાત્ર રસ પડતો નથી. માંડ માંડે બેળે-બેળે કામ કરતો હોય, એ રીતે એ દબાયેલા અવાજો અને નિસ્તેજ ચહેરે તમારી સાથે તૂટતા અવાજે કે મંદ ગતિએ વાત કરશે.

નિઃસાસા એ કેટલીક વ્યક્તિઓનો સનાતન ઉચ્છ્વાસ હોય છે. એ જે કંઈ કામ કરતી હશે, તે અંગે નિઃસાસા નાખશે. કેટલાક કામથી આજીવન કંટાળેલાં હોય છે એટલે એ કોઈપણ કામ આવે તો સતત એને ખો આપવાની વેતરણમાં હોય છે. નસીબને લીધે કે ઈશ્વરની મરજીને કારણે લમણે હાથ મૂકીને પોતાના કામમાં માંડ માંડ ડગ ભરતાં લોકોને તમે જોયા હશે. આવી વ્યક્તિઓના ચહેરા પર કરચલી પડતી જાય છે, એનાથી વધુ એમના હૃદય-બુદ્ધિ પર કરચલીઓ પડતી જાય છે.

આ પ્રકારની વ્યક્તિઓ એક મહત્ત્વની બાબત ગુમાવી બેસે છે અને તે છે ઉત્સાહના કારણે પ્રગટતો આનંદ. કોઈ એક સ્ત્રી રસોઈ



બનાવે અને 'નસીબ તે કેવું કે ચૂલો ફૂંકવો પડે છે.' એમ માને અને બીજી ભોજન બનાવીને રસોઈનો આનંદ માણનારી સ્ત્રી સમાન વાનગી બનાવે, તો પણ એના સ્વાદમાં આકાશ - જમીનનું અંતર હોય છે.

એવી જ રીતે જે કામ કરવા ખાતર કામ કરતા હોય અને જે કામ કરવાનું છે, તેમાં ઉત્સાહ દાખવતા હોય તો બનશે એવું કે પ્રથમ પ્રકારની વ્યક્તિ જલદી થાકી જશે અને નિરાશામાં ડૂબી જશે, જ્યારે બીજા પ્રકારની વ્યક્તિ કામ પરત્વેના પોતાના ઉત્સાહને વધુને વધુ આગળ ધપાવતો રહેશે. એનો આ ઉત્સાહ એને કાર્યની દિશામાં આગળ વધવાની પ્રેરણા આપશે.

૧૯૫૨ માં એડમન્ડ હિલેરીએ એવરેસ્ટ આંબવાનો પ્રયાસ કર્યો, કિંતુ સાવ નિષ્ફળ ગયો, છતાં એને ઉત્સાહ સહેજે ઓછો થયો નહોતો. પોતાના ઘરના દિવાનખંડની દિવાલ પર રાખેલા એવરેસ્ટના ચિત્રને જોઈને એણે કહ્યું, 'ઓહ માઉન્ટ એવરેસ્ટ ! તેં મને એકવાર પરાજિત કર્યો, પણ હવે તું જાણી લેજે કે હું તને પરાજીત કરવાનો છું. કારણ એટલું જ કે તારે વિકસવાનો હતો એટલો તું વિસ્તરી-વિકસી ચૂક્યો છે. જ્યારે હું ઉત્સાહથી સતત વધુ વિકસી રહ્યો છું.' સને ૧૯૫૨ માં આવી નિષ્ફળતા મેળવનાર એડમન્ડ હિલેરીએ ૧૯૫૩ ની ૨૯મી મે એ ૨૯૦૨૮ ફૂટ ઊંચું એવરેસ્ટ શિખર સર

# સમાજ સૃષ્ટિ

કર્યું. એ હંમેશાં કહેતો કે તમે તમારાં સ્વપ્નોને બરાબર પકડી રાખશો, તો તમે તમારા સ્વપ્નોને સાચાં પાડી શકશો. આથી 'કથાસરિત્સાગર' માં કાશ્મીરી બ્રાહ્મણ કવિ સોમદેવ કહે છે,

'आपतकाले च कष्टेडपि नोत्साहस्त्यपज्यते बृद्धै ।' 'આપત્તિ અને કષ્ટમાં પણ બૃદ્ધિમાન પુરુષ ઉત્સાહ છોડતો નથી.'

સોમદેવની આ સૂક્તિનું સ્મરણ કરીશું, ત્યારે મનમાં આપોઆપ નેલ્સન મંડેલા યાદ આવે છે. આખોય માનવ ઈતિહાસ ફેંદી વળો તો પણ એના જેવો સ્વાતંત્ર્યપ્રેમી નહીં મળે કે જેણે કારાવાસની કાળી કોટડીમાં રહીને ૨૮-૨૮ વર્ષ સુધી આઝાદીનું આંદોલન ચલાવ્યું હોય. ગોરા સામ્રાજ્યવાદીઓની એ જાણીતી પ્રદ્ધતિ હતી કે વ્યક્તિને કાળાપાણીની સજા કરીને એને શરીર અને મનથી ભાંગી નાંખવો. નેલ્સન મંડેલાને નિર્જન રોબિન આયલેન્ડ ટાપુ પર રાખવામાં આવ્યા, ત્યારે એમણે મનોમન નિરધાર કર્યો કે જેલના નિયમોનું પાલન કરીને હું ગોરાઓની સત્તાનો સતત વિરોધ કરતો રહીશ અને નેલ્સન મંડેલાએ પોતાની આ આગવી પદ્ધતિથી આઝાદી માટેનો પોતાનો ઉત્સાહ જાળવી રાખ્યો અને વિશ્વને અશ્વેત લોકોની વેદનાનો સતત સંકેત આપ્યો.

આથી વ્યક્તિએ પોતાના તમામ કાર્યમાં પછી એ સર્જન હોય, ઉત્પાદન હોય કે સરકારી સંસ્થા યા સેવાભાવી સંસ્થાનું કામ હોય, તેમાં ઉત્સાહ દાખવવો જોઈએ. આ ઉત્સાહ જ એને સામાન્યમાંથી અસામાન્ય બનાવે છે. આ ઉત્સાહ જ એને સહુનો માનીતો બનાવે છે અને આ ઉત્સાહ જ એનામાં સ્વયં જીવનબળ રેડે છે. બૌદ્ધિક નિરુત્સાહથી કામને માંડી વાળતી વ્યક્તિને બદલે ભૂલો કરતી હોવા છતાં ઉત્સાહથી કામ કરતી વ્યક્તિ વધુ સારી ગણાય.

આનું કારણ એ છે કે ઉત્સાહ એના કામમાં એક નવો રંગ લાવે છે. એને માટે એ કામ આનંદનો ઉત્સવ બને છે અને કર્મયોગીનો શક્તિમંત્ર બને છે. આવા ઉત્સાહને પરિણામે એના જીવનનો ઉત્તરોત્તર વિકાસ થાય છે. નિરુત્સાહી વ્યક્તિને સઘળે નિષેધ દેખાય છે. 'આ મારાથી નહીં થઈ શકે' એમ વિચારે છે અથવા તો 'આવું કરવાનો કશો અર્થ ની' એમ વિચારે છે જ્યારે ઉત્સાહનું જોશ ધરાવતી વ્યક્તિ એના કાર્યમાં એક નવું બળ અને નવું જોમ પૂરે છે, એમર્સન જેવા ચિંતક તો કહે છે ઉત્સાહ વીના કોઈ મહાન ઉપલબ્ધિ થતી નથી.

સર્જક સર્જન કરે કે વૈજ્ઞાનિક સંશોધન કરે, એની પાછળ જો એનો ઉત્સાહ ન હોય તો એ સર્જન કે સંશોધન કરી શકતો નથી. બલ્કે, ઉત્સાહ હોય તો જ એ સીમાચિન્હરૂપ સર્જન કે સંશોધન કરી શકે છે. 'જુસ્સા' થી સર્જન કરનાર 'ઉત્સાહમૂર્તિ' નર્મદે ૧૮૫૮ની ૨૩ મી નવેમ્બરે કલમને આધારે જીવવાનું નક્કી કર્યું હતું. ૨૪-૨૪ વર્ષ સુધી આ અસિધારા વ્રત એણે પાળ્યું. અપાર માનસિક વિટંબણાઓ, દેવાનો બોજ અને ઘરના બીમાર માણસો માટે દવા કરાવવાના પૈસા ન હોય તોપણ ચાર આનાના દૂધપૌંઆ પર હસતા હસતા જીવન ગાળનાર અને સાહિત્ય સર્જન કરનાર નર્મદની તિતિક્ષાનું સ્મરણ થાય છે.

મુંબઈમાં ધીકતી વકીલાત ચાલતી હોય તથા કચ્છ અને જૂનાગઢ જેવાં રાજ્યોની દીવાનગીરી મળતી હોય, તેમ છતાં ૪૩ મા વર્ષે વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્ત થઈ આર્થિક સંકડામણ વચ્ચે પણ ગોવર્ધનરામ ત્રિપાઠી નિવૃત્તિ લઈને નડિયાદમાં આવીને 'સરસ્વતીચંદ્ર' મહાનવલનું સર્જન કરે છે. માંદગીની પરંપરા ખર્ચના ખાડામાં ઉતારતી હોવા છતાં 'દુઃખને પરમશક્તિની ઈચ્છાની પ્રસાદી' ગણે છે અને ઉત્સાહથી કર્તવ્યને તેનો છેવટનો આદેશ ગણીને અંત સુધી વળગી રહે છે.

વિશ્વના લાંબા અંતરનાં સૌથી મહાન દોડવીર તરીકે ખ્યાતિ પામેલા અને ૧૯૫૨ ની હેલસિન્કી ઑલિમ્પિકમાં પાંચ હજાર મીટર, દસ હજાર મીટર અને મેરેથોન દોડ - એમ ત્રણેય લાંબા અંતરની દોડમાં વિજય હાંસલ કરીને સુવર્ણચંદ્ર મેળવનાર એમિલ ઝેટોપેકે એ સમયે ત્રણેય સ્પર્ધામાં ઑલિમ્પિક રેકોર્ડ તોડ્યો હતો. એક જ ઑલિમ્પિકમાં લાંબી દોડના ત્રણ વિક્રમ સર્જનાર તરીકે નામના મેળવનાર એમિલ ઝેટોપેકે કહ્યું, 'દોડવીરે ખિસ્સામાં પૈસા સાથે દોડવું જોઈએ નહીં, પરંતુ એણે હૃદયમાં આશા અને મનમાં સ્વપ્નાં સાથે દોડવું જોઈએ.'

આવો ઉત્સાહ ભારતના મહાન નિશાનબાજ અભિનવ બિંદ્રામાં હતો. એની પાસે ખેલાડીને માટે યોગ્ય સુદૃઢ શરીર નહોતું, મજબૂત તાકાત નહોતી, ખેલની નૈસર્ગિક પ્રતિભા નહોતી, તેમ છતાં રોજેરોજ ઉત્સાહથી સખત મહેનત કરીને એણે શૂટિંગમાં ભારતને ઑલિમ્પિક સુવર્ણચંદ્રક અપાવ્યો.

આનું કારણ એટલું કે ઉત્સાહ વ્યક્તિમાં લક્ષ્યની એકનિષ્ઠા, ચિત્તનો ઉલ્લાસ અને સાહજિક પ્રેમ જગાડે છે. આથી તમે જગતને પલટાવનારા મહાન સર્જનો, સંશોધનો, બનાવો કે આંદોલનોને જોશો, તો તમને ખ્યાલ આવશે કે એ બધાના મૂળમાં અખંડ ઉત્સાહ રહેલો છે.

■ ■ ■


Reach the pinnacle of
SOPHISTICATION
THE SPIRE
Security with CCTV
Jogging Track
Landscape Garden
Club House Indoor games
Multi Purpose Hall
Open Theatre
Gymnasium
Gazebo
Children Play Area
Senior Citizen Sitting
Drop Off Zone
DG Set
THE SPIRE
3 BHK HAPPY LIVING & SHOPS
SCAN FOR LOCATION
Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club
S.P. Ring Road, Ahmedabad 380060
CONTACT NO.
+91 75 75 00 92 77
SCAN FOR BROCHURE
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

## સમાજ સૃષ્ટિ



**ગુણવંત શાહ**
લેખક મોટા ગજાના સાહિત્યકાર, ચિંતક, જાણીતા કોલમિસ્ટ અને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી પુરસ્કૃત છે.

# ઘડપણ સડવા માટે નથી

માણસ સાઠ વટાવે પછી થોડાક ડરામણા શબ્દોમાં બ્લેકમેઈલ શરૂ થઈ જાય છે : બ્લડસુગર, કોલેસ્ટરોલ, બ્લડ-પ્રેશર, વા, બાયપાસ, ઘડપણ અને મૃત્યુ. ઘણા લોકો ઘડપણમાં દુઃખી થવા માટે યુવાનીમાં રોગના ખાતામાં દુઃખની થાપણ મૂકી રાખે છે. પાછલી ઉંમરે દુઃખ એમને વ્યાજમુદ્દલ સાથે પાછું મળે છે.

જ્યાં જ્યાં નજર કરીએ ત્યાં એડ્વાન્સ બુકિંગ કરાવીને ઘડપણમાં રોગોનું મ્યુઝિયમ બનીને ખાટલે પડેલાં ખોળિયાં જોવા મળે છે. એમના જીગરજાન દોસ્તનું નામ છે, ગળફો, અમેની ગર્લફ્રેન્ડનું નામ છે, થૂંકદાની. એમની પ્રિયતમાનું નામ છે, પથરી. રવિશંકર મહારાજ વારંવાર કહેતા કે -

"ઘરડમાં ચાલે તે ઘરડો. ઘડપણનું સર્જન સડવા માટે નથી થતું, માણસે ઘરડા નથી થવાનું, પણ વૃદ્ધ થવાનું છે, જે વૃદ્ધિ પામ્યો તે વૃદ્ધ !

પાછલી ઉંમરે સુખી થવાના સચોટ ઉપાયો કયા? ગમે એ ભોગે યુવાનીમાં બેઠાડું જીવન ટાળવું જ રહ્યું. જેટલું ચલાય એટલું ચાલવું અને વળી ઝડપથી ચાલવું.

"ચલના જીવન કા નામ,
ચલતે રહો સુબહ શામ."

પરસેવાના બે પ્રકાર છે :

એક છે, હરામનો પરસેવો અને બીજો છે, ખરી કમાણીનો પરસેવો.

મુંબઈમાં ભેજ એટલો કે આળસુના પીરને પણ પરસેવો વળે. એ હરામનો પરસેવો ગણાય.

શિયાળામાં કોઈ માણસ એકાદ કલાક કસરત કરે અને શરીરે પરસેવો વળે એ ખરી કમાણીનો પરસેવો ગણાય. એ પરસેવો રોગમુક્તિ (Healing)નો ખરો ઉપાય છે. કમાણીનો પરસેવો ઉંમરને ખાઈ જાય છે.

પાછલી ઉંમરે દુઃખી થવાના ઘણા રસ્તા છે. ઑફિસની ખુરશીમાં પોટલું થઈને બેસવું એ પહેલો ઉપાય છે. વ્યસનો વિનાની યુવાની ઘણા લોકોને નથી ગમતી. પૈસા કમાવા સિવાય અન્ય કોઈ વાતમાં રસ ન લેવાની ટેવ યુવાનીને કદરૂપી બનાવે છે. સાહિત્ય, સંગીત, કળા, નાટક અને કવિતા જેવી 'ફાલતુ' બાબતોથી દૂર રહેનારા ઝટ ઝટ સડે છે. આવા લોકોને તાણ નામની વેમ્પ અકાળે ઘરડા બનાવે છે. કેવળ પૈસો કમાનારી વ્યક્તિને સાચી મૈત્રી સાંપડતી નથી. પરિણામે જીવન ઝટ કટાઈ જાય છે.

પુસ્તક વાંચવાની ટેવ હોય એવો સ્ફૂર્તિમંદ વૃદ્ધ કંટાળતો નથી. સંગીતમાં રસ લેનારો વૃદ્ધ નવરાશને શણગારતો જોવા મળે છે. મૈત્રીવૈભવ ધરાવનાર દાદા ખાસા રળિયામણા જણાય છે. અન્ય માટે કશુંક કરી છૂટવા તત્પર એવાં દાદીમા આદરણીય જણાય છે. પારકી પંચાતથી દૂર રહીને નિજાનંદમાં મસ્ત રહેનારા દાદાને ખાલીપો પજવતો નથી. ઘરનાં સંતાનો એમનાથી કંટાળતા નથી. પુત્રવધૂને એમની હાજરી ખટકતી નથી. કેટલાક વડીલોથી પરિવાર કંટાળે છે. એ કંટાળો સાબિત કરે છે કે વડીલ હજી જીવે છે. આવું ઘડપણ અભિશાપ ગણાય.

જે વૃદ્ધ છે એ તબિયતનો રાંક નથી હોતો. પુસ્તકપ્રેમ, કળાપ્રેમ, મનોરંજન, મૈત્રી એ પ્રસન્ન સ્મિતથી શોભતો કરચલિયાળો ચહેરો એમના સમગ્ર જીવનનું ઓડિટ પ્રગટ કરતો રહે છે. આવો વૃદ્ધ છેક છેવટ સુધી પોતે સ્થાપેલી કે ઉછેરેલી સંસ્થાની ખુરશી કે ફેવિકૉલ લગાડીને ચોંટી રહેતો નથી. સંશોધનોએ સાબિત કર્યું છે કે નિયમિતપણે મંદિરમાં જનારા લોકો લાંબું જીવે છે. ભગવાન નામનું ટ્રાન્કિવલાઇઝર જબરી રાહત સાવ ઓછી કિંમતે પહોંચાડે છે. ડ્રગને રવાડે ચડવા કરતાં કૃષ્ણને રવાડે ચડવું સારું.

લાંબા આયુષ્યના શાસ્ત્રને Gerontology કહે છે. આપણા ઘરડા નેતાઓ ઝટ નિવૃત્ત થતા નથી. સત્તા ન છોડવાની એમની ચીટકુ વૃત્તિને [illegible] કહે છે. કટાઈ જવા માટેનો શ્રેષ્ઠ સમય યુવાની છે. ઘરડા થવું એ ગુનો છે. વૃદ્ધ થવું એ વિશેષાધિકાર છે. સતત સમૃદ્ધ થતો રહે તે વૃદ્ધ. વિચારની વૃદ્ધિ અને વિવેકની સમૃદ્ધિ!

ખિસકોલી ઘરડી થાય તોય દોડવામાં ધીમી પડતી નથી. પુષ્પ ખરવાની અણી પર હોય તોય સુગંધ આપવામાં પાછીપાની કરતું નથી. હરણ ગમે એટલું ઘરડું હોય તોય એની દોડવાની ગતિ જળવાઈ રહેતી હોય છે. ઘરડા હાથીનું ગૌરવ પણ છેલ્લી ક્ષણ સુધી અકબંધ રહેતું હોય છે.

જે માણસ મોટી વયે પણ નવું નવું વાંચવાનું, વિચારવાનું અને નિર્મળ આનંદ પામવાનું વ્યસન છોડવા તૈયાર નથી એ ખરા અર્થમાં વૃદ્ધ છે. એવા માણસને 'ઘરડો' કહેવો એ એનું અપમાન છે. અમેરિકાના ફાઇનાન્સિયર બર્નાડ બારુચ કહે છે:

"ઘરડા થવાની ઉંમર
હું આજે છું એનાં
પંદર વર્ષ પછીની જ હોય છે."

■ ■ ■

**[ જે બાલદી કટાઈને કાણી નથી થતી એને છેક છેલ્લે સુધી કોઈ ભીનો સ્પર્શ મળી રહે છે. આ સ્પર્શ જીવનદાયી છે. ]**



**ડૉ. ભગીરથ પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ ઈનીશીયેટીવ કમિટી
બાળકોના ચાહક અને પ્રેરક

# વાદળીઓ વરસોને !





ઉનાળાના દિવસો આવ્યા. બહુ તડકો પડ્યો. નદી સૂકાણી ! તળાવ સૂકાયા ! ક્યાંય પાણીનું નામ નહીં ! બધાંય તરસ્યા મરે !

ત્યાં નીકળી વાદળીઓ !

બિટ્ટુ કહે - 'વાદળીઓ ! વરસો ને !'

'ના રે ના ! વરસવાનું મન નથી !' એક કહી વાદળીઓ ચાલવા લાગી

મમ્મી અને પપ્પા કહે - 'વાદળીઓ ! વરસો ને !' 'ના રે ના ! વરસવાનું મન નથી !' એમ કહી વાદળીઓ ચાલવા લાગી

દાદા અને દાદી કહે - 'વાદળીઓ ! વરસો ને !'

'ના રે ના ! વરસવાનું મન નથી !' એક કહી વાદળીઓ ચાલવા લાગી

બધાંય મૂંઝાયા. ઘણાએ કહ્યું પણ વાદળીઓ કોઈનું કહેવું માને નહીં ! ને વરસે જ નહીં !

તાપ વધ્યો ! તરસ વધી.

બધાય રાહ જોઈ રહ્યા હતાં કે વાદળીઓ વરસે ! બધાય વિનવણી કરી રહ્યા હતાં કે, 'વાદળીઓ વરસો !' પણ વાદળીઓ કોઈનું કહેવું ન જ માની !'

**[ વાદળીઓ, ઝાડના કહેવાથી વરસે છે ! ને આપણે તો મોટાભાગનાં જાડ કાપી નાખ્યાં છે. ]**

આખરે આ બધું જોઈ રહેલું એક સૂકાઈ ગયેલું ઝાડ બોલ્યું - 'વાદળીઓ ! વરસો ને !'

વાદળીઓ દોડતી આવીને વરસવા લાગી ! આ જોઈને બધાંયને સમજાઈ ગયું કે વાદળીઓ, ઝાડના કહેવાથી વરસે છે ! ને આપણે તો મોટાભાગના ઝાડ કાપી નાખ્યાં છે, બધાંને પોતાની ભૂલ સમજાઈ ગઈ !

વાદળીઓ વરસીને ચાલી ઈ પછી બધાએ ઝાડનો આભાર અને માફી માગ્યા. ને પછી બધાંય નવા કેટલાંય ઝાડ વાવવાં લાગ્યાં.

જોતજોતામાં શહેર આખું લીલુંછમ થઈ ગયું.

ત્યાર પછીના વર્ષે વાદળીઓ આવીને સામેથી વરસવા લાગી ! ને બધે આનંદ છવાઈ ગયો ! ■

(સૌજન્ય : કિરીટ ગોસ્વામી)

CAMBRIDGE LEARNING PARTNER
In association with
CAMBRIDGE
Cambridge University Press & Assessment is a non-teaching department of the University of Cambridge
icef CONNECT. RECRUIT. GROW.
Shree Hari has RCIC in team!
RCIC-IRB


shreehari
EDUCATION CONSULTANT PVT. LTD.
Always Fly High ISO 9001 : 2015 CERTIFIED Co.

IELTS • PTE

Student Visa • Visitor Visa
Dependent Visa

Canada PR
Immigration Related Service

Air Ticket • Travel Insurance
Education Loan



CONTACT +91 95740 08581

www.shreehari.in

Meet our experienced counselors

Ahmedabad (HO)
A/403, Shivalik Yash, on 132 ft ring Road, Naranpura, Ahmedabad-380013, Gujarat
+91 95740 08581 info@shreehari.in I For any feedback write us on: feedback@shreehari.in

Our Branches

New Ranip
209, 2nd Floor Megnet Square, New Ranip, Ahmedabad - 382480, Gujarat
+91 90990 09041/42

Nikol
415, Town Plaza, nr. Raspan Arcade, Nikol, Ahmedabad-382350, Gujarat
+91 95121 20068/69

Kalol
234-235, Shukan Avenue Opp. Sindbad Hotel, Kalol-Mehsana Highway Kalol-382721, Gujarat
+91 95740 08595

Mehsana
E/401-417, Joyas Hubtown, Modhera Cross Road, Mehsana - 384002, Gujarat
+91 95740 08598

Patan
1st Floor, LNK College Premises, College Campus, Rajmahal Road Patan - 384265 Gujarat
+91 99987 73040

Rajkot
309-312, Mantra The Neels Sanjayraj, A.G Chowk, Kalawad Road, Rajkot - 360005 Gujarat
+91 77888 00015/16

# પ્રવૃત્તિ અહેવાલ



શૈલેષભાઇ પટેલ
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન



## મા ઉમિયાના દર્શનાર્થે.......

તા. ૨૭-૦૧-૨૦૨૪, મંગળવારના રોજ શ્રી શમશેરસિંઘ - ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ પરિવાર સાથે જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ અને તેઓએ પૂજાપાઠ - આરતી કરી ધન્યતા અનુભવી હતી. ત્યાર બાદ સંસ્થાના વીઝન - મીશન તથા અન્ય પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

## ઉમિયા અદાલત શુભારંભ

સામાજિક / કૌટુંબિક / ધંધાકીય કે અન્ય વિવાદિત પ્રશ્નો બાબતેના ઉકેલમાં સંસ્થા મધ્યસ્થી થઈ અને તે પ્રશ્નોના સમાધાનનું નિરાકરણ સુપેરે થાય તેવા શુભ આશય સાથે સંસ્થા દ્વારા તા. ૨૭-૦૧-૨૦૨૪ ના રોજ ઉમિયા અદાલતનો શુભારંભ કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી તેમજ ઉમિયા અદાલત કમિટીના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.







## કાયમી ટ્રસ્ટી / કારોબારી મીટિંગ

તા. ૨૮-૦૧-૨૦૨૪, રવિવારના રોજ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને સંસ્થાની ટ્રસ્ટી મંડળ તથા કારોબારી મીટિંગ મળેલ. મીટિંગ દરમિયાન હાલની પ્રવૃત્તિઓ, આગામી કાર્યક્રમો તથા અન્ય મુદ્દાઓ ઉપર ચર્ચા - વિચારણા કરવામાં આવી.

## બેટી બચાવો સ્વાભિમાન જગાવો - ધ કેરાલા સ્ટોરી





બેટી બચાવો સ્વાભિમાન જગાવો અંતર્ગત કેરાલામાં લવ-જેહાદનો દુ:ખદ અને ઘાતક અનુભવ થયેલ તે દિકરીઓએ ધી કેરાલા સ્ટોરી મુવીમાં ભૂમિકા અદા કરેલ તે દિકરીઓ ગુજરાત - અમદાવાદમાં પધારેલ ત્યારે તા. ૩૦-૦૧-૨૦૨૪, મંગળવારના રોજ વિશ્વ ઉમિયાધામ અને શ્રી ઉમિયા કે.વી.સી. એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા દિકરીઓમાં જનજાગૃતિ અંતર્ગત ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં દિકરીઓ ઉપસ્થિત રહી હતી.

## મા ઉમિયાના દર્શનાર્થે.......



તા.૦૩-૦૨-૨૦૨૪, શનિવારના રોજ યુથ કાઉન્સિલ કમિટી (યુ.એસ.એ.) ના ચેરમેનશ્રી દિનેશભાઈ પટેલ (ડેની) સાઉથ કેરોલીના ચેપ્ટર ચેરમેન શ્રી રાજ પટેલ, શ્રી સુરેશભાઈ પટેલ (સિલ્વર ટ્રસ્ટી) પરિવાર સહ જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે તેમજ સંસ્થાની મુલાકાતે પધારેલ.

## QMS Audit મીટિંગ





તા.૦૫/૦૬-૦૨-૨૦૨૪, ના રોજ ISO - 9001 : 2015 અંતર્ગત પ્રિ ઓડીટ શ્રી પ્રકાશભાઈ પટેલ - ઓડિટર, શ્રી કનુભાઈ પટેલ - ચેરમેન QMS, શ્રી નિખીલભાઈ પટેલ QMS કો-ઓર્ડિનેટર દ્વારા કરવામાં આવેલ. ઓડિટ દરમિયાન QMS હેડ શ્રી આર. પી. પટેલ તેમજ તમામ પ્રોસેસ ઓનર્સ ઉપસ્થિત રહેલ. જેમાં ક્વોલીટી મેન્યુઅલ, સીસ્ટમ ઓપરેટીંગ તેમજ ડોક્યુમેન્ટેશન સંબંધિત વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી.

## દેશ ક્રિડ્સ સ્કૂલ - દંતાલીના વિદ્યાર્થીઓ મા ઉમિયાના દર્શનાર્થે



તા. ૦૭-૦૨-૨૦૨૪ ના રોજ દેશ ક્રિડ્સ સ્કૂલ - દંતાલીના વિદ્યાર્થીઓ તેમજ તેમનો શૈક્ષણિક સ્ટાફ જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. મા ઉમિયાના નવનિર્મિત મંદિરની ડોક્યુમેન્ટરી ફિલ્મ તથા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

# પ્રવૃત્તિ અહેવાલ



## કારસેવક અભિવાદન અંતર્ગત મીટિંગ

તા. ૦૮-૦૨-૨૦૨૪, ગુરૂવારના રોજ વિશ્વ ઉમિયાધામ, અખિલ ભારતીય સંત સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના ઉપક્રમે કારસેવક અભિવાદન અંતર્ગત ત્રણેય સંસ્થાના હોદ્દેદારશ્રીઓની પૂર્વ આયોજન હેતુ બેઠક મળી.

## કારસેવક અભિવાદન અંતર્ગત પ્રેસ કોન્ફરન્સ મીટિંગ

તા. ૦૯-૦૨-૨૦૨૪, શુક્રવારના રોજ વિશ્વ ઉમિયાધામ, અખિલ ભારતીય સંત સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના ઉપક્રમે કારસેવક અભિવાદન સમારોહ પૂર્વ ઈલેક્ટ્રોનિક્સ મીડિયા પત્રકાર મિત્રોના સહયોગથી સમગ્ર દેશમાં પ્રચાર - પ્રસારણ થાય તે અંતર્ગત પ્રેસ કોન્ફરન્સ મીટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ.પૂ. જગદ્ગુરૂ અવિચલદેવાચાર્ય મહારાજ, શ્રી ગીતાદીદી, સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## મા ઉમિયાના દર્શનાર્થે.......

તા. ૦૯-૦૨-૨૦૨૪, શુક્રવારના રોજ શ્રી હસમુખભાઈ પટેલ - પૂર્વ એક્ઝયુક્યુટીવ એન્જિનીયર, કડી - જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે તેમજ સંસ્થાની મુલાકાતે પધારેલ. સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, તથા સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહી સંસ્થામાં હાલમાં ચાલતી પ્રવૃત્તિઓ તથા વીઝન - મીશનથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

## પાટડી દરબાર મા ઉમિયાના દર્શનાર્થે

તા. ૧૨-૦૨-૨૦૨૪, સોમવારના રોજ યુવરાજશ્રી યશપાલસિંહજી કર્ણીસિંહજી દેસાઈ - પાટડી દરબાર જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે તેમજ સંસ્થાની મુલાકાતે પધારેલ. સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, તથા સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહી સંસ્થામાં હાલમાં ચાલતી પ્રવૃત્તિઓ તથા વીઝન - મીશનથી માહિતગાર કરવામાં આવ્યા હતા.



# કારસેવક અભિવાદન સમારોહ






તા. ૧૦-૦૨-૨૦૨૪ શનિવારના રોજ શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના હુતાત્મા સંતો, ભક્તો અને કારસેવકોના સાદર ઋણ સ્વીકાર અંતર્ગત વિશ્વ ઉમિયાધામ, અખિલ ભારતીય સંત સમિતિ તથા વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં કારસેવકો હાજર રહ્યા હતા. પ્રસંગ દરમિયાન ઉપસ્થિત તમામ કારસેવકોનું સંતો - મહંતો તેમજ સામાજીક અને રાજકીય મહેમાનશ્રીઓ તથા સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિતિમાં શ્રીરામ ભગવાનના મોમેન્ટો અર્પિત કરી ભાવભર્યું સન્માન કરવામાં આવેલ.



મા ઉમિયાના નવનિર્મિત મંદિર સ્થળ પર પ.પૂ શ્રી અવિચલ દેવાચાર્ય મહારાજ તેમજ સંતોએ પૂજા - અર્ચના કરી




શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના ગોધરાકાંડમાં શહીદ થયેલ પ્રહ્લાદભાઈ જે. પટેલ - પાલાવાસણા, મહેસાણાના પરિવારજનોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ



શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના કારસેવકોને સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ દ્વારા ગુલાબના પુષ્પોથી અભિવાદિત કરી સન્માનિત કરવામાં આવ્યા.




કારસેવક સમારોહ દરમિયાન ઉપસ્થિત અખિલ ભારતીય સંત સમિતિ તથા વિશ્વ હિન્દુ પરિષદના તમામ હોદ્દેદારશ્રીઓ, સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાઓએ મા ઉમિયાન દર્શન કરી ધન્યતા અનુભવી.

# સમાચાર



**ડો. રૂપલ પટેલ**
સમાચાર સંપાદિકા



## મા ઉમિયા સન્મુખ શાસ્ત્રોક્ત વિધિવત્ લગ્ન

તા. ૧૨-૦૨-૨૦૨૪ ના રોજ યોજાયેલ મયંક (ભારત) અને કરીના (મેક્સીકો) ના શુભલગ્ન પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ તથા શ્રી અનિલભાઈ વી. પટેલ ઉપસ્થિત રહી બંને નવદંપતિઓને તેમના સફળ લગ્ન જીવન માટે આશીર્વાદ આપ્યા હતા.

## જગતજનની મા ઉમિયાના પ્રાગટ્ય દિવસ વસંતપંચમી નિમિત્તે સામૂહિક આરતી





તા. ૧૪-૦૨-૨૦૨૪, બુધવારના રોજ જગતજનની મા ઉમિયાના પ્રાગટ્ય દિવસ - વસંતપંચમી નિમિત્તે સામૂહિક આરતીનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી પ્રહ્લાદભાઈ પટેલ, બેંક ઓફ બરોડાના જનરલ મેનેજર શ્રી અશ્વિનીકુમાર પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકર્તા ભાઈઓ/બહેનો ઉપસ્થિત રહી મા ઉમિયાની આરતીનો લાભ લીધો હતો.

## માધાપર - કચ્છ જીલ્લામાં મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ





માધાપર - કચ્છ જીલ્લામાં દિવ્યરથના પરિભ્રમણ દરમિયાન સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, શ્રી પ્રવિણભાઈ પટેલ - કો-ચેરમેનશ્રી સંગઠન, શ્રી સંજયભાઈ પટેલ - ચેરમેનશ્રી એડવોકેટ સેલ, શ્રી જયંતિભાઈ પોકાર તથા સંગઠનના કાર્યકર્તા ભાઈઓ / બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર

# કચ્છ જીલ્લા સંગઠન દિવ્યરથ પરિભ્રમણ અભિવાદન સમારોહ



તા. ૨૧-૦૧-૨૦૨૪ થી કચ્છ જીલ્લામાં જગતજનની મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ શરૂ કરવામાં આવેલ તે દરમિયાન સહયોગી બનેલ દાતાશ્રીઓ, સમાજશ્રેષ્ઠીશ્રીઓ તેમજ કાર્યકતાઓનો અભિવાદન સમારોહ તા. ૧૮-૦૨-૨૦૨૪ ના રોજ યોજાયેલ. જેમાં સંસ્થાના પ્રમખુશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી, ડી. એન. ગોલ, ડો. રૂપલબેન પટેલ - ચેરપર્સનશ્રી, મહિલા સંગઠન, શ્રી રસિકભાઈ પટેલ - ચેરમેનશ્રી ઉમાપ્રસાદમ્, પ્રવિણભાઈ પટેલ - કો-ચેરમેનશ્રી સંગઠન, શ્રી સંજયભાઈ પટેલ - ચેરમેનશ્રી એડવોકેટ સેલ, શ્રી જયંતિભાઈ પોકાર તથા સંગઠનના કાર્યકર્તા ભાઈઓ / બહેનો ઉપસ્થિત રહ્યા હતા.







Centre for Excellence

# IAS ACADEMY

## Vishv Umiya Foundation

**માર્ચ મહિનામાં પ્રવેશ પરીક્ષા, એપ્રિલ મહિનામાં નવી બેચ શરૂ થવા જઈ રહી છે**
**વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો. 72020 80202**

**UPSC / GPSC Class 1-2, Dy.SO, STI, PI, Dy. Mamlatdar, Class-3**

- પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચિંગ.
- મેન્ટરશીપ પ્રોગ્રામ.
- નિયમિત ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન.
- લાઈબ્રેરીમાં વાઈ-ફાઈની સુવિધા.
- અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર.

**: સ્થળ :**

**: ગાંધીનગર :**

રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, પ્લોટ નં.-131/A, T.P. No.-9, સ્થાપન -૨ ફ્લેટની નજીક, ખ - રોડ, સરગાસણ, ગાંધીનગર

**Telegram Channel**

@IASACADEMYVUF

- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ UPSC / GPSC તથા અન્ય વર્ગ ૩ માટે વિદ્યાર્થીઓને કોચિંગ મળી રહે તે માટે નિકોલ ખાતે નવી બેચની શરૂઆત ટૂંક સમયમાં થનારી છે.
- જેમાં વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા, ઈન્ટરવ્યુ લઈને તાલીમ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સંસ્થા ખૂબ જ નજીવા દરે વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપશે.
- GPSC વર્ગ-૧-૨ના મોક ઈન્ટરવ્યુ ગાંધીનગર ખાતે ભારત સરકાર તથા ગુજરાત સરકારના અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.
- આગામી સમયમાં UPSC તથા GPSC ની રેગ્યુલર બેચ શરૂ થવા જઈ રહી છે. જે માટે ટૂંક સમયમાં UPSC ના ફોર્મ ભરાવવાના શરૂ થશે. આ માટે સંસ્થાની વેબસાઈટ અને આપેલ નંબર પર સંપર્ક કરવો.
- સંસ્થાના સંગઠનના માધ્યમથી UPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાજના વિદ્યાર્થીઓ વધુમાં વધુ જોડાય તે માટે દરેક જીલ્લા લેવલે સેમિનાર તથા બુકલેટના માધ્યમથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.
- સંગઠનના માળખામાં શિક્ષણનું પ્રચાર અને પ્રસાર વધે તે માટે અલગથી શિક્ષણ સેલ ઉભું કરવામાં આવશે. જેનો મુખ્ય હેતુ સંસ્થા દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેમ કે UPSC / GPSC તથા અન્ય કેરિયર ડેવલોપમેન્ટ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે.

**મુખ્ય કાર્યાલય :** વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિર સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, અમદાવાદ-૩૮૨૭૨૧. મો. ૭૨૦૨૦૮૦ ૨૨૨ / 333
www.vishvumiyafoundation.org I E-mail : contact@vishvumiyafoundation.org. I www.facebook.com/VishvUmiyaFoundation

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

# ક્વોલીટી મેનેજમેન્ટ સિસ્ટમ - QMS

Vishv UMIYA Foundation

## OC - સંસ્થાની સંસ્કૃતિ અને બદલાવનું સંચાલન (Organizational Culture and Change Management)

- OC - સંસ્થાના વ્યક્તિત્વને સંસ્થાની સંસ્કૃતિ કહે છે.
- સંસ્થાના આંતરિક પર્યાવરણ (environment) વડે સંસ્થાના સ્થાયી લક્ષણો બને છે.
- તેનાથી એક સંસ્થા બીજી સંસ્થાથી અનન્ય થાય છે.
- OC ના પરિમાણો (આયામો) :
  1. વ્યક્તિગત સ્વાયત્તતા
  2. સ્થાન, દરજ્જો, પદવી પ્રમાણેનું માળખું (સુપરવાઈઝર ↔ સબ ઓર્ડીનેટ માળખું)
  3. પુરસ્કાર અભિગમ - આ અભિગમ જો ઊંચો હોય તો કર્મચારી / કાર્યકરને વધારે કાર્યક્ષમ બનવા / પ્રશિક્ષિત બનવા પ્રેરિત કરે.
  4. સંસ્થાના સભ્યો એકબીજાને મદદરૂપ થાય તો OC ને હૂંફાળું અને ઉત્તમ કહી શકાય.
  5. ઘર્ષણ : જો ઘર્ષણો માપસર હોય અને મતભેદોને ખુલ્લા મન અને પ્રામાણિકતાથી સ્વીકારવામાં આવે તો OC ઉત્તમ ગણાય.
  6. પ્રગતિશીલ : જો સભ્ય/કર્મચારીના નવા વિચારો/નવી રીતોને સંસ્થાના લાભમાં આવકારવામાં આવે તો કર્મચારી વિકાસનો ઉત્તમ અભિગમ ગણાય.
  7. જોખમ લઈ શકનાર (Risk taking) : હાંસીપાત્ર બનવાના ડર સિવાય કે સજા મળવાના ડર સિવાય નવા અને સારા સિધ્ધાંતોને સંસ્થાની સિસ્ટમમાં દાખલ કરવાની સ્વાયત્તતા હોય તે ઉત્તમ કલ્ચર ગણાય.
  8. શિસ્તના દબાણવાળું, બ્યુરોક્રેટીક, વર્તણૂંક પર વધારે નિયંત્રણોવાળુ, સત્તાના કેન્દ્રીયકરણવાળું OC નિયમનકારી ગણાય. જ્યારે વિકેન્દ્રીકરણવાળું, જાતે લાદેલી શિસ્તવાળું OC મુક્ત ગણાય.

  ઉપર દર્શાવેલ આઠ આયામોના અલગ અલગ મિશ્રણથી સંસ્થાનું ઞ ઘડાય છે. આ આયામો એકબીજાથી સ્પષ્ટપણે અલગ તારવી શકાતા નથી.

- OC - બનાવનારા નિર્ણાયક પરિબળો :

  (1) આર્થિક સ્થિતિ (2) નેતૃત્વનો પ્રકાર (3) સંસ્થાની નીતિઓ (4) વ્યવસ્થાપન મૂલ્યો (5) સંસ્થાનું કાર્ય કરવાનું માળખું (6) સભ્યોના લક્ષણો (સભ્યો, સંકળાયેલ બધા વ્યક્તિઓ) (7) સંસ્થાનું કદ (Size) (8) સામાજીક બદલાવ, વિચારધારાના ફેરફારો (9) દેશ, દુનિયાની આર્થિક ગતિવિધિઓનું પ્રમાણ.

  આ માળખું (Structure) નીચેની પ્રક્રિયાઓ (Process) ના પ્રકાર પર આધાર રાખે છે.

  (a) નેતૃત્વ પ્રક્રિયા (b) પ્રેરણા (Motivation) આપનાર પ્રક્રિયા (c) માહિતી આપ-લેની પ્રક્રિયા
  (d) નિર્ણયો લેવાની પ્રક્રિયા (e) લક્ષ્યો નિર્ધારીત કરવાની પ્રક્રિયા (f) નિયમન (Control) કરનારી પ્રક્રિયા

- વહીવટી (Managerial) વલણો અને મૂલ્યો :

  (વ્યવસાયિક મેનેજરોના સામુહિક વલણો અને મૂલ્યો)
  (1) સ્વાયત્તતા : સંસ્થાના મૂળભૂત સિધ્ધાંતોને અસર કર્યા વગર અપાતી કાર્ય કરવાની સ્વતંત્રતા
  (2) નિષ્પક્ષતા (Fairness, Equity) (3) સુરક્ષા : આર્થિક અને માનસિક (4) તકો અને વિકાસ સંભવિત કરવો

- કઈ રીતે OC અને Ethos જાળવવા ?

  સોસીયાલાઈઝેન પ્રોસેસ : સામાજીકરણ - આ સામાજીકરણ ત્રણ તબક્કામાં આવે છે :
  a. નોકરી આપતી વખતે જે તે કાર્ય માટે વ્યક્તિની Fitness (યોગ્યતા) ખાસ જોવી.
  b. નોકરીમાં આવ્યા પછી વ્યક્તિગત વિચારો / આવશ્યકતાઓ અને સંસ્થાગત OC વચ્ચે સંઘર્ષ થાય તો સંસ્થાની OC માં ઢળવું પડે, અનુકૂળ થવું પડે, પોતાને બદલીને તૈયાર થવું પડે.
  c. જે વ્યક્તિઓ નિષ્ફળ જવા નથી માગતી તે બદલાવ લાવીને OC માં ઢળી જાય છે. આ Metamorphosis છે.

- OC સાથે સામંજસ્ય સાધવાથી વ્યક્તિ Group norms પ્રમાણે કાર્ય કરે છે, જરૂરિયાત પ્રમાણે પોતાને બદલે છે અને સંસ્થા સાથે લાંબો સમય જોડાયેલા રહે છે.
- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાં આ મૂલ્યો અને નીતિઓનું સંવર્ધન કરવાના સંનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

**Kanubhai C. Patel**
Chairman - QMS, VUF

**R. P. Patel**
President - VUF

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

20000+ પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

૭૦ દેશોના લોકોને સારવાર આપનારા

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721

